

# INSTITUTE OF LANGUAGE TEACHING

B.Ed.(English) College, RAJKOT

Grant – in - Aid

# ABOUT ILT



Managed by 120 years old Saurashtra Highschool Trust Institute of Language Teaching is the *Grant-in-Aid* Teacher Education College affiliated with Indian Institute of Teacher Education (IITE).

# Teaching Aptitude

## Prepared by Dr. Jiten Udhas

## અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દા | પાના નં. |
|---|---|---|
| **(૧)** | **કેળવણી** | **૭૯** |
| **(૨)** | **બાળવિકાસ અને તેની જરૂરિયાત** | **૭૯** |
| | (૧) વૃદ્ધિ, વિકાસ, પરિપકવતાનો અર્થ | ૮૦ |
| | (૨) વૃદ્ધિ અને વિકાસનો તફાવત | ૮૦ |
| | (૩) વિકાસનાં વિવિધ તબક્કાઓ | ૮૦ |
| | (૪) સર્વાંગી વિકાસ | ૮૨ |
| | (૫) વિદ્યાર્થીની મૂળભૂત જરૂરિયાતો | ૮૩ |
| | (૬) બચાવ પ્રયુકિતઓ | ૮૫ |
| **(૩)** | **બુદ્ધિમાપન અને શિક્ષણ** | **૮૫** |
| | (૧) બુદ્ધિની સંકલ્પના | ૮૫ |
| | (૨) EQ સાંવેગિક બુદ્ધિમાનાંક | ૮૫ |
| | (૩) SQ આધ્યાત્મિક બુદ્ધિમાનાંક | ૮૬ |
| | (૪) બુદ્ધિમાપનની પ્રક્રિયા | ૮૬ |
| | (૫) બુદ્ધિમાપનની કસોટીઓ | ૮૭ |
| | (૬) બુદ્ધિ કસોટી લેતાં પહેલા ધ્યાનમાં રાખવાના સૂચનો | ૮૮ |
| | (૭) ઝડપી અને ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓના લક્ષણો-પદ્ધતિઓ | ૮૮ |
| **(૪)** | **શિક્ષણ વ્યવહાર** | **૯૦** |
| | (૧) શિક્ષણ વ્યવહારનો અર્થ | ૯૦ |
| | (૨) વર્ગ વ્યવહાર | ૯૧ |
| | (૩) વર્ગ વ્યવહારનાં ઘટકો | ૯૨ |
| | (૪) વર્ગ વ્યવહાર અસરકારક કેવી રીતે બને? | ૯૩ |
| | (૫) શિક્ષકે લક્ષમાં રાખવાની બાબતો | ૯૩ |
| **(૫)** | **શાળા-બાળકોની સમસ્યાઓ-ઉકેલો** | **૯૪** |
| | (૧) શાળાની ભૌતિક સમસ્યાઓ અને ઉપાયો | ૯૪ |
| | (૨) શાળાની સામાજિક સમસ્યાઓ અને ઉપાયો | ૯૫ |
| | (૩) શાળાની આર્થિક સમસ્યાઓ અને ઉપાયો | ૯૫ |
| | (૪) શાળાની શૈક્ષણિક સમસ્યાઓ અને ઉપાયો | ૯૬ |
| | (૫) શાળાના બાળકોની સમસ્યાઓ -કારણો-ઉપાયો | ૯૬ |
| | (૬) ઉદાહરણો | ૯૯ |
| **(૬)** | **કાર્ય-કૌશલ્ય અને પ્રતિબદ્ધતા** | **૯૯** |
| | ◈ કાર્ય-કૌશલ્ય | ૯૯ |
| | (૧) વર્ગ કાર્ય-કૌશલ્ય | ૯૯ |
| | (૨) શાળા કક્ષાનું કાર્ય-કૌશલ્ય | ૧૦૦ |
| | (૩) શાળા શિક્ષણ સિવાયની પ્રવૃત્તિઓનું કાર્ય-કૌશલ્ય | ૧૦૦ |
| | (૪) મા-બાપ અને વાલીઓ સાથેના સંબંધો સ્થાપવાનું કાર્ય-કૌશલ્ય | ૧૦૦ |
| | (૫) સમાજ સાથેના સંબંધોનું કાર્ય-કૌશલ્ય | ૧૦૦ |
| | ◈ પ્રતિબદ્ધતા | ૧૦૦ |
| | (૧) પ્રતિબદ્ધતા ક્ષેત્રનું વિશ્લેષણ | ૧૦૦ |
| | (૨) પ્રતિબદ્ધતાનો પરિચય | ૧૦૧ |
| **(૭)** | **અધ્યયન-અધ્યાપન પ્રયુકિતઓ** | **૧૦૨** |
| | (૧) અધ્યાપન પદ્ધતિઓ | ૧૦૨ |
| | (૨) અધ્યાપન પ્રવિધિઓ | ૧૦૨ |
| | (૩) અધ્યાપન પ્રયુકિતઓ | ૧૦૨ |
| | (૪) અધ્યાપન પ્રવૃત્તિઓ | ૧૦૩ |
| | (૫) અધ્યયન પ્રયુકિતઓ | ૧૦૪ |
| | (૬) અધ્યયન અને તાલીમ | ૧૦૫ |
| | (૭) પ્રત્યાચન | ૧૦૫ |
| | (૮) વ્યકિતત્વ | ૧૦૫ |

# ૧ કેળવણી

કેળવણી વ્યાપક શબ્દ છે જયારે ભણતર સીમિત અર્થમાં વપરાય છે. કેળવણી જન્મથી મૃત્યુ સુધી ચાલતી આજીવન પ્રક્રિયા છે કેળવણી અને શિક્ષણ એક મેકના પર્યાય તરીકે વપરાય છે. કેળવણીના ઔપચારિક અને અનૌપચારિક કેળવણી એવા બે પ્રકાર છે. શાળા મહાશાળાઓમાં અપાતું શિક્ષણ ઔપચારિક છે. ઘર, સમાજ, મિત્ર-મંડળ અને સમૂહ માધ્યમો દ્વારા મળતી કેળવણી અનૌપચારિક છે. કેળવણીના દ્વિધ્રુવીય ગણીએ તો એક ધ્રુવ શિક્ષક અને બીજો ધ્રુવ વિદ્યાર્થી છે જો કેળવણીને ત્રિધ્રુવી ગણીએ તો એક ધ્રુવ વિદ્યાર્થી, બીજો ધ્રુવ શિક્ષક અને ત્રીજો ધ્રુવ સમાજ છે કેળવણીને બહુધ્રુવી ગણીએ તો કેન્દ્રમાં વિદ્યાર્થી છે અન્ય ધ્રુવો, શિક્ષક, અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, શૈક્ષણિક સાધનો, સમાજ વગેરે અન્ય ધ્રુવો છે.

કેળવણીના બે ધ્યેયો છે (1) વ્યકિતગત ધ્યેયો (2) સામાજિક ધ્યેયો. વ્યકિતગત ધ્યેયો વ્યકિતને મહત્ત્વની ગણે છે અને સમાજને ગૌણ. વ્યકિતના વિકાસને મહત્ત્વ આપે છે સામાજિક ધ્યેયોમાં સમાજ મુખ્ય અને વ્યકિત ગૌણ છે વ્યકિતએ સમાજના હિતમાં અંગત સુખોનું બલિદાન આપવું જોઇએ. જોકે હવે બંને પ્રકારના ધ્યેયોના સમન્વયનો સ્વીકાર થાય છે, આ ઉપરાંત શિક્ષણના ધ્યેયોમાં જ્ઞાનનું ધ્યેય, માનસ ઘડતરનું ધ્યેય, ઉપયોગિતાનું ધ્યેય અને સાંસ્કૃતિક ધ્યેય ગણાય છે.

બુનિયાદી શિક્ષણ એટલે કે Basic Education. ગાંધીજીએ શિક્ષણ જગતને આપેલો નૂતન વિચાર છે. તેને 'નઈ તાલીમ' વર્ધા શિક્ષણ યોજના તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમાં ત્રણ H એટલે કે Hand, Head અને Heartની કેળવણી ઉપર ભાર મૂકાયો છે. હાથ, મન અને હૃદયની કેળવણી, બુનિયાદી શિક્ષણમાં વિદ્યાર્થી કેન્દ્ર સ્થાને છે. બુનિયાદી શિક્ષણ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ ઉપર ભાર મૂકે છે. બુનિયાદી શિક્ષણ ચાર બાબતો પર ભાર મૂકે છે (1) સાત વર્ષનું મફત અને ફરજિયાત શિક્ષણ (2) માતૃભાષા દ્વારા શિક્ષણ (3) ઉદ્યોગ દ્વારા શિક્ષણ (4) સ્વાવલંબનનું શિક્ષણ, મેકોલે નામના વિદ્વાને અંગ્રેજી દ્વારા શિક્ષણને મહત્ત્વ આપ્યું હતું.

અભ્યાસક્રમ(Curriculum) અને પાઠ્યક્રમ(Syllabus) બે ભિન્ન બાબતો છે. પાઠયક્રમ અભ્યાસક્રમનો એક ભાગ છે. પાઠયક્રમમાં માત્ર શીખવવાના મુદ્દાઓની નોંધ હોય છે. જયારે અભ્યાસક્રમમાં હેતુઓ, શૈક્ષણિક અનુભવો અને શિક્ષણના વિષય વસ્તુના મુદ્દા આ બધાનો સમાવેશ થાય છે.

હવે પ્રાથમિક કક્ષાએ ક્ષમતાલક્ષી અભ્યાસક્રમ સ્વીકાર પામ્યો છે. તેમાં લઘુતમ સિદ્ધિ Minimum Level of Learning (M.L.L.) નો સમાવેશ થાય છે.

ક્ષમતાલક્ષી અભ્યાસક્રમમાં ક્ષમતાને કોડ નંબર અપાય છે તેમાં પ્રથમ અક્ષર ક્ષમતા ક્ષેત્ર, બીજો અક્ષર ધોરણ અને ત્રીજો અક્ષર ક્ષમતા ક્રમ દર્શાવે છે.

વિદ્યાર્થીને કેવી રીતે શીખવવું આ પ્રશ્નનો ઉત્તર મનોવિજ્ઞાન માનવ અને પ્રાણીઓના વર્તનનું વિજ્ઞાન છે. મનોવિજ્ઞાન બે ગ્રીક શબ્દો Psycho અને Logos શબ્દ ઉપરથી બન્યો છે. શિક્ષણમાં મનોવિજ્ઞાન પ્રયોજવાનું માન પેસ્ટોલોજી નામના મનો વૈજ્ઞાનીકને ફાળે જાય છે. અધ્યાપન મનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં વિદ્યાર્થી, વ્યકિતગત તફાવતો, શિક્ષણ પદ્ધતિઓ, અભ્યાસક્રમ, શીખવાની પ્રક્રિયા, તેજસ્વી અને મંદ વિદ્યાર્થીઓ, માનવીય વિકાસ, અનુકૂલન વગેરેનો સમાવેશ થાય છે.

# ૨ બાળવિકાસ અને તેની જરુરિયાત

## પારિભાષિક શબ્દો

**ચેતાતંત્ર :** ચેતાતંત્ર એક એવી જટિલ રચના છે. જે શારીરિક પ્રક્રિયાને નિયમિત અને નિયંત્રિત કરે છે તથા વ્યકિતના ચેતન અનુભવનાં દરેક પાસાં માટે જવાબદાર હોય છે.

**સંવેગ :** સંવેગ એટલે સમગ્ર ચેતાતંત્રને ખળભળાવી મૂકતી ભય, ક્રોધ, હર્ષ, તિરસ્કાર જેવી માનસિક સ્થિતિને સંવેગ તરીકે ઓળખવામાં આવે છે.

**અવસ્થા:** ગર્ભાધાનથી મૃત્યુ સુધીના બાળકના જીવનનો વિકાસ સમયાનુક્રમમાં એક પછી એક, એમ ચોક્કસ પ્રકારની તરેહ-તબક્કામાંથી પસાર થાય છે તેને વિકાસની અવસ્થા તરીકે ઓળખાવામાં આવે છે. જેમ કે, ગર્ભાવસ્થા, શિશુઅવસ્થા, કિશોરાવસ્થા, તરુણાવસ્થા, પુખ્તાવસ્થા, વૃદ્ધાવસ્થા.

**વારસો :** બાળકને માતા-પિતા તરફથી મળેલા જનીનતત્વો, જે બાળકનાં શારીરિક-માનસિક લક્ષણો નિર્ધારિત કરે છે તેને વારસો કહે છે.

**ઉત્પ્રેરણા :** ઉત્પ્રેરણા એવું વિશિષ્ટ આંતરિક તત્ત્વ છે કે જે પ્રવૃત્તિને ઉદ્દીપ્ત કરે છે અને તેને પોષે છે.

**માનસિક વિકાસ :** બુદ્ધિ, તર્ક, કલ્પના, સ્મરણ, વિચાર, ખ્યાલ, સંવેદનશકિત વગેરેના વિકાસને માનસિક વિકાસ કહે છે.

**ઈન્દ્રિય શિક્ષણ :** મનુષ્યને મળેલા પાંચેય ઈન્દ્રિયોને કેળવવી એટલે ઈન્દ્રિય શિક્ષણ. આ ખ્યાલ મેડમ મોન્ટસોરીએ આપેલો.

**તરુણાવસ્થા:** વિકાસની અવસ્થામાં મહત્વના એવા 12 થી 18 વર્ષના ગાળાને તરુણાવસ્થા કહે છે. આ અવસ્થાને સંક્રાંતિકાળ અને યૌવનપ્રવેશના ઉંબરા તરીકે ઓળખવામાં આવે છે.

**વીરપૂજા:** આ એક પ્રકારની મનોવૃત્તિ છે. જેમાં કોઈને પોતાના મનનો હીરો માની તેની પ્રશંસા કરે છે અને તેનું અનુકરણ કરે છે.

**પરિપકવતા :** પરિપકવતા એટલે એવી પ્રક્રિયા જેના દ્વારા શરીરના જુદા જુદા ભાગો વિકાસની પૂર્ણ કક્ષાએ પહોંચે છે.

**દમન :** સમાજનાં ધારાધોરણોથી વિરોધની ઇચ્છાઓ જેનો સંતોષ શકય નથી, તેને મારીમચડીને અજ્ઞાન મનમાં ધકેલી દેવી.

## ૧. વૃદ્ધિ, વિકાસ અને પરિપકવતાનો અર્થ :

વૃદ્ધિ અને વિકાસ બને એકબીજાના પર્યાય તરીકે વપરાય છે. પરંતુ મનોવૈજ્ઞાનિક દષ્ટિએ બંને વચ્ચે તફાવત રહેલો છે. વૃદ્ધિ અને વિકાસના તફાવતને સમજતા પહેલાં તેનો અર્થ સમજીએ.

વૃદ્ધિનો અર્થ વધવું એવો થાય છે. ગર્ભાવસ્થાથી માંડીને પુખ્તાવસ્થા સુધીમાં વ્યકિતના શરીરનાં વજન, કદ અને આકારમાં થતા વધારાને વૃદ્ધિ કહે છે. વૃદ્ધિ એટલે શરીરનાં અંગોમાં ફેરફાર એવું કહી શકાય. વૃદ્ધિની વ્યાખ્યા આપતા કહી શકાય કે ઉંમર વધવાની સાથે શરીરના વિવિધ અવયવોના વજન, કદ અને આકારમાં થતા ક્રમિક પ્રગતિગામી પ્રમાણાત્મક ફેરફાર એટલે વૃદ્ધિ.

### (૧) વૃદ્ધિનાં લક્ષણો :

૧. વૃદ્ધિની પ્રક્રિયા ગર્ભાવસ્થાથી શરૂ થાય છે.
૨. વૃદ્ધિથી શરીરના અવયવોના વજન, કદ અને આકારમાં ફેરફાર થાય છે.
૩. વૃદ્ધિ પ્રમાણાત્મક અને એકાંગી હોય છે.
૪. વૃદ્ધિ પરિપકવતાનું પ્રથમ પગથિયું છે.
૫. વૃદ્ધિનો આધાર વારસામાં મળેલ જનીનો ઉપર હોય છે.
૬. વૃદ્ધિની પ્રક્રિયા મર્યાદિત હોય છે. નિશ્ચિત ઉંમરે વૃદ્ધિ અટકી જાય છે.

વિકાસ એ વૃદ્ધિ કરતાં જટિલ પ્રક્રિયા છે. વૃદ્ધિને લીધે પ્રાપ્ત થતું સામર્થ્ય એ વિકાસ છે. સમગ્ર દેહતંત્રમાં થતા ફેરફારને વિકાસ કહે છે. ઈલિઝાબેથ હરલોકના મતે વિકાસ એ ગુણાત્મક ફેરફાર છે, પરિપકવતાના લક્ષ્ય તરફ લઈ જતા ક્રમબદ્ધ, સુસંવાદી અને પ્રગત્યાત્મક ફેરફાર એટલે વિકાસ.

### (૨) વિકાસનાં લક્ષણો :

૧. વિકાસ સતત ચાલતી પ્રક્રિયા છે.
૨. વિકાસ ગુણાત્મક ફેરફાર સુચવે છે.
૩. વિકાસ વર્તનમાં ફેરફાર સાથે જોડાયેલ છે.
૪. વિકાસ ચોકકસ ક્રમબદ્ધ હોય છે.
૫. વિકાસ સર્વાંગી - સાંગોપાંગ ફેરફાર સુચવે છે.
૬. વિકાસ પર શિક્ષણ અને તાલીમની અસર પડે છે.

### (૩) પરિપકવતા :

ગર્ભાધાનથી ક્રમશઃ બાળકની વૃદ્ધિ શરૂ થઈ પુખ્તવયે તે ચરમ સીમાએ પહોંચે છે. કોઈપણ પ્રકારની તાલીમ કે અનુભવથી નિરપેક્ષપણે થતી વિકાસની ઘટનાને પરિપકવતા કહે છે. દા.ત. સોની સોનાને પ્રમાણસર ગરમ કરે પછી જ યોગ્ય ઘાટ આપે છે. તે જ રીતે બાળકમાં પણ પરિપકવતાનાં લક્ષણો દેખાવા લાગે ત્યારે જ તાલીમ આપવામાં આવે તો શીખવાની ક્રિયા ઝડપી બને છે. આમ પરિપકવતા એટલે આનુવંશિક લક્ષણોનું ચોક્કસ ઉંમરે આપમેળે થતું પ્રગટીકરણ કે જે બાળકને કાર્ય કરવા માટેની વિકાસની પુખ્તતા દર્શાવે છે.

## ૨.વૃદ્ધિ અને વિકાસનો તફાવત :

દ્ધિ અને વિકાસનો અર્થ સમજ્યા બાદ બંને વચ્ચેના તફાવતને સ્પષ્ટ કરીએ છીએ.

**વૃદ્ધિ:**

૧. શારીરિક ફેરફાર સાથે સંબંધિત છે.
૨. મહદ્અંશે વારસા પર આધારિત છે.
૩. સહજ અને સરળ પ્રક્રિયા છે.
૪. ભૌતિક માપ પદ્ધતિથી માપન થઈ શકે છે. દા.ત. ઉંચાઈ, વજનનું માપન
૫. વૃદ્ધિ અમુક ઉંમરે અટકી જાય છે.
૬. વૃદ્ધિ વિકાસની પૂર્વશરત છે. દા.ત. સ્નાયુનીવૃદ્ધિ
૭. પ્રમાણાત્મક ફેરફાર છે.
૮. શરીરના કોઈ એક અંગ વિશેષનો એકાંગી ફેરફાર સુચવે છે.
૯. બાહ્ય ક્ષમતાઓ સાથે વિશેષ સંબંધ છે.
૧૦. શરીરનાં વજન, કદ અને આકારમાં થતો વધારો એટલે વૃદ્ધિ.

**વિકાસ :**

૧. શારીરિક ઉપરાંત માનસિક ફેરફાર સાથે સબંધિત છે.
૨. વારસા ઉપરાંત વાતાવરણ પર આધારિત છે.
૩. સંકુલ અને જટિલ પ્રક્રિયા છે.
૪. મનોવૈજ્ઞાનિક ઉપકરણો દ્વારા માપ થઈ શકે છે. દા.ત. બુદ્ધિ, સ્મૃતિ, ધ્યાનનું માપન
૫. વિકાસ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે.
૬. વિકાસ વૃદ્ધિની અનુગામી ઘટના છે. દા.ત. બ્રેક મારતા શીખવું.
૭. ગુણાત્મક ફેરફાર છે.
૮. વિકાસ સર્વાંગી સાંગોપાંગ ફેરફાર સુચવે છે.
૯. આંતરિક ક્ષમતાઓ સાથે વિશેષ સંબંધ છે.
૧૦. પરિપકવતા લક્ષ્ય તરફ લઈ જતો ક્રમબદ્ધ, સુસંવાદી અને પ્રગત્યાત્મક ફેરફાર એટલે વિકાસ.

## ૩. વિકાસના વિવિધ તબક્કાઓ :

જન્મથી મૃત્યુ સુધી વિકાસ સતત ચાલ્યા કરે છે. વિકાસની ગતિ એકસરખી રહેતી નથી. અમુક ઉંમરના ગાળ ામાં વિકાસની ગતિ ઝડપી હોય છે, તો અમુક ઉંમરના ગાળ ામાં ગતિ ધીમી પડે છે. આ અમુક વર્ષોના ગાળા કે જેમાં વિકાસની ગતિમાં એક તરેહ કે સાતત્ય જોવા મળે તેને વિકાસની અવસ્થા કે તબક્કાઓ તરીકે ઓળખવામાં આવે છે. જો કે વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. એક તબક્કો પૂરો થાય પછી બીજો તબક્કો શરૂ થાય તેવું કઇ વ્યવહારમાં બનતું નથી. પરંતુ અભ્યાસની સરળતા ખાતર જ નીચેના જેવા વિકાસ તબક્કાઓ પાડવામાં આવેલા છે.

**(૧) ગર્ભાવસ્થા :** આ અવસ્થાનો ગાળો જન્મપૂર્વેથી આશરે નવ મહિનાનો હોય છે. આ નવ માસમાં જેટલી વૃદ્ધિ થાય છે. તેટલી જીવનમાં કોઈ તબક્કામાં થતી નથી. આધુનિક મનોવિજ્ઞાનમાં આ અવસ્થાને ખૂબ જ મહત્ત્વની ગણવામાં આવે છે. માતાનું સ્વાસ્થ્ય, વિચાર અને સાંવેગિક અનુભવોની અસર ગર્ભ થતી હોય છે.

**(૨)શિશુ અવસ્થા :** આ અવસ્થાનો ગાળો જન્મથી માંડીને 5 વર્ષનો હોય છે. જન્મ સમયનું પરાવલંબી બાળક, ધીમે ધીમે સ્વાવલંબી બને છે. શિશુ-અવસ્થા દરમિયાન શારીરિક વૃદ્ધિ તેમજ ખૂબ ઝડપી માનસિક વિકાસનો પણ પ્રારંભ થાય છે. સંવેદન તંત્ર વિકસિત થાય છે. આ અવસ્થાના વિકાસની લાક્ષણિકતાઓ

નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- ◈ પરાવલંબી તરફથી સ્વાવલંબી તરફ ગતિ કરવી.
- ◈ છ મહિનામાં બાળકનું વજન બમણું અને એક વર્ષને અંતે ત્રણ ગણું વધે છે. પિયાજેના મતે 60% બુદ્ધિવિકાસ આ ગાળામાં થાય છે. આમ, આ અવસ્થામાં શારીરિક - માનસિક વિકાસ પ્રબળ હોય છે.
- ◈ ઊંચાઈની બાબતમાં છોકરી કરતાં છોકરાનો વિકાસ ઝડપી હોય છે.
- ◈ સ્વાભિમાન, શકિતશાળી હોવાના ભાવ અને આત્મવિશ્વાસ જોવા મળે છે.
- ◈ તીવ્ર જિજ્ઞાસા જોવા મળે છે. ઈન્દ્રિય અનુભવ દ્વારા જિજ્ઞાસા સંતોષવાનો પ્રયત્ન કરે છે.
- ◈ સંકુલ ચેષ્ટાકીય કૌશલ્યો શીખે છે.
- ◈ રુદન, અર્થહીન ઉચ્ચારો બાદ એક વર્ષે બે ત્રણ શબ્દો બોલે છે.
- ◈ કલ્પનાશીલતા, સંવેદનશીલતા અને એકાંતપ્રિયતા જોવા મળે છે.
- ◈ વર્તન વૃત્તિપ્રેરિત હોય છે. જરૂરિયાતનો તાત્કાલિક સંતોષ ઇચ્છે છે.
- ◈ માતા-પિતા, ભાઈભાંડુ અને અન્ય લોકો પ્રત્યે પોતાનો ભાવાત્મક સંબંધ સ્થાપિત કરતા શીખે છે.
- ◈ શિશુ અવસ્થામાં બાળકના ભાવિ જીવનનો પાયો નખાય છે. સિગ્મંડ ફ્રોઈડ પણ આ અવસ્થાને ભાવિ વ્યકિતત્વ નિર્માણ માટે જવાબદાર ગણે છે.

**➲ શિશુ અવસ્થાને અનુરૂપ શૈક્ષણિક ફલિતાર્થ :**

- ◈ બાળકોના રસ-રુચિને ધ્યાનમાં લઈ શિક્ષણકાર્ય કરવાથી તોફાન કે શિસ્તના પ્રશ્નો દૂર થશે.
- ◈ ઘરના હુફાળા વાતાવરણને છોડી શાળામાં આવતા વિદ્યાર્થી અસહાયપણું અનુભવે છે માટે તેની સાથે પ્રેમપૂર્વક અને લાગણીથી વર્તવું જરૂરી છે.
- ◈ આવું ન કરાય, આમ ન બેસાય, તને આવડશે જ નહીં. જેવા નકારાત્મક સૂચનોને બદલે, આમ કરાય, આમ બેસાય, તને આવડશે જ જેવા હકારાત્મક સૂચનો બાળકને પ્રેરણા પૂરી પાડે છે. શિક્ષા એ શિશુ ને શું ન કરવું તે શીખવે છે. માટે શિક્ષકે સજાને બદલે હકારાત્મક સૂચનોને ઉપયોગ કરવો જોઈએ.
- ◈ પ્રશંસા એ આ ઉંમરના બાળકો માટે ટોનિક જેવું કાર્ય કરે છે. પ્રશંસા કેટલી કરવી, કયારે કરવી અને અન્ય બાળકોમાં લઘુતા ન જન્મે તેનું ધ્યાન રાખીને પ્રોત્સાહન પૂરું પાડવુ.
- ◈ આ ઉંમરના બાળકોમાં રમત પ્રત્યેનો રસ વિશેષ હોય છે. માટે જ્ઞાન સાથે ગમ્મત અને જ્ઞાનવર્ધક રમતોનું આયોજન કરવું જોઈએ.
- ◈ બાળકમાં અનુકરણનું પ્રમાણ વધુ હોઈ, શિક્ષકો અને વડીલોએ આદર્શ વર્તન પૂરું પાડવું જેથી સેટેવો શીખે. મૂલ્યશિક્ષણ પર ભાર મુકવો.
- ◈ બાળક એ વૃત્તિપ્રધાન હોય છે. પોતાના વર્તન પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવતા નથી. માટે તે અમુક વર્તનો વારંવાર કરે છે. ત્યારે તે વર્તનો દૂર કરવા ડર કે ધમકીને બદલે સમજપૂર્વક અને ધીરજપૂર્વક પ્રયત્નો હાથ ધરવા જોઈએ.
- ◈ કલ્પનાશકિત અને જિજ્ઞાસાવૃત્તિનો વિકાસ થતો હોય છે. આ ઉંમરે કલ્પનાશકિત વિકસાવે તેવી વાર્તાઓ, બાળગીતો તૈયાર કરવા-કરાવવા તેમજ જિજ્ઞાસાવૃત્તિને સંતોષવા.
- ◈ ફ્રોઇડની દષ્ટિએ આ અવસ્થા ભવિષ્યના વ્યકિતત્વ વિકાસમાં અગત્યની હોઈ, આ અવસ્થામાં બાળકનો વિકાસ નિયંત્રણયુકત શિસ્તને બદલે કુદરતી રીતે થાય તેવું વાતાવરણ સર્જાવું જોઈએ.
- ◈ કોમળભાવોને સ્પર્શતી આવેગયુકત વર્તનવાળી આ અવસ્થા સાથે કામ પાર પાડવા શિક્ષકે બાળક બનવું પડે છે. તેની લાગણીને મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી સમજી પ્રેમપૂર્વકના વ્યવહારથી કાર્ય કરવું જોઈએ.

**(૩) કિશોરાવસ્થા :**

કિશોરાવસ્થાનો સમયગાળો 6 થી 12 વર્ષનો ગણી શકાય. આ અવસ્થામાં શારીરિક વિકાસમાં ગતિ સ્થિર બને છે. બાળક સ્વાવલંબી બને છે. વાચન, લેખન અને ગણતરીનાં કૌશલ્યોનો વિકાસ થાય છે. પોતાની જાતિના સમવયસ્કો સાથે હળીમળીને રહેતાં શીખે છે. આ અવસ્થાના વિકાસની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણેની દર્શાવી શકાય.

- ◈ શારીરિક વિકાસમાં થોડી સ્થિરતા જોવા મળે છે.
- ◈ ચેષ્ટા કૌશલ્યોનો સંપૂર્ણ વિકાસ થાય છે.
- ◈ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરવા સક્ષમ બને છે.
- ◈ સંગ્રહવૃતિને લીધે ઘણી વસ્તુઓનો સંગ્રહ કરતા શીખે છે.
- ◈ સંઘવૃતિ જોવા મળે છે. ટોળકીઓ બનાવે છે. ઘર બહાર વધુ રહે છે.
- ◈ અનુકરણવૃત્તિ અને જિજ્ઞાસાવૃત્તિ જોવા મળે છે.

**➲ કિશોરાવસ્થાને અનુરૂપ શૈક્ષણિક ફલિતાર્થ :**

- ◈ આ ઉંમરના બાળકોને તેનાં કામો જાતે કરવા દેવા જોઈએ. જેથી તેની સ્વાલંબનની જરૂરીયાત સંતોષાય અને જવાબદારી ઉપાડતા શીખે.
- ◈ કુતૂલહલવૃત્તિ પ્રેરક વર્તનો અટકાવવાને બદલે જિજ્ઞાસા સંતોષાય તેવા પ્રયાસ કરવા જોઈએ.
- ◈ અનુકરણવૃત્તિ જોવા મળતી હોય તેની સામે આદર્શપાત્રોનો પરિચય રજૂ કરવો.
- ◈ ચેષ્ટાકૌશલ્ય વિકાસ માટે તેમજ લડાયકવૃત્તિના ઉર્ધ્વીકરણ માટે વિવિધ સ્પર્ધાઓ-હરીફાઈઓનું આયોજન કરવું જોઈએ.

**(૪) તરુણાવસ્થા :**

તરુણાવસ્થાનો ગાળો 12 કે 13 વર્ષથી 18 કે 19

વર્ષ સુધીનો ગણવામાં આવે છે. તરુણાવસ્થા એટલે ઉત્સાહ, આશા અને કલ્પનાઓનો અસ્ખલિત ફુવારો. નિત નવાં શિખરો આંબવાની ધગશ, તેની વિચારસૃષ્ટિ અને કલ્પનાશકિત બધું જ તેનું પોતાનું, તેનું આગવું હોય છે. ભાવિ યુવાશકિતના ઘડતરનો સમય એટલે તરુણાવસ્થા. આ અવસ્થાને સંક્રાંતિકાળ પણ કહે છે. તરુણાવસ્થા દરમિયાન શારીરિક-માનસિક ફેરફારો જોવા મળે છે. તરુણાવસ્થા સંઘર્ષ, હતાશા અને મૂંઝવણનો ગાળો હોઈ, આ સમયે મનોવૈજ્ઞાનિક માર્ગદર્શનની ખૂબ જરૂર પડે છે. આ અવસ્થાના વિકાસની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- નોંધપાત્ર શારીરિક-માનસિક ફેરફાર થાય છે.
- સજાતીય સમયવયસ્કોની મિત્રાચારી સાથે સાથે, પ્રબળ વિજાતીય આકર્ષણ જોવા મળે છે.
- સ્વાવલંબન અને સ્વાતંત્ર્ય માટેની તીવ્ર ઝંખના જોવા મળે છે.
- પોતાના દેખાવ પ્રત્યે વધુ પડતી સભાનતા અને પ્રભાવ પાડવાના પ્રયત્નો કરે છે.
- વીરપૂજા જોવા મળે છે. વિવિધ મૂલ્યોનો વિકાસ થાય છે.
- બૌદ્ધિક કૌશલ્યના વિકાસ સાથે જાતિગત ભૂમિકા શીખે છે.
- કલ્પનાશીલ અને અતિલાગણીશીલતા જોવા મળે છે.

**➲ તરુણાવસ્થાને અનુરૂપ શૈક્ષણિક ફલિતાર્થ :**

- ક્રોધ, ભય અને જાતીયવૃત્તિ જેવાં સંવેગોનું ઉર્દ્વીકરણ કરવા માટે બાળકને કળા, સાહિત્ય અને રમત-ગમત તરફ અભિમુખ કરવો જોઈએ.
- તરુણના વિચિત્ર લાગતા વર્તનથી પૂર્વગ્રહિત થવાને બદલે. તેની લાગણીઓને મનોવૈજ્ઞાનિક દષ્ટિએ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.
- વિજાતીય વ્યકિત પ્રત્યેના તેના વ્યવહારને શંકાની દષ્ટિએ ન જોતા, આ બાબતે તેમનામાં તંદુરસ્ત દષ્ટિકોણ વિકસે તેવા પ્રયાસો કરવો જોઈએ.
- બાળકો સામે સારા આદર્શ રજૂ કરવા જોઈએ. જેથી પોતાની આદર્શ પ્રતિભા (Igo Idial) ને અપનાવી પોતાની પ્રતિભા વિકસાવવા પ્રેરાય.
- મનોશારીરિક ફેરફાર અને ભાવિ-કારકિર્દીને લગતી અનેક મૂંઝવણોના આ ગાળાને શિક્ષક અને વાલીએ સહિયારા પ્રયત્નોથી સમજવા અને તેની સમસ્યા ઉકેલવા પ્રયાસો કરવા જોઈએ.

**(૫) યુવાવસ્થા :**

20 વર્ષથી 40 વર્ષ સુધીનો ગાળો યુવાવસ્થાનો ગણી શકાય. શારીરિક, બૌદ્ધિક પરિપકવતા જોવા મળે છે. વ્યવસાય અને લગ્ન બાદ, કૌટુંબિક જવાબદારી સાથે સામાજિકતાપણું વધે છે.

**(૬) પ્રૌઢાવસ્થા :**

પ્રૌઢાવસ્થાનો ગાળો 40 થી 60 વર્ષનો ગણી શકાય. આ અવસ્થામાં વ્યકિત સફળતાને ટકાવવાનો પ્રયાસ કરે છે. વ્યકિતમાં શારીરિક-માનસિક શકિતમાં ઘટાડો જોવા મળે છે.

**(૭) વૃદ્ધાવસ્થા :**

60 વર્ષ પછીના ગાળાને વૃદ્ધાવસ્થા કહેવાય છે. શકિત, સ્મૃતિ અને રોગ પ્રતિકાર શકિતમાં ઘટાડો જોવા મળે છે. લાગણીશીલતા વધુ જોવા મળે છે. આર્થિક અસલામતી અને સમય કેમ પસાર કરવો એ પણ વૃદ્ધાવસ્થાની એક સમસ્યા છે. જો યુવાવસ્થામાં યોગ્ય આયોજન કર્યું હોય તો પ્રોઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા સારી રીતે પસાર થઇ શકે છે.

## ૪. સર્વાંગી વિકાસનો અર્થ :

વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ એટલે વિકાસનાં દરેક પાસાનો સમતોલ વિકાસ કરવો. બીજી રીતે કહી શકાય કે, શારીરિક, માનસિક, સામાજિક અને સાંવેગિક એમ તમામ પ્રકારના વિકાસને સર્વાંગી વિકાસ કહી શકાય. વર્ગખંડની ચાર દિવાલોમાં અપાતા શિક્ષણથી જ સર્વાંગી વિકાસ શકય બનતો ન હોઈ, શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીના શારીરિક, સામાજિક, માનસિક અને સાંવેગિક વિકાસને ધ્યાનમાં રાખીને જ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

વિકાસનાં ક્ષેત્રો

| **શારીરિકવિકાસ** | **સાંવેગિકવિકાસ** | **સામાજિકવિકાસ** | **માનસિકવિકાસ** |
|---|---|---|---|
| ઊંચાઈ, વજન, સ્નાયુઓ અને શારીરિક અવયવોનો વિકાસ | ભય,ક્રોધ,ગુસ્સો પ્રેમ, ઈર્ષા, વગેરેની અભિવ્યકિત | માતા-પિતા,મિત્રો શાળા, કુટુંબ સાથેના સંબંધો - સામાજિક વાતાવરણ સાથેનું અનુકુલન | તર્કવિકાસ, સમસ્યા ઉકેલ, સંકલનનો વિકાસ, સર્જનાત્મકતાં વિકાસ, ભાષા વિકાસ |

વિકાસનાં વિવિધ ક્ષેત્રોનું જ્ઞાન અધ્યાપક માટે ખૂબ જરૂરી છે. આપણે વિકાસના તબક્કામાં વિકાસનાં ક્ષેત્રો વિશેની વિસ્તૃત ચર્ચા કરી હોઈ, અત્રે ટૂંકમાં માહિતી મેળવીશુ.

**(૧) શારીરિક વિકાસ :** જન્મથી માંડીને પુખ્ત ઉંમર સુધીમાં શરીરનાં અંગ-ઉપાંગોની વૃદ્ધિ થાય છે. જોકે શરીરના બધાં જ અંગ-અવયવોની વૃદ્ધિ એકી સાથે અને એકસરખી ગતિએ થતી નથી. શરીરના દરેક અંગના પણ વિકાસના તબક્કા હોય છે. ઈલિઝાબેથ હરલોકના મતે બાળકના જન્મથી તે પુખ્તતા પ્રાપ્ત કરે ત્યાં સુધીમાં માથામાં બે ગણો, છાતીમાં અઢીગણો, ધડમાં ત્રણગણો અને હાથમાં ચારગણો અને પગમાં પાંચગણો વધારો થાય છે. છ વરસની ઉંમર સુધીમાં મગજનો વિકાસ લગભગ 90% જેટલો થઈ જાય છે. શારીરિક વિકાસની સાથોસાથે બાળકમાં ચેષ્ટાકીય વિકાસ પણ ક્રમશઃ થવા લાગે છે.

**(૨) માનસિક વિકાસ :** ભાષા, સંસ્કૃતિ, તર્ક, ખ્યાલ, બુદ્ધિ, વિચાર વગેરે માનસિક વિકાસનાં અંગો છે. બાળકના શબ્દભંડોળમાં ક્રમશઃ વધારો થતો જોઈ શકાય છે. બે વર્ષે 272 શબ્દો બોલતો બાળક પાંચ વર્ષે 2000 શબ્દો અને બાર વર્ષે 10,000 શબ્દો બોલી શકે છે. વૃદ્ધિ-વિકાસની સાથે સાથે ગ્રહણશકિતનો વિકાસ થાય છે. બે વસ્તુનો ભેદ પાડતા શીખે છે. પાંચ વર્ષનું બાળક પદાર્થની ઉપયોગિતાને આધારે વ્યાખ્યા આપી શકે છે. આઠ વર્ષે સામાન્યીકરણ કાર્યકારણ સબંધ સ્થાપતા શીખે છે. દસ વર્ષે પદાર્થના રૂપરંગનું વર્ણન કરી શકે છે. આ રીતે માનસિક વિકાસ ક્રમશઃ થતો રહે છે.

**(૩) સાંવેગિક વિકાસ :** સંવેગ વગરનું જીવન રસવિહીન લાગે છે. સંવેગ સમગ્ર ચેતાતંત્રને ક્ષુબ્ધ કરે છે. ક્રોધ, ઈર્ષા, ભય, ધૃણા વગેરે નિષેધક સંવેગો છે. આનંદ, ઉત્સાહ, હર્ષ, પ્રસન્નતા, પ્રેમ વગેરે વિધાયક સંવેગો છે. સંવેગને તંદુરસ્તી સાથે ગાઢ સંબંધ છે. જર્સિલ્ડ સાંવેગિક સ્થિરતાના શિક્ષણ માટે શાળાની ભૂમિકાને મહત્વની ગણાવે છે. શિક્ષક બાળકોને સંવેગ નિયંત્રણ માટેની પ્રેરણા આપી શકે છે. જાતીયતા, બુદ્ધિ, સામાજિક-આર્થિક સ્થિતિ, થાક, મહત્ત્વાકાંક્ષા, કુટુંબનું વાતાવરણ વગેરે સાંવેગિક અભિવ્યક્તિ પર અસર કરે છે.

## ◈ સર્વાંગી વિકાસને અસર કરતા પરિબળો :

**(૧) વારસો :** માતા-પિતામાં અને બાળકમાં જે કઈ સમાનતા જોવા મળે છે. તે વારસો એવું માનવામાં આવે છે. પરંતુ વૈજ્ઞાનિક દષ્ટિએ ગર્ભાધાન સમયે બાળકને માતા-પિતા દ્વારા પ્રાપ્ત રંગસૂત્રોમાં રહેલાં જનીનતત્ત્વો જે બાળકોના શારીરિક-માનસિક લાક્ષણિકતાઓ નકકી કરે તેને વારસો કહેવામાં આવે છે.

બાળકને માતા-પિતા તરફથી વારસામાં જનીનતત્વો મળે છે. આ જનીનતત્ત્વો બાળકનાં મનોશારીરિક લક્ષણો નક્કી કરે છે. બાળકનો દેખાવ, ચામડીનો રંગ, વાળનો રંગ, બ્લડગ્રૂપ, ઉંચાઈ વગેરે વારસા પર આધારિત છે. વૃધ્ધિ-વિકાસને વારસા સાથે ગાઢ સંબંધ છે. શિક્ષકનું કાર્ય બાળકને મળેલી વારસાગત શકિતઓને ઓળખી, યોગ્ય વાતાવરણ પૂરું પાડવાનું છે.

**(૨) વાતાવરણ :** વાતાવરણ માટે પર્યાવરણ શબ્દ પણ વપરાય છે. મનોવૈજ્ઞાનિક દષ્ટિએ વાતાવરણ એટલે ભૌગોલિક વાતાવરણ એવો અર્થ થતો નથી. પરંતુ ગર્ભાધાનથી મૃત્યુ સુધી અસર કરતાં તમામ પરિબળો, પરિસ્થિતિઓ કે ઘટનાને વાતાવરણ તરીકે ઓળખાવે છે. સામાન્ય રીતે વાતાવરણના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે.

➲ **આંતરિક વાતાવરણ :**
ચયાપચયની પ્રક્રિયા, ઉત્સેચકો, વિટામિન, હાજરીના આકુંચન-પ્રસરણ, વિચારક્રિયા વગેરે આંતરિક વાતાવરણનો ભાગ છે.

➲ **બાહ્ય - ભૌતિક વાતાવરણ :**
આપણી આજુબાજુના ભૌતિક પદાર્થો, વૃક્ષ, મકાન, સૂર્ય, વરસાદ, ઠંડી, ગરમી વગેરેનો સમાવેશ ભૌતિક વાતાવરણમાં થાય છે.

➲ **સામાજિક વાતાવરણ :**
અન્ય વ્યકિતની હાજરીથી આપણું વર્તન બદલાય છે. કુટુંબ, જ્ઞાતિના રિવાજો, સંસ્કૃતિ, શાળાનું વાતાવરણ વગેરે સામાજિક વાતાવરણના ભાગ છે. આ સિવાય જન્મ પહેલાંનું અને જન્મ પછીનું એવા બે પ્રકાર વાતાવરણના પાડવામાં આવે છે. જોકે આ પ્રકારો માત્ર અભ્યાસની સરળ સમજૂતી માટે જ પાડવામાં આવેલ છે.

વ્યકિતની શારીરિક લાક્ષણિકતાઓ નક્કી કરવામાં વારસાની ભૂમિકા મહત્ત્વની છે. તેમજ માનસિક શકિતના વિકાસમાં વાતાવરણની ભૂમિકા અગત્યની છે. વર્તનવાદી વોટસન તો ત્યાં સુધી કહે છે કે, મને એક ડઝન તંદુરસ્ત બાળકો આપો, અને અનુકૂળ વાતાવરણ આપો, પછી તમે જે કહેશો તે પ્રમાણે બાળકને ચોર, ભિખારી, વકીલ બનાવી દઈશ.

જો કે માત્ર વારસો કે માત્ર વાતાવરણ એ વ્યકિતત્વ વિકાસ માટે પર્યાપ્ત નથી. પરંતુ બંનેની જરૂરિયાત છે. બંને એકબીજાના વિરોધી નથી, પણ પરસ્પર પૂરક છે. ક્રો અને ક્રો જણાવે છે કે વ્યકિતનું ઘડતર માત્ર વારસાથી કે માત્ર વાતાવરણથી થતું નથી. પરંતુ બંનેની આંતરક્રિયાથી થાય છે.

**(૩) પરિપકવતા :** પરિપકવતા એ પ્રક્રિયા છે. જે દ્વારા દેહના વિવિધ ભાગો તેના વિકાસની સંપૂર્ણ કક્ષાએ પહોંચે છે. પરિપકવતાને કારણે અમુક વર્તન ઉત્પન્ન થવાની શકયતા સર્જાય છે. પરંતુ આ શકયતાને વાસ્તવિકતામાં ફેરવવા માટે શિક્ષણ કે તાલીમ જરૂરી બને છે. પરિપકવતા અને શિક્ષણને ગાઢ સંબંધ છે. પરિપકવતા બાદનું શિક્ષણ અસરકારક બને છે. જેમ કે પગ અને કમરના સ્નાયુ ચાલવા માટે પરિપકવ બન્યા બાદ બાળકને ચાલવાનું શીખવાડવામાં આવે તો ઝડપથી ચાલતા શીખે છે. આથી અહીં એ ખાસ નોંધવું કે પરિપકવતા પહેલાનું શિક્ષણ અસરકારકતા ઘટાડે છે અને બાળકમાં નિરાશા ઉત્પન્ન કરે છે. બાળકને પરિપકવતા પહેલાં સાઈકલ શીખવવામાં આવે ત્યારે શીખી શકતો નથી, નિરાશ થાય છે. મોટા થયા બાદ પણ સાઈકલ શીખવામાં ઉત્સાહ બતાવતો નથી. તેવી જ રીતે પરિપકવતા પછીના સમયે શિક્ષણ આપવામાં આવે ત્યારે પણ અસરકારકતા ઘટે છે. જેમ કે અંગ કસરત, સંગીત કે ભાષાની કાબેલિયત નાનપણમાં જ સારી રીતે આવે છે. મોટી ઉંમરે તેમાં બહું સફળતા મળતી નથી. શિક્ષકોએ આ બાબત ધ્યાનમાં લેવી જોઈએ.

પરિપકવતાથી બાળકનો સાહજિક વિકાસ થાય છે, જયારે શિક્ષણ કે તાલીમથી તેનામાં કુશળતા આવે છે. પરિપકવતા અને શિક્ષણ એ બંને પરિબળો એકબીજાનાં પૂરક છે. આ બંને પરિબળોના સમન્વયથી જ બાળકનો યોગ્ય વિકાસ થાય છે.

**(૪) ઉત્પ્રેરણા :** ઉત્પ્રેરણાએ વિદ્યાર્થીને વિકાસ કરવા માટે ઉત્તેજિત કરે છે. જે પ્રવૃત્તિ માટે પ્રેરે છે. જે વર્તન-વ્યવહારની દિશા નિર્ધારિત કરે છે. પ્રેરણા એ આંતરિક શકિત છે. શારીરિક જરૂરિયાતો, મનોવલણો અને અભિરુચિઓ વગેરે વ્યકિતને પ્રવૃત્તિ કરવા માટે પ્રેરે છે. વ્યકિતની લગભગ બધી જ ક્રિયાઓ પ્રેરકો દવારા ઉત્પ્રેરિત થાય છે. તેથી તેને કાર્ય કરવામાં ગતિ મળે છે. જયાં સુધી ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ ક્રિયા ચાલુ રહે છે. ઉત્પ્રેરણા ત્રણ કાર્ય કરે છે.

(૧) તે કાર્યનો પ્રારંભ કરાવે છે.
(૨) ક્રિયાઓને ગતિશીલતા અપાવે છે.
(૩) જયાં સુધી ધ્યેય પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી ક્રિયાઓને નિશ્ચિત દિશા તરફ દોરે છે.

શારીરિક, માનસિક કે સામાજિક ઉત્પ્રેરણાથી વ્યકિત સતત કાર્યશીલ રહેતો હોય છે. જેથી તેનો વિકાસ થાય છે. આમ, ઉત્પ્રેરણા એ વિકાસ માટેનું એક પ્રેરકબળ છે.

## ૫.વિદ્યાર્થીની મૂળભૂત જરૂરિયાતો - અર્થ અને પ્રકારો

**(૧) અર્થ :**

જરૂરિયાત શબ્દ મહદંશે વંચિતતાથી ઊભી થયેલી

શારીરિક સ્થિતિનો નિર્દેશ કરે છે. મનોવિજ્ઞાનમાં ઈચ્છા, જરૂરિયાત, ઇરણ વગેરે માટે મોટેભાગે પ્રેરણા શબ્દ ઉપયોગમાં લેવાય છે. જરૂરિયાત વ્યકિતને કાર્ય કરવા માટે પ્રેરે છે. જેમ કે ભૂખ્યા માણસ માટે ખોરાક લક્ષ્ય બને છે. તે ખોરાક મેળવવા માટે કાર્ય કરે છે. ખોરાક પ્રાપ્ત થતા રાહતની લાગણી અનુભવે છે. કોઈપણ વર્તન પાછળ કોઇ કે કોઈ જરૂરિયાત જવાબદાર હોય છે. જરૂરિયાતનો સીધેસીધો અનુભવ શકય નથી, પણ તે વ્યકિતના વર્તન પરથી જાણી શકાય છે. જેમ કે કોઈ વ્યકિત સક્રિય રીતે પાણીની શોધમાં હોય તો તે તરસ્યો છે. એમ કહી શકાય. જરૂરિયાતની વ્યાખ્યા આપતા કહી શકાય કે જરૂરિયાત એટલે માનવીને કોઈ ધ્યેયની પરિપૂર્ણતા તરફ દોરી જતું આંતરિક પરિબળ. જરૂરિયાત ઉત્પન્ન થવાથી ધ્યેય સુધી પહોંચવાની પ્રક્રિયાને નીચે પ્રમાણેની આકૃતિ દ્વારા દર્શાવી શકાય.

| | | | | |
|---|---|---|---|---|
| જરૂરિયાતનો | તેને કારણે | તંગદિલી | જરૂરિયાત | તંગદિલી |
| ઉદ્ભવ | ઉદ્ભવતી | દૂર કરવા | નો | માંથી |
| | તંગદિલી | માટે પ્રવૃત્તિ | સંતોષ | રાહત |

**(૨) જરૂરિયાતોના પ્રકારો:**

➲ **શારીરિક જરૂરિયાતો:** શારીરિક જરૂરિયાતો અગત્યની જરૂરિયાતો છે. ભૂખ, તરસ, ઊંઘ, આરામ, જાતીયવૃત્તિ વગેરે શારીરિક જરૂરિયાતો છે. શારીરિક જરૂરિયાતના અસંતોષથી વ્યકિતનાં મન ઉપર માઠી અસર પડે છે. 'ભૂખ્યા પેટે ભજન ન થાય.' તે ઉકિત શારીરિક જરૂરિયાતની પૂર્તિનું મહત્ત્વ દર્શાવે છે. અધ્યાપકે પણ વિદ્યાર્થીની શારીરિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી, અધ્યયનકાર્ય કરાવવું જોઈએ. શારીરિક જરૂરિયાતો સંતોષાઈ ન હોય ત્યારે શિક્ષણ અસરકારક બનતું નથી. તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન રહે છે. આ વાકય પણ શારીરિક જરૂરિયાતોની અગત્યતા દર્શાવે છે. માનસિક તંદુરસ્તીની પૂર્વશરત પણ શારીરિક જરૂરિયાતના સંતોષને ગણી શકાય.

➲ **માનસિક અને સાંવેગિક જરૂરિયાતો :** કેટલાક મનોવૈજ્ઞાનિકો માનસિક જરૂરિયાતોને શારીરિક જરૂરિયાતોનું વિસ્તૃતીકરણ કહે છે. વ્યકિતના શારીરિક વિકાસના પરિણામે મગજની સહાયથી તે વાતાવરણ સાથે આંતરક્રિયા કરે છે. જેમાં બૌદ્ધિક, વૈચારિક તેમજ સર્જનાત્મક જરૂરિયાતો ઉદ્દીપ્ત થાય છે. તેને પરિણામે વ્યકિતમાં લાગણી, પ્રેમ, કદર જેવી જરૂરિયાતો પણ ઉદ્ભવે છે.

માનસિક જરૂરિયાતોમાં સંવેગોને સમાવેશ કરવામાં આવે છે. માનવ પ્રવૃત્તિઓના સંચાલનમાં સંવેગોનો ફાળો અગત્યનો છે. જીવનની કોઈપણ ક્ષણ ભાવવિહોણી હોતી નથી. જીવન વિવિધરંગી છે. તેનું કારણ સંવેગો છે. મનોશારીરિક તંદુરસ્તીમાં સંવેગોની ભૂમિકા અગત્યની છે. સંવેગોની વ્યાખ્યા આપતા કહી શકાય કે સમગ્ર ચેતાતંત્રમાં ખળભળાટ કરી મૂકતો અનુભવ એટલે સંવેગ. ક્રોધ, ભય, શોક, ઈર્ષા, ચિંતા જેવા નિષેધક સંવેગો દુઃખની લાગણી અને પ્રેમ, હૂંફ, કુતૂહલ, હર્ષ, આનંદ, કદર જેવા વિધાયક સંવેગો સુખની લાગણી જન્માવે છે. સાંવેગિક જરૂરિયાત એ સાહજિક છે. સાંવેગિક જરૂરિયાત અમુક ઉંમરે અમુક પ્રકારની જોવા મળે છે. સાંવેગિક જરૂરિયાતોનો સંતોષ શારીરિક-માનસિક સ્વસ્થતા માટે ખૂબ જરૂરી છે. સંવેગોની અભિવ્યકિતમાં અને સંવેગોના નિયમનમાં માતાપિતા અને શિક્ષકોનું વર્તન બાળક માટે મોડેલ બનતું હોય છે. માતા-પિતા અને શિક્ષકોએ બાળકોને દમનને બદલે, શમન કરી સંવેગોનું નિયમન કરતા શીખવવું જોઇએ.

➲ **સામાજિક જરૂરિયાતો :** માનવી સામાજિક પ્રાણી છે. સમાજમાં જ એનો વિકાસ થાય છે. સમાજ તેનું સામાજીકરણ કરી સમાજને અનુરૂપ જીવન જીવતા શીખવે છે. જે પ્રેરણાઓની ઉત્પત્તિ, અભિવ્યકિત અને તૃપ્તિ સમાજ દ્વારા થતી હોય તેને સામાજિક જરૂરિયાત કહી શકાય. સામાજિક સ્વીકૃતિ, સલામતી, પ્રતિષ્ઠા, સામાજિક સિદ્ધ, સહકાર, નેતૃત્વ વગેરે સામાજિક જરૂરિયાતો છે. દરેક વ્યકિત પોતાને અન્ય લોકો સ્વીકારે, સમાજમાં પોતાનો માન-મોભો જળવાય, સામાજિક રીતે સફળ વ્યકિત તરીકેની ગણના થાય અને સમાજમાં પોતાનું યોગ્ય સ્થાન જળવાઈ રહે એવો પ્રયાસ કરતી હોય છે. સામાજિક જરૂરિયાતો જન્મજાત નથી પરંતુ સમાજના પ્રભાવથી આ જરૂરિયાતોનો વિકાસ થાય છે. શાળાકક્ષાએ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીમાં સામાજિક જરૂરિયાતોનો ઉદ્ભવ અને તેનો સંતોષ પ્રાપ્ત થતો હોય છે.

**(૩) જરૂરિયાતોના શૈક્ષણિક ફલિતાર્થ :**

- પ્રાથમિક શારીરિક જરૂરિયાત સંતોષાઈ ન હોય ત્યારે અધ્યાપન અસરકારક બની ન શકે, માટે ભૂખ, તરસ અને આરામ જેવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી અધ્યાપનકાર્યનું આયોજન કરવું જોઈએ.
- જાતીયવૃત્તિની જિજ્ઞાસાને વૈજ્ઞાનિક ખ્યાલ આપીને સંતોષવામાં આવે તો ઘણાં અનિષ્ટો દૂર થઈ શકે છે. બાળકને સર્જનાત્મક પ્રવૃત્તિ તરફ વાળવાથી જાતીયવૃત્તિનું ઉર્ધ્વીકરણ થાય છે.
- શાળામાં ધાકધમકીવાળા વાતાવરણને બદલે પ્રેમાળ હૂંફભર્યું વાતાવરણ બાળકને સલામતી પૂરી પાડે છે.
- મોટી વ્યકિતની જેમ બાળકને પણ સ્વાભિમાન હોય છે. તેનું સ્વમાન જળવાય તે જોવુ. વિજાતીય વ્યકિતની હાજરીમાં થતું અપમાન બાળકના અહમ્‌ને ઠેસ પહોંચાડે છે.
- બાળકમાં પડેલી સુષુપ્ત શકિતઓને જાણી, તેના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડવું જોઈએ.
- સામાજિક સ્વીકાર, સહકાર, પ્રતિષ્ઠા તેમજ નેતૃત્વની જરૂરિયાત સંતોષવા માટે પ્રોજેક્ટ, સેમિનાર, જૂથચર્ચા, પ્રવાસ-પર્યટન તેમજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવું જોઈએ.
- સાંવેગિક અભિવ્યકિત અને સાંવેગિક નિયમન માટે આદર્શ વર્તન પૂરાં પાડવા અને મહાન પુરુષોનાં ચારિત્રયને આદર્શ તરીકે રજૂ કરવા જોઈએ.
- ઉંમર પ્રમાણે અમુક સંવેગો સાહજિક હોય છે. તેને મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.
- શિક્ષાને બદલે પ્રશંસા, પ્રોત્સાહન અને ઈનામ જેવા હકારાત્મક સંદઢકો દ્વારા બાળકને કાર્ય કરવા માટે પ્રેરવા જોઈએ.
- બાળકના સર્વાંગી વિકાસમાં માતા-પિતા પછી શિક્ષકની ભૂમિકા મહત્વની હોઈ, બાળક માટે પ્રેરણાશીલ બની, આદર્શરૂપ ભૂમિકા અધ્યાપકે ભજવવી જોઈએ.

## ૯. બચાવ પ્રયુકિતઓ

હતાશામાંથી બચવા વ્યકિત કામચલાઉ રીતે ઉકેલ મેળવે છે તેને બચવા પ્રયુકિત કહેવાય છે. આક્રમકતા, ક્ષતિપૂર્તિ, તાદાત્મ્ય, ઉર્દ્વીકરણ, પ્રક્ષેપણ કે આરોપણ, ધ્યાન ખેંચવું, અલિપ્તતા, યૌકિતકીકરણ વગેરે બચાવ પ્રયુકિતઓ છે.

| | | |
|---|---|---|
| **(૧) યૌકિતકીકરણ** | : | રમતમાં હારી જનાર કહે છે કે આપણે કયા જીતવું હતું ? |
| **(૨) આક્રમકતા** | : | કામથી કંટાળેલો શિક્ષક બાળકોને ધમકાવે. બાળકને કોઈ ધમકાવે તો તે રમકડું તોડી નાંખે. |
| **(૩) ક્ષતિપૂર્તિ** | : | ભણવામાં સારો દેખાવ ન કરનાર સૌમ્ય સારો ખેલાડી બને છે. |
| **(૪) તાદાત્મ્ય** | : | ફિલ્મમાં વિલનને મારતા હિરોને જોઈ વ્યકિત પોતે હીરો છે એમ સમજી ખુશ થાય છે. અન્યની સફળતાથી પોતે ખુશ થવું. |
| **(૫) ઉર્દ્વીકરણ** | : | પ્રેમમાં નિષ્ફળતા ઉત્તમ કવિ બનવું. |
| **(૬) પ્રક્ષેપણ** | : | ઓછા ગુણ મેળવનાર કહે કે પરીક્ષકો ઉત્તરવહી બરાબર તપાસતા નથી. |
| **(૭) ધ્યાન ખેંચવું** | : | નન્નો ભણવો, કજીયો કરવો. |
| **(૮) અલિપ્તતા** | : | નાપાસ થનાર પોતાના રૂમમાં ભરાઈ રહે. અપાનુકૂલન એટલે અનુકૂલનો અભાવ. |

# 3 બુદ્ધિમાપન અને શિક્ષણ

## પારિભાષિક શબ્દો

| | | |
|---|---|---|
| **વાસ્તવિક ઉંમર** | : | શારીરિક ઉંમર |
| **બુદ્ધિઆંક** | : | માનસિક વય અને શારીરિક વયના ગુણોત્તરને 100 વડે ગુણવાથી મળતા આંકને બુદ્ધિઅંક કહે છે. |
| **માનસિક ઉંમર** | : | બાળકની વાસ્તવિક ઉંમરના પ્રમાણમાં તેની બુદ્ધિકક્ષાને માનસિક ઉંમર કહે છે. |
| **સ્વસંકલ્પના** | : | વ્યકિતનો પોતાના વિશે ખ્યાલ |
| **IQ** | : | Intelligent quotient (બુદ્ધિઆંક) |
| **EQ** | : | Emotional quotient (સાંવેગિક બુદ્ધિ) |
| **SQ** | : | Spiritual quotient (આધ્યાત્મિક બુદ્ધિ) |
| **મેન્યુઅલ** | : | સૂચનાપત્ર, માર્ગદર્શિકા |

આપણા રાષ્ટ્રપતિ ડો. એ. પી. જે. અબ્દુલકલામ વિશે વિચારીએ તો તેઓની બુદ્ધિલબ્ધિ માટે આદર જાગે, આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની કુશાગ્ર બુદ્ધિને યાદ કરીએ, ડો. વિક્રમ સારાભાઈ, કનૈયાલાલ મુનશી માટે દરેકને અહોભાવ જાગે.

સામાન્ય માણસને પણ બુદ્ધિ વિશે વધુ ને વધુ જાણવાની ઈંતેજારી હોય છે. કારણ કે તેમના રોજબરોજના લગભગ પ્રત્યેક જીવન વ્યવહારમાં ઓછેવત્તે અંશે બુદ્ધિ પ્રવેશે છે. અભ્યાસનું ક્ષેત્ર પસંદ કરવું, તેમાં સફળતા મેળવવી, વ્યવસાયની પસંદગી કરવી, તેમાં સિદ્ધિ પ્રાપ્ત કરવી, સમાજની અન્ય વ્યકિતઓ સાથેના વ્યવહારમાં ક્ષમતા પ્રાપ્ત કરવી, ચિંતન દ્વારા વધુ ને વધુ જ્ઞાન પ્રાપ્ત કરવું, અટપટા કૌશલ્યો હાંસલ કરવા - આ સર્વે બાબતોમાં બુદ્ધિ એક અનિવાર્ય ઘટક બનીને સામે આવે છે. જયારે વિદ્યાર્થીની અધ્યયન પ્રક્રિયામાં પાયાના ઘટક તરીકે બુદ્ધિ કાર્ય કરે છે. ત્યારે વિદ્યાર્થીને બુદ્ધિપૂર્વકનું કાર્ય કરતાં શીખવવું, એ શિક્ષક માટે અગત્યનું બની જાય છે. જેથી વિદ્યાર્થી ગમે તેવી જટિલ પરિસ્થિતિમાંથી પણ યોગ્ય માર્ગ કાંઢી સફળતા પ્રાપ્ત કરી શકે.

અધ્યયન પ્રક્રિયા દરમિયાન વર્ગમાં ત્રણ પ્રકારની કક્ષાના વિદ્યાર્થીઓ શીખતા જોવા મળે છે.

(૧) સામાન્ય (૨) તેજસ્વી (૩) ધીમીગતિએ શીખનાર

આથી આ પ્રકરણમાં આપણે બુદ્ધિ અંગે કેટલીક બાબતો શીખીશું. ઉપરાંત વર્ગમાં ઝડપી અને ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓને કેવી રીતે ઓળખવા ? તેમને સહાયભૂત થવા માટે કઈ કઈ પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય ? તે અંગેની સમજ પ્રાપ્ત કરીશુ.

## ૧. બુદ્ધિની સંકલ્પના :

IQ, EQ, SQ ના સંદર્ભમાં બુદ્ધિએ રોજબરોજના જીવનના વ્યવહારમાં વપરાતો અત્યંત પ્રચલિત શબ્દ છે. પરંતુ બુદ્ધિ એટલે શું ? એ પ્રશ્નનો ઉત્તર આપવો કઠિન છે. આ સદીની શરૂઆતથી મનોવૈજ્ઞાનિકોએ બુદ્ધિની વ્યાખ્યાઓ આપવા પ્રયત્ન કર્યો છે અને પરિણામે આજસુધીમાં બુદ્ધિની અનેક વ્યાખ્યાઓ મળી શકી છે. પરંતુ વિદ્વાનો બુદ્ધિ બાબતે આજસુધી એકમત સાધી શકયા નથી. કારણ કે દરેક મનોવૈજ્ઞાનિકોએ બુદ્ધિ અંગે જુદાં જુદાં મંતવ્યો રજૂ કર્યા છે. આ બધી ભિન્નતાનું કારણ એ છે કે બુદ્ધિ બહારથી નિરીક્ષણ કરી શકાય કે માપી શકાય તેવું તત્ત્વ નથી. બુદ્ધિ એક આંતરવર્તી ઘટક છે. આધુનિક સમયમાં બુદ્ધિ એટલે માત્ર IQ (Intelligent quotient) જ નહી પરંતુ EQ (Emotinal quotient) સાંવેગિક બુદ્ધિ, SQ (Spritual quotient) નો સમન્વય છે. એવો મત વિવિધ સંશોધનોના આધારે ફેલાયો છે. ત્યારે નરી આંખે દેખાતું નથી. છતાં વર્તનના નિર્ણાયક પરિબળ તરીકે ભૂમિકા ભજવે છે. તે તત્ત્વ બુદ્ધિને વ્યાખ્યાયિત કરવાનું કામ મુશ્કેલ છે. તેમ છતાં જે પ્રયત્નો થયા છે. તેના આધારે IQ, EQ, SQ, ને સમજવાનો પ્રયાસ કરીએ.

### (૧) બુદ્ધિનો શબ્દકોશીય અર્થ :

સંસ્કૃત ભાષામાં મૂળ ધાતુ બુધ્ છે. તેનો અર્થ થાય છે. જાણવું કે સમજવું. બુધ્ના ક્રિયાત્મક અર્થ ઉપરથી શબ્દ બન્યો છે. બુદ્ધિ. જાણવું કે સમજવું તે મનનો અમૂર્ત વ્યાપાર છે. બુદ્ધિનો અંગ્રેજી પર્યાય intelligence છે. જે લેટિન ભાષામાંથી ઉતરી આવેલો છે. તેનો અર્થ Cognitive Process - જ્ઞાનાત્મક વ્યાપાર એવો થાય છે.

### (૨) બુદ્ધિની સામાન્ય વ્યાખ્યા :

બુદ્ધિએ શીખવા માટેની અને સમસ્યા ઉકેલ માટેની સુષુપ્ત શકિત છે.

## ૨. EQ (Emotional quotient) સાંવેગિક બુદ્ધિ માનાંક :

બુદ્ધિમાનાંકને માત્ર IQ થી નહિ પરંતુ EQ સાથેનું જોડાણ આધુનિક, પ્રવર્તમાન સમયમાં પ્રચલિત બન્યું છે.

વિવિધ પ્રકારના સંશોધનોએ સબિત કર્યું છે કે IQ તર્કસંગત સમસ્યાઓ ઉકેલે છે. ગાણિતિક, ભાષાકીય સમસ્યાઓ ઉકેલે છે. જ્યારે EQ આપણને આપણી પોતાની અને અન્યની લાગણીઓ સમજવા માટે જાગ્રત કરે છે. તથા પરિસ્થિતિને પારખવાની અને સુયોગ્ય વર્તન કરવાની દષ્ટિ આપે છે. આમ EQ (સાંવેગિક) બુદ્ધિ આપણા લાગણીક્ષેત્ર, સંવેગો સાથે જોડાયેલ આંતરિક ઘટક છે. ઘણા મનોવૈજ્ઞાનિકો સાંવેગિક બુદ્ધિને વ્યકિતનાં ભાવાત્મક પાસાઓ સાથે જોડે છે.

IQ ની જેમ EQ માપન માટે હાલ વિવિધ પ્રયાસો થઈ રહ્યા છે (મનોવૈજ્ઞાનિક કસોટી તૈયાર કરવા માટે) સાંવેગિક બુદ્ધિ વ્યકિતના લાગણીજગત સાથે જોડાયેલ હોવાથી કસોટીના જવાબની પ્રામાણિકતાની શકયતા ઓછી થઈ જાય છે. પરિણામે કસોટીની યથાર્થતા, વિશ્વસનીયતા નકકી કરવી કઠિન બને છે.

પરંતુ સંવેગો આપણા વ્યકિતનો, બુદ્ધિનો એક ભાગ છે. આપણું લાગણીજગત આપણા વર્તનમાં પ્રવેશે છે. માટે EQ ના મહત્ત્વને નકારી શકાય નહીં.

વૈજ્ઞાનિકો કહે છે કે મનુષ્યના મગજના બે ભાગ છે. (૧) ડાબું મગજ અને (૨) જમણું મગજ. જેમાં ડાબું મગજ બુદ્ધિમત્તા ધરાવે છે. જો જમણું મગજ વધારે સક્રિય હોય તો તેઓ કલાકાર, સાહિત્યકાર કે સંત બની શકે છે. જ્યારે ડાબું મગજ વધારે સક્રિય હોય તો તેઓ બુદ્ધિજીવી, વૈજ્ઞાનિક, એન્જિનિયર, વકીલ બની શકે છે. શિક્ષકમાં એ આંતરદષ્ટિ હોવી જોઈએ કે પોતાના વિદ્યાર્થીનું વલણ કેવા પ્રકારનું છે. તે જોઈ શકે અને તે પ્રમાણે માર્ગદર્શન આપી મહાન સાહિત્યકાર કે મહાન વૈજ્ઞાનિક બનાવી શકે.

**૩.SQ (Spiritual quotient) આધ્યાત્મિક બુદ્ધિ માનાંકઃ**

આગળ દર્શાવ્યા મુજબ પ્રવર્તમાન સમયમાં મનોવૈજ્ઞાનિકો, સંશોધકો બુદ્ધિને માત્ર IQ ના સંદર્ભના મૂલવતા IQ, EQ અને SQ ના સંદર્ભમાં મૂલવે છે.

SQ (આધ્યાત્મિક બુદ્ધિ) સમજવા માટે નીચેનાં વિધાનો સમજવાનો પ્રયાસ કરો.

૧. મારા જીવનની અગત્યની બાબતો કઈ છે ?
૨. મારા અન્ય વ્યકિત સાથેના સંબંધો સંતોષકારક છે ?
૩. મારી જોબ મને સંતોષ આપે છે ?
૪. મારા જીવનનો હેતુ શો છે ?

આમ, ઉપર્યુકત વિધાનો આપણને આપણા જીવનનો હેતુ, જીવનની ફિલસૂફી સમજવવાનો પ્રયાસ કરે છે. જીવનને અર્થમય બનાવવા માટે આધ્યાત્મિક પાસુ એટલી જ અગત્ય ધરાવે છે. વિશેષ IQ ધરાવનાર વ્યકિતમાં આધ્યાત્મિક બાબતની ઉણપ જણાય તો તેનું જીવન સુષ્ક બની જાય છે.

સંશોધકોના તારણો બતાવે છે કે, વ્યકિત અઠવાડિયામાં એક વખત પણ આધ્યાત્મિક કાર્યક્રમમાં જોડાય તો અંદાજે સાત વર્ષની આયુ વધે.

આધુનિક આધ્યાત્મિક બુદ્ધિનો ખ્યાલ વેદાંત સૂત્ર સાથે જોડાયેલ છે.

આધ્યાત્મિક બુદ્ધિ જરૂર જણાયે નવીન પરિસ્થિતિ સર્જવા માટે પ્રેરિત કરે છે.

આમ, બુદ્ધિને માત્ર IQ ના સંદર્ભમાં ના સમજતાં બુદ્ધિ એટલે IQ, EQ, SQ ના સંદર્ભમાં સમજવી વિશેષ જરૂરી છે.

શું સારું ? અને શું ખરાબર ? કયાં કાર્યના કેવા પરિણામ આવશે, એ વિચારવાની શકિત માત્ર મનુષ્યમાં જ છે અને તે છે. આધ્યાત્મિક શકિત. આ શકિત જ સર્વોપરી છે. બુદ્ધિ અને લાગણીઓ પર વિજય મેળવી શકે તેવી એ સમર્થ છે. આધ્યાત્મિક શકિતના વિકાસથી મનુષ્ય પોતાની સામાન્યતામાંથી ઊઠીને મહાન બની શકે છે. શિક્ષકથી પોતાના વિદ્યાર્થીઓમાં બુદ્ધિમતા, ભાવાત્મકતા અને આધ્યાત્મિકતા જાગ્રત નહિ થાય ત્યાં સુધી નિર્માણકારી શિક્ષણ સર્જાશે નહીં.

**૪. બુદ્ધિમાપનની પ્રક્રિયા :**

આધુનિક યુગમાં સામાન્ય જનસમુદાયમાં બુદ્ધિઆંક શબ્દ ઘણો પ્રચલિત થયો છે. પણ શી રીતે માપાય છે અને તેનું અર્થઘટન કરતી વખતે શી-શી સાવચેતીઓ રાખવી જરૂરી છે. તે ઘણા ઓછા લોકો જાણે છે.

ફ્રાંસના બે મનોવૈજ્ઞાનિકો ડો. આલ્ફ્રૂડ બિને અને તેના શિષ્ટ સાયમને 1905 માં બુદ્ધિમાપન કાર્યનો પ્રારંભ કર્યો હતો અને તે માટે જરૂરી બુદ્ધિમાપન કસોટીઓ તૈયાર કરી હતી. અંગ્રેજી ભાષામાં રચવામાં આવેલ સ્ટેનફોર્ડ-બિને કસોટી પ્રથમ શાસ્ત્રીય રીતે પ્રમાણિત કરાયેલી બુદ્ધિ કસોટી છે. શાળામાં વિદ્યાર્થી શિક્ષણકાર્યમાં કેટલી પ્રગતિ કરી શકશે તે અંગે ઘણી વિશ્વસનીય રીતે આગાહી આ કસોટી દ્વારા થઈ શકે છે.

ડો. બિને અને સાયમન બુદ્ધિશકિત અંગે બે પ્રકારની સમજ ધરાવતા હતા.

(૧) બુદ્ધિ અમૂર્ત શકિત ભલે હોય પણ અજ્ઞાત તો નથી જ કેમ કે બાળકનાં વર્તન-વ્યવહાર અને બૌદ્ધિક સંબંધોમાં સતત તેની બુદ્ધિ પ્રગટ થયા જ કરતી હોય છે.

(૨) બાળક પોતાના વર્તન-વ્યવહારથી પોતાની શાબ્દિક શકિતઓ અને કાર્યકુશળતા પ્રગટ કરે છે. તેથી બાળકો તેની ચોક્કસ ઉંમરે શાબ્દિક અને ક્રિયાત્મક કેટલું જ્ઞાન ધરાવવે છે. તે જાણવાથી બુદ્ધિશકિત માટેની માનસિક વયકસોટી તૈયાર થઈ શકે છે. આ બંને મનોવૈજ્ઞાનિકોએ બાળકોની માનસિક ઉંમર જાણવા માટે 30 જેટલા પ્રશ્નોની એક કસોટી તૈયાર કરી. તેમાં પ્રથમ સહેલા અને પછી અઘરાપણું આવતું ગયું. આ રીતની કસોટીઓ તૈયાર કરી તેનો ઉપયોગ કરવામાં આવ્યો. તે ઉપરથી માનસિક ઉંમરનો ખ્યાલ પ્રાપ્ત થયો.

**(૧) માનસિક ઉંમર અને વાસ્તવિક ઉંમર:**

➲ **માનસિક ઉંમર :** આઠ વર્ષના બાળક માટેની કસોટી તૈયાર કરી હોય અને નવ વર્ષના બાળકને આપવામાં આવે અને તેના જવાબો તે સંતોષકારક રીતે આપી શકે તો તેની માનસિક ઉંમર આઠ વર્ષની જ ગણાય અને બાળક આ કસોટીમાં યોગ્યતા ન બતાવે પણ સાત વર્ષની કસોટીમાં પૂર્ણ યોગ્યતા બતાવે તો તેની માનસિક ઉંમર સાત વર્ષની જ ગણાય, ભલે તેની શારીરિક ઉંમર આઠ વર્ષની હોય, આમ, શારીરિક કે વાસ્તવિક ઉંમર અને માનસિક ઉંમર બંને અલગ છે. વાસ્તવિક ઉંમર કરતા માનસિક ઉંમર વધુ હોય, તો વધુ બુદ્ધિ ગણાય અને જે ઓછી હોય તો સામાન્ય કરતાં ઓછી ગણાય.

➲ **વાસ્તવિક ઉંમર :** જન્મતારીખથી કસોટી આપવામાં આવે તે બે વચ્ચેનો ગાળો વાસ્તવિક ઉંમર યા શારીરિક ઉંમર ગણાય છે. તેથી વાસ્તવિક ઉંમર વધુ હોય અને તેની

માનસિક ઉંમર ઓછી હોઈ શકે છે. તે રીતે માનસિક ઉંમર વધુ હોય અને વાસ્તવિક ઉંમર ઓછી હોઇ શકે છે. આ તફાવત કસોટી આપીને જ નક્કી કરી શકાય છે.

**(૨) બુદ્ધિઆંક :**

સ્ટેનફર્ડ યુનિવર્સિટીના અધ્યાપક ટર્મને બુદ્ધિ અંગેના અનેક પ્રયોગો કરીને બાળકનો બુદ્ધિઆંક શોધવાનું સૂત્ર તૈયાર કર્યુ છે. તેમણે નક્કી કર્યુ કે જો માનસિક ઉંમરને વાસ્તવિક ઉંમર વડે ભાગવામાં આવે અને તેને 100 વડે ગુણવામાં આવે તો તેનો બુદ્ધિઆંક તારવી શકાય છે. અહીં પ્રશ્ન થાય છે કે, 100 આંક જ શા માટે ? સમાધાન એવું થઈ શકે કે સામાન્ય બુદ્ધિ ધરાવતી વ્યકિતઓનો બુદ્ધિઆંક 100 હોય છે. કેમ કે તેની માનસિક ઉંમર અને શારીરિક ઉંમર સરખા હોય છે.

જેમ કે 10 વર્ષની કુમારી લીલાને 10 વર્ષની માનસિક કસોટી આપવામાં આવે તેમાં તે પૂર્ણ સફળતા પ્રાપ્ત કરે તો બુદ્ધિઆંક આ પ્રમાણે આવે. લીલાની

$$\frac{\text{માનસિક ઉંમર}}{\text{શારીરિક ઉંમર}} \times 100 = \frac{10}{10} \times \frac{100}{1} = 100 \text{ બુદ્ધિઆંક}$$

પરંતુ શારીરિક ઉંમર 10 હોય અને 12 વર્ષની માનસિક ઉંમરની કસોટી તેને આપવામાં આવે, જેના તમામ જવાબ પૂર્ણ કરી શકે તો બુદ્ધિઆંક નીચે પ્રમાણે આવે.

$$\frac{\text{માનસિક ઉંમર}}{\text{શારીરિક ઉંમર}} \times 100 = \frac{12}{10} \times \frac{100}{1} = 120 \text{ બુદ્ધિઆંક}$$

તેથી લીલાની વિશેષ બુદ્ધિ ગણાય. આમ,

$$\text{બુદ્ધિઆંક} = \frac{\text{માનસિક ઉંમર}}{\text{વાસ્તવિક ઉંમર}} \times 100$$


બુદ્ધિકક્ષાને આધારે મનોવૈજ્ઞાનિકોએ માણસોનું વર્ગીકરણ કરેલ છે. એક નમૂનો નીચે પ્રમાણે છે.

| બુદ્ધિઆંક | બુદ્ધિકક્ષા | લોકસમૂહના ટકા |
|---|---|---|
| 140 થી વધુ | અતિ ઉતમ બુદ્ધિ | 1.0 |
| 130 થી 139 | અતિવિશેષ બુદ્ધિ | 2.5 |
| 120 થી 129 | વિશેષ બુદ્ધિ | 8.5 |
| 110 થી 119 | અધિક સામાન્ય બુદ્ધિ | 16.0 |
| 90 થી 109 | સામાન્ય બુદ્ધિ | 45.0 |
| 80 થી 89 | ન્યૂન બુદ્ધિ | 16.0 |
| 70 થી 79 | અધિક ન્યૂન બુદ્ધિ | 8.0 |
| 60 થી 69 | મંદ બુદ્ધિ | 2.5 |
| 60 થી ઓછા | મુઢ બુદ્ધિ | 1.0 |

ઉપર્યુકત દર્શાવેલ વિસ્તારણનું પૃથકકરણ કરતાં જણાશે કે સામાન્ય બુદ્ધિશાળી વ્યકિતઓનું પ્રમાણ લગભગ અડધું છે. જયારે અતિ ઉતમ બુદ્ધિકક્ષાવાળી પ્રતિભાશાળી વ્યકિતઓ 100 માંથી 1 જેટલી જ હોય છે.

## પ. બુદ્ધિમાપન કસોટીઓ

બુદ્ધિ માપવા માટે બુદ્ધિમાપન કસોટીઓ દ્વારા પરોક્ષ રીતે માપન કરવું પડે છે. આ કસોટીઓના તે માપવાની રીત, તેમાં સમાવિષ્ટ પ્રશ્નો તથા તેના ઉત્તરો આપવાની રીત અનુસાર જુદા જુદા પ્રકાર પાડવામાં આવેલ છે.




**(૧) વ્યકિતગત કસોટીઓ :**

એક જ સમયે માત્ર એક જ વ્યકિતને આપી શકાય તેવી કસોટીને વ્યકિતગત કસોટી કહે છે. આમાં ઉતરદાતા કસોટીનો ઉકેલ શોધવા કેવી મથામણ કરે છે, તેના મનોભાવો વગેરેનું કસોટી લેનાર નિરીક્ષણ કરે છે, અને તેના આધારે તટસ્થ મૂલ્યાંકન કરે છે.

ડો. એન. એન. શુકલ, ડો. જે.એચ. શાહ અને ડો. કામઠની કસોટી આ પ્રકારની છે.

**(૨) સામૂહિક કસોટીઓ :**

આ પ્રકારની કસોટીઓ છાપેલ પ્રશ્નાવલીના સ્વરૂપમાં હોય છે. પ્રશ્નોના જવાબો આપવાની સૂચના પણ તેમાં આપવામાં આવે છે. તેના જવાબો લેખિત સ્વરૂપમાં આપવાના હોય છે. તેથી પરીક્ષક એક સમયે એકથી વધુ વ્યકિતઓને કસોટી આપી શકે છે. દેસાઇ-ભટ સમૂહબુદ્ધિ કસોટીઓ, દવે-જયોતિ રચિત કસોટીઓ આ પ્રકારની છે.

**(૩) શાબ્દિક કસોટી :**

જે કસોટીના ઉતર આપવા ભાષાનો પ્રયોગ કરવો પડતો હોય તે શાબ્દિક કસોટીઓ છે. શાબ્દિક કસોટીઓ વ્યકિતગત કે સામૂહિક હોઇ શકે છે. આ કસોટી દ્વારા વિદ્યાર્થીનું શબ્દપ્રભુત્વ, અર્થઘટન કરવાની ક્ષમતા, ગાણિતિક શકિત, તર્કશકિત માપી શકાય છે. શાબ્દિક કસોટીઓ કેટલીક વ્યકિતઓ માટે વાપરી શકાતી નથી. જેમ કે જેમની ભાષાશકિત સંપૂર્ણ વિકસી ન હોય તેવાં બાળકો, કસોટીની ભાષા જાણતા ન હોય તેવાં બાળકો, અશિક્ષિત બાળકો અને બોલવા-સાંભળવાની અક્ષમતા ધરાવનાર બાળકો.

ડો. કે. જી. દેસાઈ, શ્રી એ.જે. જોષી વગેરેએ શાબ્દિક કસોટીઓ રચી છે. આવી કસોટીઓના કેટલાક લાક્ષણિક નમૂના નીચે પ્રમાણે છે.

➲ **શાબ્દિક વ્યકિતગત કસોટી :**

૧. વાકય ફરી બોલવું
૨. બે આંકડા ફરી બોલવા
૩. અધૂરા વાકયને પૂરું કરવું
૪. સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દો આપવા
૫. શબ્દોનું વર્ણન કરવું
૬. સમાનતા અને ભિન્નતા સ્પષ્ટ કરવી
૭. બે પદાર્થો વચ્ચેનું સામ્ય સ્પષ્ટ કરવુ
૮. નાના નાના તર્કયુકત કોયડાઓ ઉકેલવા

➲ **શાબ્દિક સમૂહ કસોટી :**

૧. તર્કયુકત પ્રશ્નોના ઉત્તર આપવા
૨. ક્રમશ્રેણી પૂરી કરવી
૩. કહેવતોના અર્થ આપવા.
૪. કઠિન શબ્દોના અર્થ આપવા
૫. સરખો તેમજ ઉલટો સંબંધ દર્શાવવો
૬. ચિત્રોનું વર્ણન કરવું

### (૪) અશાબ્દિક કસોટી :

આ પ્રકારની કસોટીમાં ભાષાનો પ્રયોગ કરવો પડતો નથી. આ કસોટીમાં ચિત્રો કે આકૃતિઓ આપેલા હોય છે. બાળકે સૂચના અનુસાર જરૂરી ચિત્રો કે આકૃતિઓ દોરવાનું, વર્ગીકરણ કરવાનું કે બે આકૃતિઓ વચ્ચે સંબંધ પ્રસ્થાપિત કરવાનો હોય છે. આ પ્રકારની કસોટીઓ જેની ભાષાશકિત યોગ્ય રીતે વિકસી ન હોય, પરીક્ષક અને પરીક્ષાની ભાષા સમજી શકતા ન હોય, તેમજ નાનાં બાળકો માટે ખૂબ અનુકૂળ છે. આ પ્રકારની કસોટી વ્યકિતગત કે સામૂહિક હોઈ શકે છે.

ડો. એન. એન. શુકલ તેમજ ડો. જી.બી. શાહની કસોટી આ પ્રકારની છે.

### (૫) ક્રિયાત્મક કસોટી :

આ પ્રકારની કસોટીમાં વ્યકિતને અમુક નિશ્ચિત સમયમાં ખાસ પ્રકારનું કાર્ય સોંપવામાં આવતું હોય છે. બાળકને ચિત્ર કે સાધનોના છૂટા ભાગને વ્યવસ્થિત ગોઠવવાનું અથવા જોડવાનું કહેવામાં આવે છે. તે કેટલી ઝડપથી, કેવી રીતે, કેટલી જટિલ ક્રિયા કરી શકે છે. તેના પરથી તેની બુદ્ધિમતા નક્કી થાય છે.

ડો. ભાટિયાની, શ્રીમતી પ્રમિલા ફાટકની માણસદોરો કસોટી, પી.ડી. પટેલની માણસદોરો કસોટી વગેરે આ પ્રકારની કસોટીઓ છે.

અશાબ્દિક અને ક્રિયાત્મક કસોટીના પ્રશ્નો :

૧. મણકાને અમુક ક્રમમાં ગોઠવવા
૨. ચિત્રમાં પૂરતી વિગતો શોધવી.
૩. લાકડાના ઘન ટુકડા (બ્લોકસ) ને ગોઠવવા, ગણવા
૪. ચિત્રાત્મક ભુલભુલામણીમાં સાચો માર્ગ શોધવો.
૫. લાકડાના ટુકડાઓ ગોઠવી આકારો બનાવવા.
૬. આપેલા ચિત્રો કે ડિઝાઈનોમાંથી સમાન વિગતોથી જુદી પડતી વિગતોને છુટી પાડવી.

ઉપર્યુકત દર્શાવેલ બુદ્ધિમાપન કસોટીઓ વાપરવાની રીત સરળ હોય છે. દરેક પ્રકારની બુદ્ધિકસોટી સાથે તેનો ઉપયોગ કરવાની રીત સમજાવતું મેન્યુઅલ હોય છે. તે અનુસાર કસોટી લેવાથી વિશ્વસનીય અને સાચાં પરિણામો મેળવી શકાય છે.

## ૬. બુદ્ધિકસોટી લેતા પહેલાં ધ્યાનમાં રાખવાની સૂચનાઓ :

૧. કસોટી લેવાનો જે સમય જાહેર કર્યો હોય તે જ સમયે કસોટી લેવી જોઈએ. પરીક્ષકે નિર્ધારિત સમયથી 15 મિનિટ પહેલાં સ્થળે પહોંચી જવું જોઇએ.
૨. કસોટીપત્રો વહેંચતા પહેલાં વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડવી જોઈએ તથા તેમને ભયમુકત કરવા સ્પષ્ટ રીતે કહેવું જોઈએ કે આ તમારી પરીક્ષા નથી માટે આસપાસનો ભય રાખ્યા વગર ઉત્તરો લખવાના છે.
૩. કસોટીપત્રો આપતા પહેલાં કસોટી કયારે ખોલવાની છે? કયારે લખવાની શરૂઆત કરવાની છે ? કયારે લખાણ બંધ કરવાનું છે ? જવાબ કેવી રીતે આપવા વગેરે વિગતો સમજાવવી જરૂરી છે.
૪. એકબીજાની નકલ કર્યા સિવાય પોતાને આવડે એ જવાબો લખવા માટે સૂચવવું.
૫. ત્યારબાદ કસોટીની વહેંચણી કરવી, ઉત્તરપત્રો જુદા આપવા અને સૂચના આપવી કે જવાબ સાથેના ઉત્તરપત્રમાં લખવા.
૬. ત્યારબાદ લખવા માટે તૈયાર રહેવા સૂચન આપો. શરૂ કહેતાં જ લખવાનું શરૂ કરવા કહેવું.
૭. વિદ્યાર્થીઓ જવાબ લખતા હોય ત્યારે તેમની વચ્ચે ફરતા રહી નિરીક્ષણ કરો.
૮. નિર્ધારિત સમય થતા લખવાનું બંધ કરવા સ્ટોપનો આદેશ આપો તથા સૌ તે પેન્સિલ ટેબલ પર મૂકી દેવા કહો.
૯. કસોટીના ઉત્તરોના લખાણની શરૂઆત કરાવતા પહેલાં કસોટીના મુખપૃષ્ઠ પર વિદ્યાર્થીની સામાન્ય માહિતી અચૂક ભરાવવી.
૧૦. સૌના ઉત્તરપત્રો અને કસોટીઓ ઉઘરાવી લો.
૧૧. સૌનો આભાર માનો અને અવાર-નવાર સહકાર આપવા અનુરોધ કરો.
૧૨. ઘરે લઈ જઈ મેન્યુઅલ અનુસાર ઉતરોની ચકાસણી કરો. દરેક ઉત્તરપત્ર પર સાચા ઉતરોની સંખ્યા નોંધો.
૧૩

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ઉંમર | કસોટી પર મેળવેલ પ્રાપ્તાંક | પ્રાપ્તાંકના આધારે બુદ્ધિઆંક | રિમાર્ક |
|---|---|---|---|---|---|
| | | | | | |

ઉપર્યુકત મુદ્દાને ધ્યાનમાં રાખી પત્રક બનાવો.

૧૪. ત્યારબાદ વિદ્યાર્થીની માહિતી પત્રકના ખાનામાં ભરો અને સૌનો બુદ્ધિઆંક ગણી કાઢો અને બુદ્ધિઆંક વર્ગીકરણના કોષ્ટક પરથી બાળકોને યોગ્ય સ્થાન આપો.
૧૫. રિમાર્ક્સના ખાનામાં બુદ્ધિઆંકના આધારે ઉચ્ચ બુદ્ધિ, સામાન્ય બુદ્ધિ, ન્યૂન બુદ્ધિ વગેરે રિમાર્કસ લખો.
૧૬. બુદ્ધિ કસોટીનાં પરિણામો વિદ્યાર્થીને જણાવવાથી તેનામાં લઘુતા-ગુરુતાના ભાવ જન્મતા હોય, તો અધ્યાપકે તે પરિણામો તેને ન જણાવતા શૈક્ષણિક કાર્યના આયોજનમાં ઉપયોગ કરવો અપેક્ષિત છે.

## ૭. ઝડપી અને ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીના લક્ષણો-પદ્ધતિઓ:

શાળાના આપણા વર્ગખંડમાં ખૂબ ઓછા પ્રમાણમાં સામન્ય વિદ્યાર્થી કરતાં માનસિક, સામાજિક, શૈક્ષણિક દષ્ટિએ ઝડપી અથવા ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓ જોવા મળે. આવા વિદ્યાર્થીઓની વિશિષ્ટ લાક્ષણિકતાઓ હોય છે. આવા વિદ્યાર્થીઓ શાળાકક્ષાએ સમાયોજન સાધવામાં મુશ્કેલી અનુભવે છે. તેથી તેમને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં સહભાગી કરવા સહાયભૂત એવી વિશિષ્ટ પ્રકારની શિક્ષણ વ્યવહારની વ્યૂહરચનાઓ પણ પ્રયોજવી પડે.

અહીં આપણે આવા વિદ્યાર્થીઓને કેવી રીતે ઓળખવા, તેમને સહાયભૂત થવા માટે કઈ કઈ પદ્ધતિઓ અને કાયક્રમો યોજી શકીએ તે અંગેની સમજ પ્રાપ્ત કરીશુ.

સૌપ્રથમ ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓના લક્ષણો જાણીશુ.

**(૧) ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીના લક્ષણો :**

જે વિદ્યાર્થીઓ શારીરિક રીતે સ્વસ્થ હોય, ખૂબ જ ઝડપથી જ્ઞાન, સમજ અને કૌશલ્યને પ્રાપ્ત કરી શકતા હોય તેમજ તેટલી જ ઝડપથી તેનો ઝડપી અને સફળતાપૂર્વક જીવનવ્યવહારમાં ઉપયોગ કરી શકવાની ક્ષમતા ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓને તેજસ્વી તેમજ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ કહેવામાં આવે છે. અંગ્રેજીમાં તેને Gifted Children કહે છે. આવા વિદ્યાર્થીઓનો બુદ્ધિઆંક 130 થી વધુ હોય છે. આવા વિદ્યાર્થીઓનું પ્રમાણ શાળાની વિદ્યાર્થીઓની કુલ સંખના 2% હોય છે. આ શ્રેણીમાં આવતા વિદ્યાર્થીઓ શાળા-વ્યવસ્થાપન સમક્ષ સમસ્યા સર્જે તેવી સંભાવના હોય છે. આથી તેમને ઓળખીને તેમની સમસ્યાઓ હલ કરવા માટે આપણે પ્રતિબદ્ધ રહેવું જરૂરી છે. આપણે એ વિદ્યાર્થીઓના લક્ષણો જાણી લઈએ.

૧. આવા વિદ્યાર્થીઓ શારીરિક રીતે સ્વસ્થ હોય છે
૨. આવા વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાનો વારસો ધરાવતા હોય છે.
૩. માનસિક રીતે સ્વસ્થ હોય છે.
૪. સામાજિક રીતે વધુ પરિપકવ હોય છે, પરિણામે તેઓ બહોળું મિત્રવર્તુળ ધરાવે છે.
૫. તર્કશકિત તેમજ નિર્ણયશકિતને લગતી પ્રવૃત્તિઓમાં રસ લે છે.
૬. સમવયસ્ક કરતાં શૈક્ષણિક રીતે અનેકગણા વિકસિત હોય છે.
૭. જ્ઞાનપ્રાપ્તિમાં વિશિષ્ટ અભિરુચિ હોય છે.
૮. તેમનો ભાષાકીય વિકાસ ખૂબ ઝડપથી થયલો હોય છે. શબ્દસમૃદ્ધિ વિશાળ હોય છે.
૯. કોઈપણ પ્રકારનું જ્ઞાન, સમજ, કૌશલ્યો તે ઝડપથી ગ્રહણ કરે છે અને તેટલી જ ઝડપથી તે ઉપયોગ કરવાની ક્ષમતા ધરાવે છે.
૧૦. કોઇપણ બાબતોમાં પૃથક્કરણ અને સંશોધનમાં રસ ધરાવે છે.
૧૧. સરળ વિષયો કરતાં કઠિન કે જટિલ વિષયોમાં વધુ રસ ધરાવે છે.
૧૨. સામાન્ય પ્રવૃત્તિઓ કરતાં અમૂર્ત પ્રવૃત્તિઓમાં વધુ રસ ધરાવે છે.
૧૩. તેઓ મૌલિક વિચારણસરણી તેમજ અભિવ્યકિત ધરાવે છે.
૧૪. ઝડપી વાચનશકિત તેમજ અર્થગ્રહણશકિત ધરાવે છે.
૧૫. આવા વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ અતિ તીવ્ર હોય છે અને તેઓની ચિંતનશકિત સર્જનાત્મક હોય છે.
૧૬. સામાન્ય રીતે તેઓ સારી નેતૃત્વશકિત ધરાવે છે.
૧૭. આવા વિદ્યાર્થીઓમાં સિદ્ધિ પ્રેરણાનું પ્રમાણ ઊંચું હોય છે.

આમ, આપણે ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓનાં લક્ષણો જાણ્યા. આ લક્ષણો ઓળખવા માટે વિશિષ્ટ શકિતમાપન કસોટીઓનો ઉપયોગ થઇ શકે છે.

**(૨) ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીના લક્ષણો :**

જે વિદ્યાર્થીઓ શારીરિક રીતે અસ્વસ્થ હોય, ધીમી ગતિથી જ્ઞાન, સમજ, કૌશલ્યને પ્રાપ્ત કરી શકતા હોય તેમજ તેનો ખૂબ ઓછો ઉપયોગ પોતાના જીવનવ્યવહારમાં કરી શકતા હોય તેવા વિદ્યાર્થીઓને ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થી કહીશુ. આવા વિદ્યાર્થીઓ સામાન્ય રીતે એક વર્ષનો અભ્યાસક્રમ નિશ્ચિત સમયમાં સફળતાપૂર્વક પૂર્ણ કરી શકતા નથી.

આપણે આવા વિદ્યાર્થીઓના લક્ષણો જાણી લઈએ :

૧. ધીમી ગતિએ શીખનારનો બુદ્ધિઆંક સામાન્ય કરતાં ઓછો એટલે કે 90 કરતાં પણ ઓછો હોય છે.
૨. આવા વિદ્યાર્થીઓ તેમના સમવયસ્કોની તુલનામાં અપરિપકવ જણાય છે.
૩. તેમના સરખી વયના વિદ્યાર્થી કરતા તેઓ અનેક પ્રવૃત્તિઓ કરવાની ક્ષમતા ધરાવતા નથી. આથી ઘણીવાર હતાશ બની જાય છે.
૪. આવા વિદ્યાર્થીઓ પોતાની જાતનું અવમૂલ્યાંકન કરવાની વૃત્તિ ધરાવે છે.
૫. તેઓનો આત્મવિશ્વાસ ઓછો હોય છે અને સ્વ-સંકલ્પના નિમ્ન સ્તરની હોય છે.
૬. સંકલ્પનાઓને વધુ ને વધુ અતિ સરળ બનાવવાની વૃત્તિ ધરાવે છે.
૭. સામાન્યીકરણ કરવાની ક્ષમતાનો અભાવ જોવા મળે છે.
૮. સ્મૃતિ અને ધ્યાનવિસ્તાર ટૂંકો હોય છે.
૯. તેઓની અર્થગ્રહણશકિત ખૂબ ઓછી હોય છે.
૧૦. તેઓ તેમનાં બધાં જ કાર્યો ધીમી ગતિથી શીખતા હોવાથી શૈક્ષણિક કાર્યમાં પણ તેઓ ધીમા હોય છે.

ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીના ઉપર્યુકત લક્ષણો આપણે સમજ્યા.વિવિધ કસોટીઓના ઉપયોગથી મોટાભાગનાં લક્ષણો આપણે અનાત્મલક્ષીપણે જાણી શકીએ તેમ છીએ. આમ, બંને પ્રકારના વિદ્યાર્થીઓના લક્ષણો જાણીને હવે તેમને શીખવવામાં સહાયભૂત થઇ શકે તેવી શિક્ષણવ્યવહારની પદ્ધતિઓની ચર્ચા કરીએ.

**(૩) ઝડપી ગતિએ શીખનાર માટેની પદ્ધતિઓ :**

- ◈ સામાન્ય શાળામાં તેની પરિસ્થિતિને અનુકૂળ થઈ શકે અને તેની શીખવાની ગતિને વિકસાવી શકે તેવી જોગવાઈ કરવી જોઈએ. શકય હોય તો તેમના માટે ખાસ વર્ગોની જોગવાઈ કરવી જોઈએ.
- ◈ શાળાની અને શાળા બહારની પ્રવૃત્તિઓમાં આ વિદ્યાર્થીઓને વધુ સહભાગી બનાવવા તેમજ તેમને નેતાગીરીનાં કાર્યોની જવાબદારી સોંપવી જોઈએ.
- ◈ આ વિદ્યાર્થીઓ તેમનું સાંવેગિક સંતુલન જાળવી શકે તે માટે શિક્ષકે તેમને સહાય કરવી જોઈએ.
- ◈ આ વિદ્યાર્થીઓ સાથે દઢીકરણના શૈક્ષણિક અનુભવોની નહિવત જરૂર પડે છે.

આ વિદ્યાર્થીઓની શીખવાની ઝડપી ગતિને અનુરૂપ તેમની બૌદ્ધિક શકિતઓને વધુ ને વધુ ખીલવે તેવી કેટલીક પ્રયુકિતઓ નીચે પ્રમાણે છે.

➲ **અભિક્રમિત પદ્ધતિ :** તેજસ્વી વિદ્યાર્થીઓ સારી રીતે સ્વ-અધ્યયન કરી શકે તેમ હોય છે. તેથી આ પ્રકારની સામગ્રી તેમના માટે શિક્ષકે તૈયાર રાખવી જોઈએ. આ પદ્ધતિમાં શિક્ષણ-સામગ્રીને નાના-નાના પેટા એકમોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. પ્રત્યેક પેટા એકમની સમજૂતી સરળ અને વ્યાવહારિક દષ્ટાન્તો દ્વારા રજૂ કરવામાં આવે છે અને

તેના અંતે સ્વ-મૂલ્યાંકન માટેના પ્રશ્નો હોય છે. વિદ્યાર્થી પ્રત્યેક ફ્રમાનો અભ્યાસ કરે છે અને સમજીને પશ્નોના ઉત્તર લખે છે, જે આપેલા ઉત્તરો સાથે ચકાસે છે. ત્યારબાદ બીજા ફ્રમા તરફ આગળ વધે છે. અહીં વિદ્યાર્થી સ્વ-ગતિથી પ્રગતિ સાધે છે. તેમજ સ્વ.અધ્યયનની ટેવ વિકસે છે. આથી ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓ માટે મહત્ત્વની પદ્ધતિ છે. ઉદાહરણ તરીકે નાના વિદ્યાર્થીઓ માટે ABCD પઝલ અંતર્ગત A શીખે પછી B પર જવાનું, B બરાબર ના સમજે ત્યાં સુધી C પર ના જવાબ.

➲ **પ્રોજેક્ટ પદ્ધતિ :** કોઈ એક ચોકકસ હેતુને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને કામ સોંપવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા પ્રમાણે કામ પૂરું કરે છે. સતત પ્રવૃતિ દ્વારા શીખે છે. આ પદ્ધતિની શિક્ષણ-પ્રક્રિયામાં આવા વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ માટેનું કામ સોંપવામાં આવે છે. દા.ત. આફ્રિકા દેશ વિશે શીખવતા શિક્ષક વિદ્યાર્થીઓને આફ્રિકન લોકોના વ્યવસાય વિશે, ત્યાં કૌટુંબિક તરાહ વિશે અભ્યાસ કરવાનું કામ સોંપી શકે, આ પદ્ધતિમાં તેનો સામાજિક વિકાસ પણ વધે છે.

➲ **જૂથ અધ્યયન-અધ્યાપન પદ્ધતિ :** આ પદ્ધતિમાં વર્ગના વિદ્યાર્થીઓનાં અલગ અલગ જૂથ રચવામાં આવે છે. એક જૂથને અક મુદ્દો સોંપવામાં આવે છે. અલબત શિક્ષક પોતે સહાયક અને માર્ગદર્શક બને છે. તે વિદ્યાર્થીઓને જરૂરી સાહિત્ય અને માર્ગદર્શન પૂરાં પાડે છે. અહીં વિદ્યાર્થીઓનું કાર્ય બદલાતા તેઓ હોંશભેર ઉત્સાહથી સ્વપ્રયત્ને સમજણ મેળવી પ્રગતિ સાધે છે. ઉદાહરણ તરીકે ધોરણ 7 ના વિદ્યાર્થીઓના એક જૂથને ભારતની આબોહવાનો મુદ્દો આપવામાં આવે અને બીજા જૂથને ભારતના ભૂપૃષ્ઠ વિસ્તારનો મુદ્દો માપવામાં આવે.

➲ **સ્વાધ્યાય પદ્ધતિ :** વિશિષ્ટ સ્વાધ્યાય પશ્નોનું નિર્માણ કરીને શિક્ષક તેજસ્વી વિદ્યાર્થીઓને સ્વ-અધ્યયન આપે છે. વિદ્યાર્થીઓ પોતાની સમજ અને શકિત દ્વારા સ્વ-અધ્યયનથી શીખે છે, ત્યારે શિક્ષક પોતાનો સમય અન્ય વિદ્યાર્થીઓ માટે ફાળવી શકે છે.

ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓને સહાયરૂપ બને તેવી પદ્ધતિઓની સમજ મેળવી તે પ્રમાણે એક શિક્ષક તરીકે આપણે આપણા વર્ગના આવા વિદ્યાર્થીઓને ઓળખીએ અને તેમની સાથેના શિક્ષણવ્યવહારમાં ઉપર્યુક્ત પદ્ધતિઓનો યથાયોગ્ય ઉપયોગ કરીએ.

**(૪) ધીમી ગતિએ શીખનાર માટેની પદ્ધતિઓ :**

વર્ગખંડની શીખવા-શીખવવાની ક્રિયા દરમિયાન નિરીક્ષણ દ્વારા પણ આપણે વિદ્યાર્થીની શીખવાની ગતિ સમજી શકીએ છીએ. આ ઉપરાંત સમ્યાંતરે લેવાતી કસોટી દ્વારા પણ કયા વિદ્યાર્થીઓએ અલ્પસિદ્ધિ પ્રાપ્ત કરી છે એ જાણી શકાય છે. પોતાના સાથી શિક્ષકમિત્રો સાથે ચર્ચા કરવાથી, વિચારવિનિમય કરવાથી પણ પ્રગતિ સંદર્ભે ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓને તારવી શકાય છે.

વળી ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓને અલગ તારવ્યા બાદ તેઓમાં અલ્પ સિદ્ધિ કયાં કારણોસર છે. એ જાણી શકાય છે. નિદાન કસોટીમાંથી આ બાબત જાણી શકાય છે અને કચાશબિંદુઓ તારવી શકાય છે. વિદ્યાર્થીઓની કચાશના મુદ્દાઓ જાણીને તેમને વિષયવસ્તુ શીખવવા માટેનું સુઆયોજન થઈ શકે છે.

- ◈ સરળ પરથી કઠિન (સંકુલ) તરફ જવું.
- ◈ જ્ઞાત પરથી અજ્ઞાતતરફ જવું.
- ◈ મૂર્ત પરથી અમૂર્ત તરફ જવું.

ઉપર્યુક્ત સૂત્રો ધીમી ગતિએ શીખનાર માટે ખૂબ જ ઉપયોગી નીવડે છે.

# ૪ શિક્ષણ-વ્યવહાર

વિદ્યાર્થીઓ નિયત થયેલ ક્ષમતાઓમાં પારંગતતાના સ્તરે ક્ષમતાસિદ્ધિ પ્રાપ્ત કરે તે માટે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે થતો પારસ્પરિક વ્યવહાર એટલે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા. શિક્ષણની પ્રક્રિયા ત્યારે પૂર્ણ બને છે જયારે તે માટે આયોજન, અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન થાય. શિક્ષણ-વ્યવહાર દરમિયાન શિક્ષકે અગાઉથી કરેલ આયોજનનો અમલ કરે છે અને શિક્ષણ-વ્યવહારને અંતે નિયત ક્ષમતાસિદ્ધિના સ્તરના સંદર્ભમાં તેને મૂલવે છે.

## ૧. શિક્ષણ-વ્યવહારનો અર્થ:

વિદ્યાર્થીને ક્ષમતાસિદ્ધિના પારંગતતાના સ્તર સુધી લઈ જવા વર્ગખંડમાં, શાળામાં, શાળાની બહાર, મા-બાપ/વાલીઓ સાથે તેમજ સમાજ સાથે થતો સમગ્ર વ્યવહાર એટલે શિક્ષણ-વ્યવહાર. શિક્ષણ-વ્યવહાર એ વર્ગખંડમાં થતા વ્યવહાર પૂરતો મર્યાદિત નથી. વર્ગવ્યવહાર એ તો 'શિક્ષણ-વ્યવહાર'નો એક નાનકડો ભાગ છે. એટલે 'શિક્ષણ-વ્યવહાર' એ 'વર્ગવ્યવહાર' કરતાં વિશાળ અર્થ ધરાવે છે.

ક્ષમતાકેન્દ્રી શૈક્ષણિક પ્રક્રિયામાં ક્ષમતાઓ પારંગતતાના સ્તરે સિદ્ધ કરવા માટે વિષયવસ્તુ એ તો માત્ર સાધન કે માધ્યમ હોય છે. શિક્ષણ-વ્યવહાર દરમિયાન શૈક્ષણિક મનોવિજ્ઞાન, શૈક્ષણિક વ્યવસ્થાપન અને સામાજિક પાસાંઓને પણ શિક્ષકે જાણવાં જરૂરી છે. ઉપરાંત વિદ્યાર્થીના વૃદ્ધિ-વિકાસની પ્રક્રિયા સમજીને શિક્ષણ-વ્યવહારનું આયોજન અને અમલ થાય તો તેમાં ઘણી સરળતા રહે છે અને સફળતા મળે છે.

વિદ્યાર્થીના શિક્ષણ માટે અધ્યયન અને અધ્યાપનની પ્રક્રિયાને વધુ રસિક અને સરળ બનાવવા તથા કૌશલ્યોનો વિકાસ કરી જીવનમૂલ્યો વિકસાવવા શિક્ષક શાળામાં કે શાળાબહાર, વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજે છે. જેમકે વિવિધ સાંસ્કૃતિક કે રાષ્ટ્રીય પર્વની ઉજવણી, સમાજમાં યોજાતાં વિવિધ સેવાકીય કાર્યોમાં ભાગીદારી, શાળામાં યોજાતું પ્રાર્થના-સંમેલન, શૈક્ષણિક પ્રવાસ-પર્યટન, સમૂહજીવનની પ્રવૃત્તિઓ-તે તમામનો શિક્ષણ-વ્યવહારમાં સમાવેશ થાય છે.

શિક્ષણ-વ્યવહારને અસરકારક બનાવવા સૈદ્ધાંતિક શિક્ષણની સાથે વધારેમાં વધારે પ્રયોગિક કે પ્રત્યક્ષ શિક્ષણને સ્થાન આપવું જરૂરી છે. ઉપરાંત શિક્ષણ-વ્યવહારનાં સારાં અને નબળાં પાસાંઓનું પરીક્ષણ કરી વિવિધ ઉપચારાત્મક પગલાં પણ લેવાં જોઈએ, જેથી શિક્ષણ-વ્યવહાર ખરા અર્થમાં અર્થપૂર્ણ બની રહે.

### ➲ શિક્ષણ-વ્યવહારની લાક્ષણિકતાઃ

- ❖ ક્ષમતાકેન્દ્રી અને વિદ્યાર્થીકેન્દ્રી હોય.
- ❖ અધ્યયન પર વધારે ઝોક હોય - અધ્યાપન તેને પૂરક હોય.
- ❖ વિદ્યાર્થીની વયકક્ષા, અભિરુચિ અને વલણને અનુરૂપ હોય.
- ❖ શિક્ષક માર્ગદર્શક, પ્રેરક અને પ્રયોજક હોય.
- ❖ નિદાન, ઉપચારાત્મક શિક્ષણ તેમજ સમૃદ્ધિકરણ સાથે સાથે થતું હોય.
- ❖ ક્ષમતાઓ પારંગતતાના સ્તરે સિદ્ધ થાય તે માટેના પ્રયાસો થતાં હોય.

## ૨. વર્ગવ્યવહાર :

શિક્ષણ-વ્યવહારનો નાનો અંશ કે ભાગ તે વર્ગવ્યવહાર.

અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે વર્ગખંડમાં થતો આંતરવ્યવહાર એટલે વર્ગવ્યવહાર.

વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે થતી તમામ પ્રકારની આદાન-પ્રદાનની પ્રક્રિયા એટલે વર્ગવ્યવહાર.

શિક્ષણપ્રક્રિયા દરમિયાન વર્ગખંડમાં થતો શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચેનો વ્યવહાર સમતોલ રહે તે જરૂરી છે. શાળામાં વિદ્યાર્થી પોતે શીખવાની પ્રક્રિયામાં જેટલા વધુ સક્રિય થાય તેટલા તેમને વધુ શૈક્ષણિક અનુભવો મળી શકે છે. અધ્યયન અનુભવોના પરિણામે જ વિદ્યાર્થી વાસ્તવમાં કંઈક શીખી શકે છે. વર્ગખંડનું શિક્ષણકાર્ય વધારે અસરકારક અને જીવંત બને તે માટે વર્ગખંડમાં ત્રણ પ્રકારની આંતરક્રિયા થાય છે : (૧) વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે થતી આંતરક્રિયા (૨) વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે થતી આંતરક્રિયા (૩) વિદ્યાર્થી અને ઉદ્દીપકો વચ્ચે થતી આંતરક્રિયા.

ઉપર્યુક્ત ત્રણ પ્રક્રિયાની શિક્ષણ પ્રક્રિયાના સંદર્ભમાં વર્ગવ્યવહાર કેવો હોવો જોઈએ તે હવે સમજીએ.

### (૧) શિક્ષક-વિદ્યાર્થી વ્યવહારઃ

વર્ગખંડમાં શિક્ષણપ્રક્રિયાના પ્રારંભમાં શિક્ષક પ્રશ્નો દ્વારા, કવાયત દ્વારા કે અન્ય કોઈ યુક્તિ-પ્રયુક્તિ દ્વારા બાળકોને વિષય પ્રતિ અભિમુખ કરે છે. આ પ્રક્રિયા વિદ્યાર્થીકેન્દ્રી બની રહે તે ખૂબ જરૂરી છે. ત્યારબાદ વિદ્યાર્થીઓને પરિચિત નથી એવો નવો એકમ શિક્ષક શીખવે છે અને વિદ્યાર્થીઓ શીખે છે. આ તબક્કે શિક્ષક-વિદ્યાર્થી વ્યવહાર જરૂરી છે; પરંતુ વર્ગખંડનું શિક્ષણકાર્ય શિક્ષકકેન્દ્રી બની જાય તો નાનાં બાળકોનો ધ્યાન વિસ્તાર ટૂંકો હોવાથી બાળકોનું ધ્યાન તે પાઠમાં બહુ રહેતું નથી. આથી શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનો શિક્ષણ-વ્યવહાર ખોરવાય છે. આમ ન બને તે માટે વર્ગખંડમાં શિક્ષક નિર્દેશિત અધ્યાપનનો સમયગાળો ખૂબ ઓછો રહે તેની કાળજી રાખવી જોઈએ. આ માટે વર્ગને સ્વર્ગ બનાવવા શિક્ષકે અસરકારક વર્ગવ્યવહાર કરવો જોઈએ. વર્ગવ્યવહાર એ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના વિચારોના આદાન-પ્રદાનની પ્રક્રિયા છે. શિક્ષકે વર્ગખંડની થોડીક મિનિટો વિદ્યાર્થીને ઉત્સાહિત કરવામાં, તેમની અભિરુચિ જગાડવામાં કે પ્રેરણા પૂરી પાડવામાં ગાળવી જોઈએ. વર્ગવ્યવહાર જેટલો ઉત્તમ તેટલું શિક્ષણનું વહન સંગીન બનશે. શિક્ષક અને વિદ્યાર્થીની વર્ગખંડમાંની સક્રિયતા અને પ્રસન્નતા એ જ શિક્ષણનો માપદંડ છે. તેથી જ પ્રસન્નતા માટે કહેવાયું છે કે "It is a ventilation to Fatigue" ''પ્રસન્નતા એ થાક દૂર કરવા માટેની હવાબારી છે.'' વર્ગખંડમાં શિક્ષણકાર્ય વધારે અસરકારક બને તે માટે શિક્ષણ પ્રક્રિયા દરમિયાન શિક્ષકે નીચે આપેલી કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

શિક્ષકે વર્ગખંડમાં સમયનો બગાડ કર્યા વિના વિષયવસ્તુના પ્રત્યેક મુદ્દાને લાગણીપૂર્વક સમજાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. વર્ગવ્યવહાર દરમિયાન વિદ્યાર્થીઓ વિના સંકોચે પોતાની મુશ્કેલીઓ રજૂ કરી પોતાની લઘુતાગ્રંથિ દૂર કરી શકે તેવું સુમેળભર્યું વાતાવરણ ઊભું કરવું જોઈએ. તેમના પ્રત્યે સમભાવ અને સમદષ્ટિ રાખી સ્વાવલંબન તરફ લઈ જઈને તે સ્વયં શીખતો થાય તે માટે પૂરતો પ્રયત્ન કરવો જોઈએ. દરેક વિદ્યાર્થીને મમતા અને સહાનુભૂતિપૂર્વક માર્ગદર્શન પૂરું પાડી તેનામાં પડેલ શકિતઓને વિકસાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. વિવિધ સ્તરમાંથી આવતા વિદ્યાર્થીઓ વિશે માહિતી પ્રાપ્ત કરીને તેમના થકી ઉદ્‌ભવતી વર્તન સમસ્યાઓને શોધી તેને હલ કરવા જરૂરી પ્રયાસો હાથ ધરવા જોઈએ. વિદ્યાર્થી ઘરે જે અધુરપથી પીડાય છે તે હૂંફ, પ્રેમ, શિક્ષણ અને સંસ્કાર તેને શિક્ષણ પ્રક્રિયા દરમિયાન મળી રહે તે માટેના પ્રયત્નો કરવા જોઈએ. વિદ્યાર્થીઓ સાથે તાદાત્મય કેળવીને શિક્ષણમાં ધાર્યું પરિણામ લાવી શકાય છે. વર્ગખંડ વ્યવહાર દરમિયાન વિદ્યાર્થીઓમાં પડેલ સુષુપ્ત શકિતઓને જાગ્રત કરી સર્જનાત્મક અભિગમ તરફ વાળી શકાય. શિક્ષકે વર્ગખંડમાં હંમેશા પ્રસન્નચિત્તે જવું જોઈએ અને ચિંતા કે નિરાશાને વર્ગખંડમાં પ્રવેશવા દેવાં ન જોઈએ. વિદ્યાર્થીને માન આપી શિસ્તની ભાવના સ્વયં રીતે જાગ્રત થાય તે બાબતને મહત્ત્વ આપવું જોઈએ. વિદ્યાર્થી શાળા, શિક્ષક અને સાથી વિદ્યાર્થીઓ પ્રત્યે પોતાપણાની લાગણી અનુભવે તેવો ભાવ ઉત્પન્ન કરવો જોઈએ. જેવા વિદ્યાર્થીઓ તૈયાર થશે તેવો સમાજ બનશે અને તેવા જ રાષ્ટ્રનું નિર્માણ થશે. આમ, દેશ માટે ઉત્તમ નાગરિક તૈયાર થાય તેવું વર્ગખંડનું વાતાવરણ સર્જવાની જવાબદારી શિક્ષકની છે. શિક્ષણકાર્ય દરમિયાન ક્ષમતા સિદ્ધ કરનારને પ્રોત્સાહિત કરી અને નબળાને યોગ્ય માર્ગદર્શન આપી વર્ગકાર્ય સંગીન બનાવી શકાય. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવનાનાં ઉમદા મૂલ્યો દઢ બને અને તે દ્વારા તેઓ પોતાનું જીવન ઉજ્જ્વળ બનાવી શકે તે માટે શિક્ષકોનાં વર્તન-વ્યવહાર આદર્શરૂપ હોવાં જોઈએ.

### (૨) વિદ્યાર્થી-સમોવડિયા વ્યવહારઃ

એક જ ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓ એકબીજા સાથે ઉંમરનો નજીવો તફાવત તેમજ માનસિક તથા શારીરિક ભિન્નતા ધરાવતા હોય છે. સરખી ઉંમર ધરાવતા અને શારીરિક તથા માનસિક વિકાસમાં સામ્ય ધરાવતા વિદ્યાર્થીઓ સમોવડિયા કહેવાય. આવાં બાળકોનો વ્યવહાર લગભગ સરખો અને એકબીજાને અનુકૂળ હોય છે. તેઓ એકબીજા સાથે સ્વીકૃત અને મૈત્રીપૂર્ણ વ્યવહાર કરે છે. વર્ગવ્યવહાર દરમિયાન વિદ્યાર્થી પોતાના સમોવડિયા સાથે શિક્ષણ સંબંધી આદાન-પ્રદાન પ્રક્રિયાથી ઘણું બધું શીખે છે. આથી વર્ગખંડની અંદર થતી અને શિક્ષણ પ્રક્રિયામાં વિશેષ ભાગ ભજવતી કોઈ બાબત હોય તો તે વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે થતો આંતરવ્યવહાર છે.

શિક્ષક વર્ગખંડમાં વિષયવસ્તુ સંબંધી શિક્ષણકાર્ય કરાવે છે ત્યારે વિષયવસ્તુનું અર્થગ્રહણ કરવામાં કોઈ વિદ્યાર્થી કોઈ

કારણવશાત્ શિક્ષક સાથે તાલ મિલાવી શકતો નથી ત્યારે વિષય વસ્તુ સંબંધી ચર્ચામાં વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે એકસૂત્રતા જળવાતી નથી. આથી જ્ઞાનપ્રાપ્તિ માટે એક સળંગ-સૂત્રતા જાળવવા વિદ્યાર્થી મથામણ કરે છે. તેવા સમયે વિષયવસ્તુની સમજ વિદ્યાર્થીના ખ્યાલ બહાર હોવાથી શિક્ષક સામે તેની રજૂઆત કરવામાં ડર, સંકોચ કે લઘુતાગ્રંથિ અનુભવે છે. પરિણામે તેની જ્ઞાનપ્રાપ્તિની તલપ અધૂરી રહી જાય છે. આવા સમયે વર્ગખંડની અંદર થતો સમોવડિયા સાથેનો વ્યવહાર વિદ્યાર્થીની જ્ઞાનપ્રાપ્તિ સંતોષવામાં ખૂબ ઉપયોગી બને છે. આવા સમયે વિદ્યાર્થી સમોવડિયા સાથે સહયોગ અને મિત્રતા ઝંખે છે. અધ્યયન-અધ્યાપનની પ્રવૃત્તિઓ એકબીજાના સહકારથી કરવાનું ઈચ્છે છે. તેને સમોવડિયા સાથે રમવાનું, કામ કરવાનું, શાળામાં કે વર્ગબહાર સાથે રહેવાનું ગમે છે. વળી, ખૂબ સ્વાભાવિક રીતે સમોવડિયા કરતાં પોતે હોશિયાર બની શકે તે માટે પ્રયત્નશીલ રહે છે અને તક મળતાં જ ઘણીવાર શૈક્ષણિક કે ઈતર પ્રવૃત્તિઓમાં સમોવડિયા વિદ્યાર્થી સાથે સાહજિક રીતે સ્પર્ધામાં ઊતરે છે. ઘણીવાર પોતાને નહિ સમજાતી બાબતોની માહિતી સમોવડિયા પાસેથી મેળવી લે છે અને બીજાને પણ આપે છે. ક્યારેક વિદ્યાર્થી શિક્ષક પાસેથી જેટલી માહિતી મેળવી શકતો નથી તેના કરતાં વધારે માહિતી સમોવડિયા પાસેથી મેળવે છે. કારણ કે સમોવડિયા વિદ્યાર્થીઓ એકબીજાના ચઢિયાતા કે ઊતરતાપણાના ભાવ રહિત વિચારોને સહજ રીતે સમજી, સ્વીકારી અને પરસ્પરના વિચારોની આપ-લે કરે છે. સમોવડિયા વિદ્યાર્થીઓ એકબીજાની બીક કે શરમ-સંકોચ રાખ્યા વિના પરસ્પર મૂંઝવણોની રજૂઆત કરે છે, ત્યારે પોતાની મૌલિક અભિવ્યક્તિને ખીલવે છે. આથી તેમનામાં રહેલી લઘુતાગ્રંથિ દૂર થાય છે. શિક્ષકે શીખવેલ મુદ્દાને અનુરૂપ સમોવડિયા સાથે જૂથમાં પ્રવૃત્તિ થતી હોય ત્યારે વિદ્યાર્થી વધુ સક્રિય બને છે તેમજ શૈક્ષણિક ચર્ચાઓમાં અધ્યેતા અને અધ્યાપક તરીકેની બેવડી ભૂમિકા ભજવે છે. અપરિચિત વિષયવસ્તુ શીખવવા શિક્ષક-વિદ્યાર્થી વ્યવહાર જરૂરી છે પણ તે પછી દરેક વિદ્યાર્થી વ્યવસ્થિત અર્થગ્રહણ કરે તે માટે વિદ્યાર્થી-વિદ્યાર્થી વ્યવહાર વધુ અસરકારક રહે છે. આ કાર્ય માટે શિક્ષકે ખૂબ કાળજી રાખવી જોઈએ. યોગ્ય જૂથરચના કરવી જોઈએ. જે-તે એકમને બરાબર સમજ્યા હોય તેવા એકાદ-બે વિદ્યાર્થી તો દરેક જૂથમાં હોવા જ જોઈએ. જૂથે શું કાર્ય કરવાનું છે તેનું પણ વ્યવસ્થિત પૂર્વ આયોજન કરવું પડે. જૂથકાર્ય શરૂ થાય ત્યારે દરેક જૂથની વારાફરતી મુલાકાત લઈ સાચું અધ્યયન થઈ રહ્યું છે કે નહિ તે પણ જોવું પડે. સોંપેલું કાર્ય જૂથના દરેક સભ્યને બરાબર આવડે ત્યાં સુધી જૂથના તમામ સભ્યો પરસ્પર શીખે અને શીખવાડે. આ વાત પર ભાર મૂકવાથી ખૂબ સારું અધ્યયન થાય છે. અહીં પ્રત્યક્ષ રીતે શિક્ષક ભણવાતા નથી પરંતુ આ વ્યવહારમાં શિક્ષકની ભૂમિકા વધુ મહત્ત્વની છે. તેણે ખૂબ પૂર્વતૈયારી કરવાની રહે છે અને એક સાથે તમામ જૂથો પર ધ્યાન આપવાનું રહે છે.

**(૩) વિદ્યાર્થી-સામગ્રી વ્યવહાર:**

નવો એકમ શિક્ષકે શીખવ્યો, વિદ્યાર્થીઓએ પરસ્પર ચર્ચા કરી તેને બરાબર સમજવા, મથામણ કરી. હવે વિદ્યાર્થી જાતે સ્વ-અધ્યયન કરે તે તબકકો આવે છે. આટલું કહો, આટલું કરો, આટલું ચકાસો, દ્રઢીકરણ, મહાવરો, સ્વાધ્યાય આવાં શીર્ષક તળે આપેલ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ જાતે કરે તો તે મેળવેલ જ્ઞાનને આત્મસાત્ કરે છે. આ માટે એકમનું વાચન, સંદર્ભ-સાહિત્યનું વાચન, શૈક્ષણિક સાધનોનો ઉપયોગ, મુલાકાત, અવલોકન, પ્રાયોગિક કાર્ય વગેરે કરવાનું થાય છે; જેને વિદ્યાર્થી-સામગ્રી વ્યવહાર કહે છે. આ વ્યવહારથી અર્થગ્રહણ ચિરસ્મરણીય બને છે. અહી વિદ્યાર્થીએ જાતે મથામણ કરવાની છે. તેના અધ્યયનમાં થોડી પણ કચાશ હશે તો તેનું કાર્ય અટકી જશે. કચાશ ક્યાં છે તેનો પણ ખ્યાલ આવશે અને તે દૂર થશે તો જ આગળનું કાર્ય ચાલશે તેથી શિક્ષણપ્રક્રિયાના અન્ય વ્યવહારની સરખામણીએ અહી સ્વયંશિક્ષણની વધુ તક મળે છે જેથી ગુણવત્તા વધે છે. અધ્યયનમાં પૂર્ણ પરાંગતતાએ પહોંચવાની શકયતા વધે છે.

આ વ્યવહારમાં પ્રત્યક્ષ રીતે શિક્ષકનું કોઈ કાર્ય નથી તેમ લાગે; પરંતુ વિદ્યાર્થી-સામગ્રી વ્યવહાર થાય તેવું કાર્ય તો શિક્ષકે જ આપવાનું રહેશે. શિક્ષકે કાળજી રાખવી કે આ કાર્ય વિદ્યાર્થીના વ્યકિતગત વિકાસને પુષ્ટિ આપે તેવું હોવું જોઈએ. વિવિધ સામગ્રીનો મહત્તમ ઉપયોગ કરવો પડે તેવું હોવું જોઈએ. આ કાર્ય વર્ગખંડમાં થઈ શકે અથવા વર્ગબહાર પણ થઈ શકે. વ્યકિતગત આપી શકાય પણ ક્યારેક જૂથમાંય હોઈ શકે. શિક્ષકે વિદ્યાર્થીના કાર્યને ચકાસતા રહેવું. જરૂર મુજબ માર્ગદર્શન પણ આપવું. આ વ્યવહારથી વિદ્યાર્થીનું અધ્યયન સરસ થાય છે અને શિક્ષકને વિદ્યાર્થીઓની વ્યકિતગત સાચી ઓળખ થાય છે.

વર્ગવ્યવહારના ઉપરોક્ત ત્રણેય પ્રકારો જોયા પછી ભાવિ શિક્ષક તરીકે આપણે વર્ગખંડમાં કેવા પ્રકારનો વ્યવહાર કરીશું તો શિક્ષણકાર્ય વધુ અસરકારક બનશે તે માટે આપણે વર્ગવ્યવહારના ઘટકો સમજી લેવાં જરૂરી છે.

## ૩. વર્ગવ્યવહારના ઘટકો:

વર્ગવ્યવહાર વધારે જીવંત અને અસરકારક બને તે માટે શિક્ષણ શાસ્ત્રીઓએ કેટલાંક ઘટકો આપ્યા છે. આ ઘટકોના યથા યોગ્ય ઉપયોગથી વર્ગને સાચા અર્થમાં સ્વર્ગ બનાવી શકાય છે.

મિશિગન સ્ટેટ યુનિ.ના પ્રો. નેડ ફ્લેન્ડર્સે શિક્ષક -વિદ્યાર્થીના વર્ગવ્યવહારના ૧૦ ઘટકો દર્શાવ્યા છે જે નીચે મુજબ છે.

**(૧)લાગણી સ્વીકાર:**

વર્ગમાં વિદ્યાર્થીઓ જે લાગણી વ્યકત કરે તે નમ્રતાથી સ્વીકારી તે મુજબ શિક્ષક હળવાશથી પોતાનું શિક્ષણકાર્ય કરે છે. લાગણીઓ સુખદ-દુ:ખદ, હકારાત્મક હોય તો પણ નીચે જેવા શબ્દો બોલી શિક્ષક તે મુજબ વર્તન-હાવભાવ કરી લાગણીનો સ્વીકાર કરે છે. ઉદા. આ એકમ અઘરો લાગે છે? ચાલો ફરી સમજાવું. આ મુદ્દો ફરી સમજાવું? મઝા પડશે ને? આ વિગત નથી સમજાતી? ચાલો, નકશા દ્વારા સમજાવું !

**(૨)પ્રોત્સાહન કે વખાણ:**

વર્ગશિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી મળે તે માટે શિક્ષકે વર્ગમાં જોવા મળતી વિદ્યાર્થીઓની ઈચ્છનીય વર્તણૂંકને સમૂહ સામે વખાણવી જોઈએ. આવા વિદ્યાર્થીઓને શાબ્દિક કે અશાબ્દિક હકારાત્મક સુદ્રઢકોના ઉપયોગ દ્વારા પ્રોત્સાહિત કરવા જોઈએ. જેમ

કે 'સરસ', 'ઘણું સરસ', 'શાબાશ', 'હજી થોડું બોલો', 'સાચો જવાબ આવડશે' - સ્મિત કરવું, પીઠ થાબડવી, ખભે હાથ મૂકવો, માથું નમાવવું વગેરે.

**(૩) વિદ્યાર્થીના વિચારનો સ્વીકાર કે ઉપયોગ:**

વિદ્યાર્થી પોતાના વિચાર જયારે વર્ગ સમક્ષ વયકત કરે ત્યારે તેમાં રહેલ અધૂરપ પૂર્ણ કરી વર્ગ સમક્ષ સ્પષ્ટ કરી શિક્ષક દ્વારા મૂકવામાં આવે અને તે વિચારને વળગી રહીને શિક્ષક વિષયવસ્તુ સાથે તેનો સંબંધ જોડી આપે તો વિદ્યાર્થીને ખૂબ જ પ્રોત્સાહન મળે છે. ઉદા. 'હા, તમે કહ્યું તે સાચું છે', 'તમે કરેલ અર્થઘટન સાચું છે', 'તમે વ્યકત કરેલ વિચારો પ્રોત્સાહક છે.'

**(૪) પ્રશ્નો પૂછવા:**

વર્ગશિક્ષણ કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને સક્રિય રાખવા રજૂ થયેલ વિગત કે વિષયવસ્તુ સંબંધી પ્રશ્નો શિક્ષકે અવારનવાર પૂછવા જોઈએ. ઉદા. હમણાં મેં શું કહ્યું? આ વાર્તામાં કયાં કયાં પાત્રો છે? આ ઘટના કયારે બની?

**(૫) વ્યાખ્યાન કે પ્રવચન:**

વર્ગખંડમાં વિષયવસ્તુને સ્પષ્ટ કરવા શિક્ષક કથન દ્વારા રજૂઆત કરે છે તેને પ્રવચન કે વ્યાખ્યાન કહે છે. આ પ્રક્રિયામાં શિક્ષક સક્રિય હોય છે અને વિદ્યાર્થી મોટાભાગે નિષ્ક્રિય શ્રોતા બને છે.

**(૬) સૂચના આપવી:**

વિદ્યાર્થીઓ વર્ગખંડમાં આજ્ઞાપાલન કરે - સૂચનાને અનુસરે તે અપેક્ષાએ શિક્ષક કેટલીક સૂચનાઓ આપે છે. જેમ કે 'શાંતિ જાળવો', 'બેસી જાઓ', 'કા.પા. નોંધ ઉતારો', 'નકશાવાચન કરો.'

**(૭) ટીકા કરવી કે સત્તા સ્થાપિત કરવી:**

વિદ્યાર્થી વર્તનનાં અસ્વીકૃત મૂલ્યોની ટીકા કરી તેને સ્વીકૃત મૂલ્ય તરફ દોરી જવાની આ સહેતુક ક્રિયા છે, જેમાં શિક્ષક નકારાત્મક સુદઢોનો ઉપયોગ કરે છે. ઉદા. 'તારું મગજ કયાં છે?', 'તને સંભળાતું નથી?', 'આટલુંય નથી આવડતું?' બોલી શિક્ષક વિદ્યાર્થીઓને માન્ય વર્તન કરવા પ્રેરે છે.

**(૮) વિદ્યાર્થી જવાબો આપે:**

શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષકે પૂછેલા પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓ આપે તે સ્વીકારીને શિક્ષક તેને ફરી ભારપૂર્વક વર્ગમાં રજૂ કરે છે. આમ થવાથી વિદ્યાર્થીને જવાબ આપવાનું પ્રોત્સાહન મળતાં તેઓની સક્રિયતા વધે છે.

**(૯) વિદ્યાર્થીની પહેલ:**

વર્ગખંડમાં વિષયવસ્તુની રજૂઆત દરમિયાન વિદ્યાર્થી પોતે રજૂ થયેલ મુદ્દા અંગે રજૂઆત કરવાની પહેલ કરે - વિષયવસ્તુના કોઈ મુદ્દા અંગે પોતાની સમજ સ્પષ્ટ કરવા માટે વિદ્યાર્થી આવી પહેલ કરે છે.

**(૧૦) શાંતિ કે મૂંઝવણની સ્થિતિ:**

શિક્ષક વર્ગશિક્ષણ દરમિયાન કેટલીક વખત હેતુપૂર્વક વિરામ કરતો હોય છે, જે સમયગાળાને વિદ્યાર્થીઓ સ્પષ્ટપણે સમજી શકતા નથી. આ સમય દરમિયાન શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે વિચારોના આદાન-પ્રદાનની ક્રિયા અટકે છે. પાઠની શરૂઆતમાં, પ્રશ્નો પૂછ્યા પછી કે કોઈ મુદ્દો સમજાવતાં શિક્ષક આ ઘટકનો ઉપયોગ કરે છે. ઉદા. પ્રશ્નો પૂછવા પહેલાંની શાંતિ. કોઈ પશ્નનું સ્પષ્ટીકરણ કરતાં કરતાં વિરામ, વર્ગખંડમાં ઝીણું ઝીણું ગણગણવું વગેરે આ ઘટકની ક્રિયા છે.

## ૪. વર્ગવ્યવહાર અસરકારક કેવી રીતે બને?

શિક્ષકે વર્ગવ્યવહાર એવી રીતે ગોઠવવો જોઈએ કે 'વર્ગ વિદ્યાર્થીને મન સ્વર્ગ બને'. શિક્ષકે વર્ગમાં અધ્યાપન કાર્ય કેવી રીતે કરવું, વર્ગમાં કેવી વાણી બોલવી, વર્ગમાં કેવું વર્તન રાખવું વગેરે બાબતોની પૂર્વતૈયારી શિક્ષકે વર્ગમાં જતા પહેલાં કરી લેવી જોઈએ. વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ બને તેવી સૌમ્ય-મીઠી કર્ણપ્રિય વાણીમાં રજૂઆત સાંભળવી ગમે છે. વાણી સુશ્રાવ્ય-વિવેકપૂર્ણ, ઉચ્ચારશુદ્ધ અને યોગ્ય આરોહ-અવરોહ સાથે વ્યકત કરવાથી વિદ્યાર્થીઓ શિક્ષણકાર્યમાં તન્મય બને છે. શિક્ષકે પોતાનું વર્તન પણ સંસ્કારી અને પ્રેમપૂર્ણ રાખવું જોઈએ, જેથી વિદ્યાર્થીઓને તેમના જીવનમાંથી સદ્ગુણ આચરણની પ્રેરણા મળે.

વર્ગવ્યવહારના ઘટકોમાં પરોક્ષ અસરવાળા ઘટકોનો ઉપયોગ વધારે કરવો જોઈએ અને વર્ગવ્યવહારમાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધે તેવો પ્રયત્ન પણ કરવો જોઈએ. વર્ગમાં શિક્ષણકાર્ય કરવા જતા પહેલાં શિક્ષકે નીચેની બાબતો લક્ષમાં રાખવી જોઈએ.

## ૫. શિક્ષકે લક્ષમાં રાખવાની બાબતો:

- વિષય કે એકમની સંપૂર્ણ પૂર્વતૈયારી કરીને જ વર્ગમાં જવું.
- પ્રસન્ન ચિત્તે અને સસ્મિત મુખે વર્ગવ્યવહાર શરૂ કરવો.
- બાળકોનું અભિવાદન અને લાગણીઓ સપ્રેમ સ્વીકારવી.
- શિક્ષણકાર્ય માટે જરૂરી સ્વસ્થ વાતાવરણ સ્થાપી શિક્ષણકાર્ય માટે વિદ્યાર્થીઓને માનસિક રીતે તૈયાર કરવા.
- વિદ્યાર્થીઓના વૈયકિતક તફાવતો લક્ષમાં લઈ શિક્ષણકાર્ય કરવું.
- વર્ગવ્યવહારમાં વિદ્યાર્થીઓ ઉત્સાહથી ભાગીદાર બને તે માટે વર્ગવ્યવહાર દરમિયાન હકારાત્મક સુદઢકોનો ઉપયોગ કરવો.
- વિષયવસ્તુ પ્રત્યે રુચિ થાય તેવી રસપ્રદ અને સરળ શૈલીમાં શીખવવું.
- વિદ્યાર્થીઓની વયકક્ષા મુજબ શિક્ષણની વિવિધ પદ્ધતિઓ પસંદ કરી શિક્ષણ રસમય બનાવવું અને શૈક્ષણિક સાહિત્ય/સાધનોનો ઉપયોગ કરવો.
- વર્ગમાં વિદ્યાર્થીઓની ટીકા કે અપમાન ન કરવું.
- વર્ગવ્યવહારમાં શારીરિક શિક્ષાને સ્થાન ન આપવું; પરંતુ વિદ્યાર્થીઓ સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરી મુકત અને સ્વયંશિસ્ત ઊભી કરવી.
- શિક્ષકે વર્ગવ્યવહાર દરમિયાન ઓછામાં ઓછું બોલવું અને વિદ્યાર્થીઓને વધારેમાં વધારે બોલવા દેવા, બોલતા કરવા. વિદ્યાર્થીઓને વધારે પ્રવૃત્તિઓ આપવી - ચર્ચા કરવા દેવી.
- વિદ્યાર્થીઓ સમક્ષ આયોજન મુજબ જ શિક્ષણકાર્ય કરવું. નિરર્થક વાતો કે સ્વપ્રશંસામાં સમય ન બગાડવો.
- વિદ્યાર્થીઓને શિક્ષણકાર્ય અંતે સ્વાધ્યાય આપવો, કસોટી લેવી અને તપાસણી કરી જરૂરી શિક્ષણકાર્ય પુનઃ કરવું.

- ❖ શિક્ષક-વિદ્યાર્થી સંબંધો આત્મીય બનાવવા.

આમ, ઉપર મુજબની વિગતો લક્ષમાં રાખી વર્ગવ્યવહાર અસરકારક બનાવી શકાશે.

શિક્ષણપ્રક્રિયામાં શિક્ષણવ્યવહાર અને વર્ગવ્યવહારના ઘટકોની સમજ અનિવાર્ય છે. જેના દ્વારા શિક્ષણકાર્યને વધારે અસરકારક બનાવી શકાય. વર્ગખંડની પ્રક્રિયા માત્ર બે ધ્રુવ- શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે મર્યાદિત નથી; પરંતુ વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી વર્ગવ્યવહાર થતો હોય છે. આ વર્ગવ્યવહારને અસરકારક બનાવવા માટે વિદ્યાર્થીની આસપાસ શિક્ષક ઉપરાંત શૈક્ષણિક સાધન-સામગ્રી હોવાણી તે પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

આમ, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના વ્યવહારમાં શૈક્ષણિક સાધન-સામગ્રી પણ રહેલી હોવાથી વર્ગખંડની પ્રક્રિયા ત્રિ ધ્રુવીય બને છે.

# ૫ શાળા - બાળકોની સમસ્યાઓ અને ઉકેલો

ઈ.સ. ૧૯૪૭માં દેશ આઝાદ થયો. ઈ.સ. ૧૯૫૦માં દેશનું બંધારણ અમલમાં આવ્યું. આપણા બંધારણની કલમ ૪૫ મુજબ દેશમાં વસતાં તમામ ૬ થી ૧૪ વર્ષનાં બાળકો માટે કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક રીતે આપવાનું ધ્યેય રચાયું. આ ધ્યેય ૧૦ વર્ષમાં એટલે કે ઈ.સ. ૧૯૬૦માં પૂર્ણ કરવાનું હતું પરંતુ એક યા બીજાં કારણોસર આ ધ્યેય આજે પણ સિદ્ધ થઈ શક્યું નથી, જે હકીકત છે. લોકશાહી દેશ માટે નાગરિકો શિક્ષિત હોય તે અતિ આવશ્યક છે. કારણ કે, વ્યકિત શિક્ષિત ના બને ત્યાં સુધી પોતાનો વૈયકિતક, સામાજિક રાષ્ટ્રીય વિકાસ કરી શકતો નથી. કોઈ પણ દેશ કે સમાજનો વિકાસ વ્યકિત ઉપર છે. અને તે વ્યકિત શિક્ષિત હશે તે દેશનો વિકાસ ઝડપી બનશે. અભણ માણસો ગમે તેટલા સૂઝ, શકિત કે સમજ ધરાવતા હોય પણ અક્ષરજ્ઞાનના અભાવે પોતાનો વિકાસ સાધી શકતાં નથી, તે સર્વવિદિત છે.

આઝાદી પછી સરકારે પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ માટે સારા કરી શકાય તેવા પ્રયત્નો કર્યા છે. પરિણામે, શિક્ષણનો વ્યાપ વધેલો જોવા મળે છે, પરંતુ કવોન્ટિટી વધતાં કવોલિટી ઘટેલી જોવા મળે છે. એટલે કે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં ઓટ આવેલી જોવા મળે છે. આ માટેનાં કારણોનું પૃથ્થકરણ કરતાં જાણવા મળે છે કે આજે આપણી શાળાઓમાં કેટલીક શાળાઓની અને વિદ્યાર્થીઓની સમસ્યાઓના કારણે શાળાઓની ગુણવત્તામાં ઓટ આવેલી જોવા મળે છે. જો શિક્ષણનાં સાર્વત્રીકરણ અને ગુણવત્તા ઊંચી લાવવી હોય તો શાળાની અને વિદ્યાર્થીઓની સમસ્યાઓનો હલ કરવી અતિ આવશ્યક છે. આ માટે સમાજના સહયોગ સિવાય આ કાર્ય થઈ શકે તેમ નથી. આ માટે શાળાએ આવી સમસ્યાઓ હલ કરવા સમાજનો જરૂરી સહયોગ પ્રાપ્ત કરવો જોઈએ.

## ૧. શાળાની ભૌતિક સમસ્યાઓ અને તેના ઉપાયો:

### (૧) સમસ્યાઓ:

- ❖ આપણી કેટલીક શાળાઓ પાસે મકાનની પૂરતી સવલત નથી. વિદ્યાર્થીઓને બેસવા પૂરતા ઓરડા નથી. પરિણામે, એક ઓરડામાં બે ધોરણો બેસાડવા પડે છે, જેના પરિણામે બાળકોનું શિક્ષણ બગડે છે.
- ❖ કેટલીક શાળાનાં મકાનો, જૂનાં, જર્જરિત, અંધારિયા અને હવાઉજાસ વગરનાં છે. આ મકાનો ખૂબ જૂનાં છે. કદાચ મકાનો બન્યાં હશે ત્યારે ઓછી સંખ્યા માટે અનુકૂળ હશે પરંતુ આજે વર્ગની સંખ્યા વધી હોઈ આ મકાનો અને વર્ગખંડો સાંકડા પડે છે.
- ❖ પ્રાથમિક શાળાનાં મકાનોની મરામત સમયસર થતી નથી.
- ❖ પીવાના પાણીની સુવિધા બધી શાળાઓમાં થઈ શકી નથી. પરબ હોય ત્યાં પાણી પાનારાની વ્યવસ્થા નથી. ટાંકી હોય ત્યાં પૂરતા નળ નથી.
- ❖ બાળકોની સંખ્યાના પ્રમાણમાં સંડાસ, મુતરડીની પૂરતી સવલતો નથી.
- ❖ શાળામાં જરૂરી ફર્નિચર ખુરશી, ટેબલ, કબાટ, તિજોરી, પાટલીઓ પૂરતા પ્રમાણમાં નથી.
- ❖ પુસ્તકાલય માટે કબાટ, ઘોડા, નથી. ટી.વી. કે ટેપરેકોર્ડર મૂકવા પૂરતા પ્રમાણમાં લોખંડની તિજોરી નથી.
- ❖ વિજ્ઞાનના પ્રયોગો માટે સાધનો મૂકવા કબાટો નથી. સાધનો પણ નથી.
- ❖ શહેરોની શાળાઓમાં રમતગમત માટેનું મેદાન નથી. રમતગમતનાં સાધનો નથી.
- ❖ ઉદ્યોગ માટે વર્કશોપ અને તે માટેનાં જરૂરી સાધનો નથી.
- ❖ સંગીત માટેનાં સાધનો નથી.
- ❖ શાળાઓ જૂની હોવાથી તેનું રાચરચીલું પણ જૂનું છે. યોગ્ય સમયાંતરે તેનું સમારકામ થઈ શકતું નથી. પરિણામે, આવાં સાધનોનો ઉપયોગ કરી શકાતો નથી.
- ❖ શાળામાં બાગ માટે જમીન અને પાણીની વ્યવસ્થા નથી. રજાઓ કે વેકેશનમાં બાગની જાળવણી થઈ શકતી નથી.
- ❖ શહેરોની શાળાઓમાં રમતનાં મેદાનો દૂર હોય છે, જેથી તેનો ઉપયોગ કરી શકાતો નથી. પરિણામે, કેટલીક શાળા રમતો રમાડી શકતી નથી.
- ❖ શાળાના ફરતે કંમ્પાઉન્ડ વોલ (વરંડો) નથી. તેમજ ચોકીદારની વ્યવસ્થા પણ ન હોવાથી શાળાની ભૌતિક સંપત્તિની જાળવણી થઈ શકતી નથી.

### (૨) ઉપાયો:

- ❖ શાળા પાસે વર્ગોને બેસવા પૂરતા ઓરડા ન હોય તો સરકારમાં રજૂઆત કરવી. ગામમાંથી ફંડફાળો એકત્ર કરી વર્ગો માટે ઓરડાની વ્યવસ્થા કરવી કેટલીક સ્વૈચ્છિક સંસ્થાની પણ મદદ લેવી. ઉદા., હરિ ૐ આશ્રમ.
- ❖ શાળામાં બાળકો માટેની ભૌતિક સગવડો અને સવલતો માટે ગામના સુખી અને સમૃદ્ધ વાલીઓ અને ગામની સ્થાનિક સંસ્થાઓનો સહયોગ મેળવીને આ વ્યવસ્થા કરી શકાય.
- ❖ શાળામાં પુસ્તકાલયની સુવિધા માટે ગામના સાર્વજનિક પુસ્તકાલયનો સહયોગ મેળવી શકાય.

કોઈ વાલીનો આર્થિક સહયોગ મેળવીને નવાં પુસ્તકો ખરીદી શકાય. વાંચનાલય માટે વર્ગખંડની શાળાની લોબીનો ઉપયોગ કરી શકાય.

- ❖ શાળામાં વિજ્ઞાનના પ્રયોગ માટે ગામની કે નજીકની માધ્યમિક શાળાનો સહયોગ મેળવી શકાય.
- ❖ શાળાબાગ માટે જમીન-પાણીની વ્યવસ્થા માટે ગ્રામપંચાયતનો સહકાર મેળવી શકાય. ગૌચરની જમીન હોય તો તેનો ઉપયોગ કરી શકાય.
- ❖ શાળાની તમામ ભૌતિક સુવિધાઓ પૂર્ણ કરવામાં ગ્રામશિક્ષણ સમિતિનો સહયોગ મેળવી, ગામના વાલીઓ અને સ્થાનિક સંસ્થાઓનો સહયોગ મેળવી આવી જરૂરિયાતો પૂર્ણ કરી શકાય.

## ૨. શાળાની સામાજિક સમસ્યાઓ અને તેના ઉપાયોઃ

### (૧) સમસ્યાઓ:

- ❖ આજે પણ ગામડામાં વસતા લોકો મોટે ભાગે અજ્ઞાની અને નિરક્ષર હોવાથી પૂરતો સહયોગ આપી શકતા નથી.
- ❖ ગામમાંથી વિચરતી જાતિના તેમજ મજૂર વર્ગના લોકો કામધંધા માટે સ્થળાંતર કરતા હોવાથી આ જાતિનાં બાળકોમાં શિક્ષણની સમસ્યા ઊભી થાય છે. ખાસ કરીને નાનાં બાળકો તેમનાં માતા-પિતા સાથે સ્થળાંતર કરતાં હોવાથી તેમનું શિક્ષણ બગડે છે.
- ❖ પછાત અને અંતરિયાળ ગામોમાં સ્ત્રીશિક્ષિકાઓ નોકરી કરવા જવા તૈયાર નથી. તેમને રહેઠાણ માટે મકાનની સુવિધાનો પ્રશ્ન નડે છે.
- ❖ કેટલાક પછાત અને ડુંગરાળ કે જંગલ વિસ્તારમાં રહેતા લોકો તેમની પ્રાદેશિક ભાષા બોલે છે., જેથી પ્રવર્તમાન પાઠ્યપુસ્તકો અને શિક્ષકો અસરકારક શિક્ષણ આપવામાં ઊણાં ઊતરે છે.
- ❖ ગામડામાં રૂઢિચુસ્તતાને લીધે અને કુરિવાજોને કારણે હજુ પણ કેટલાક વાલીઓ સહશિક્ષણવાળી શાળામાં પોતાની કન્યાને ભણાવવા ઈચ્છતા નથી.
- ❖ હજુ આજે પણ પછાત વિસ્તારોમાં લોકો નિરક્ષર અને અજ્ઞાની છે. ત્યાં એકલો ભણેલો શિક્ષક અનુકૂલન સાધી શકતો નથી.
- ❖ પ્રવર્તમાન સમયમાં લોકો ગામડાં છોડી રોજીરોટી માટે શહેરો તરફ વળ્યા છે. જેના લીધે ગામડાંની શાળામાં સંખ્યા ઓછી થતી જાય છે જ્યારે શહેરોની શાળાઓમાં સંખ્યાનો ભરાવો થતો જાય છે.

### (૨) ઉપાયો:

- ❖ શાળાને સ્થાનિક સમાજનો સહયોગ પ્રાપ્ત થાય તેમજ સ્થાનિક સમાજને જાગૃત કરવા તેમજ તેમને શિક્ષણનું મૂલ્ય સમજાવવા વર્ષમાં બે વાર વાલીસંમેલન અને માતૃસંમેલનનું આયોજન કરવું.
- ❖ શાળામાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ સમાજ જાગૃતિ કાર્યક્રમો દ્વારા લોકોમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવા.
- ❖ શિક્ષકોએ અવારનવાર વાલીનો સંપર્ક સાધવો. જરૂરી જણાયે વાલીના ઘરની મુલાકાત લેવી.
- ❖ વિચરતી અને ભટકતી જાતિનાં બાળકોને તેમની જાતિનાં છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં દાખલ કરાવવાં.
- ❖ કેટલાક રૂઢિચુસ્ત વાલીઓ પોતાની કન્યાને સહશિક્ષણવાળી શાળાઓમાં મોકલવા તૈયાર થતા ન હોય તો તેમનો વ્યકિતગત સંપર્ક કરી તેમને કન્યાકેળવણીનું મહત્ત્વ સમજાવવું.
- ❖ સમાજનાં બાળલગ્નો અટકે તે માટે સઘન પ્રયત્નો હાથ ધરવા.
- ❖ ગામડામાં સ્ત્રીશિક્ષિકાઓ માટે રહેઠાણની વ્યવસ્થા કરવી.

૮. પછાત વિસ્તારોમાં વિશિષ્ટ લોકબોલીને સમજી શકે તેવા શિક્ષકોની નિમણૂંક કરવી. તેને વધુ માર્ગદર્શન મળે તેવા પ્રયત્નો કરવા.

## ૩. શાળાની આર્થિક સમસ્યાઓ અને તેના ઉપાયોઃ

### (૧) સમસ્યાઓ:

- ❖ શાળાના શિક્ષકોનો પગાર સરકાર ચૂકવે છે, પરંતુ ઈતર ખર્ચ માટે કોઈ જોગવાઈ નથી.
- ❖ સ્થાનિક સમાજના લોકો માધ્યમિક શાળાને પોતીકી ગણે છે જ્યારે પ્રાથમિક શાળાને સરકારી સંસ્થા ગણી તેને જરૂરી આર્થિક સહયોગ આપતા નથી.
- ❖ પ્રાથમિક શાળામાં મકાન, ફર્નિચર, શૈક્ષણિક સાધનસામગ્રી, પુસ્તકો, સંદર્ભગ્રંથો, પીવાના પાણીની વ્યવસ્થા, જાજરૂ, મુતરડી વગેરે માટે સરકાર તરફથી જરૂરી આર્થિક મદદ મળતી નથી.
- ❖ શાળાની ઈતર પ્રવૃત્તિઓ માટે સરકાર તરફથી નાણાકીય જોગવાઈ ન હોવાથી શાળાઓ મુશ્કેલી અનુભવે છે. હાલ શાળાને જે કન્ટીજન્સી ખર્ચ મળે છે, તે અપૂરતો છે.
- ❖ સમાજના ગરીબીરેખાથી નીચે જીવતા લોકો ખરાબ આર્થિક સ્થિતિને લઈને પોતાના બાળકની શૈક્ષણિક જરૂરિયાતો પૂર્ણ કરી શકતા નથી. ક્યારેક આવાં બાળકો ગરીબીને લીધે શાળા છોડી દેતાં હોય છે.
- ❖ ગામડામાં ક્યારેક વાલીઓ પોતાનાં બાળકોને ખેતીકામ કે ઢોર ચરાવવા મોકલે છે. ક્યારેક મા-બાપ આજીવિકા કે કામધંધે બહાર જાય ત્યારે નાનાં બાળકોને સાચવવાની અને રસોઈ કરવાની જવાબદારી મોટી દીકરી પર આવી જાય છે. પરિણામે, તેનું શિક્ષણ બગડ છે.

### (૨) ઉપાયો:

- ❖ સરકાર માધ્યમિક શાળાના કર્મચારીઓના પગારખર્ચ પર શાળાને સહાયક અનુદાન આપે છે. તેવી વ્યવસ્થા પ્રાથમિક શાળાઓ માટે પણ હોવી જોઈએ, જેથી પ્રાથમિક શાળાઓમાં ઈતરખર્ચ માટે મુશ્કેલી ન પડે.
- ❖ સમાજના સાધનસંપન્ન અને સુખી વાલીઓને શાળાની આવશ્યક જરૂરિયાતો પૂર્ણ કરવા ઉદાર હાથે ફાળો આપવો જોઈએ.
- ❖ ગામની સ્થાનિક સંસ્થાઓ જેવી કે ગ્રામપંચાયત, સેવા સહકારી મંડળી, દૂધ ઉત્પાદક સહકારી મંડળી, ધિરાણ સહકારી મંડળી, યુવકમંડળ, મહિલા મંડળ, સ્વાધ્યાય મંડળ, વગેરેએ પોતાના ભંડોળમાંથી પ્રાથમિક શાળાને આર્થિક મદદ કરવી જોઈએ. સહકારી સંસ્થાઓએ તેમના નફામાંથી

અમુક ટકા રકમ શાળાને આપવી જોઈએ.

- શાળામાં યોજાતી વિવિધ પ્રવૃત્તિઓના આયોજનમાં શિક્ષકોએ સમાજને સહભાગી બનાવી શાળાની આર્થિક જરૂરિયાતો અને સમસ્યાઓ જણાવી તેમનો સહયોગ મેળવવો જોઈએ.
- શાળામાં વર્ષમાં બે વાર વાલીસંમેલન - માતૃસંમેલનનું આયોજન કરી શાળાએ પોતાની આવશ્યક જરૂરિયાતો અને આર્થિક સમસ્યાઓ સમાજ સુધી પહોંચાડવી જોઈએ.
- શાળાની આર્થિક જરૂરિયાતો પૂર્ણ કરવા ગ્રામશિક્ષણ સમિતિ, વાલી શિક્ષક મંડળ, માતૃ શિક્ષક મંડળનો રચનાત્મક સહયોગ શાળાને મળે તે માટે શિક્ષકોએ સઘન પ્રયત્નો કરવા. તેમના સંપર્કમાં રહી તેમનો સહયોગ પ્રાપ્ત કરવો જોઈએ.

## ૪. શાળાની શૈક્ષણિક સમસ્યાઓ અને તેના ઉપાયોઃ

### (૧) સમસ્યાઓ:

- આપણી કેટલીક શાળાઓમાં આજે પણ શિક્ષકોની ઘટ છે. વળી, એક શિક્ષકવાળી શાળાઓની સંખ્યા પણ આપણે ત્યાં વધુ છે. પરિણામે, એક શિક્ષકને બે કે તેથી વધુ ધોરણો ભણાવવાં પડે છે. જેના લીધે શાળામાં અસરકારક શિક્ષણકાર્ય થઈ શકતું નથી.
- શિક્ષણનાં નવા અભિગમો, પ્રવાહો, પદ્ધતિઓ, પ્રયુક્તિઓથી શિક્ષકો પૂરા વાકેફ નથી.
- શાળામાં જરૂરી શૈક્ષણિક સાધનસામગ્રીની અછત છે. કેટલીક શાળાઓ પાસે વર્ગખંડની ચાર દીવાલો અને કાળા પાટિયા સિવાય અન્ય કોઈ સાધનસામગ્રી નથી.
- આપણા પ્રાથમિક શિક્ષકોને સરકાર શિક્ષણ ઉપરાંત અન્ય સરકારી અને વહીવટી કામો સોંપે છે. જેના લીધે શિક્ષક તેના વર્ગનાં બાળકો પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકતો નથી.
- હજુ આજે આપણા કેટલાક જૂના શિક્ષકો ચીલાચાલુ શિક્ષણપદ્ધતિથી જ શિક્ષણકાર્ય કરે છે. પરિણામે, તેમના શિક્ષણમાં બાળકોને રસ પડતો નથી.
- સમગ્ર રાજયમાં શાળાઓનો અભ્યાસક્રમ એક જ હોય છે. પરિણામે, પછાત અંતરિયાળ વિસ્તારોમાં બાળકોને તે અઘરો લાગે છે.
- શિક્ષણની ગુણવત્તા સુધારવામાં સ્થાનિક સમાજનો સહયોગ શાળાને પૂરતા પ્રમાણમાં મળતો નથી.
- શિક્ષકોને નવીન પ્રવાહો, પદ્ધતિઓ અને પ્રયુક્તિઓની માહિતગાર રાખવા ઈનસર્વીસ તાલીમની વ્યવસ્થા બધે થઈ શકી નથી.
- શાળા પાસે જરૂરી શૈક્ષણિક સાધનો, રમતગમતનાં સાધનો, સંગીતનાં સાધનો, પ્રયોગનાં સાધનોની અછત છે. પરિણામે, શાળામાં ગુણાત્મક શિક્ષણ આપી શકાતું નથી.
- આપણી શાળાઓનાં મકાનો અને વર્ગખંડો વર્ષો પહેલાં બનેલાં છે જે નાનાં અને સાંકડાં છે. જેથી તેમાં ૬૦ થી ૭૦ વિદ્યાર્થીઓને બેસાડવા પડે. તેવા સંજોગોમાં વર્ગસંચાલનની સમસ્યાઓ ઊભી થાય છે. ક્યારેક એક વર્ગમાં બે ધોરણો બેસાડવાં પડે ત્યાં પણ આ સમસ્યા ઊભી થાય છે.

### (૨) ઉપાયો:

- જ્યાં શિક્ષકની ઘટ છે ત્યાં ગામની ભણેલી (PTC કે B.Ed.) થયેલી વ્યક્તિની સેવાનો લાભ લઈ શકાય. ગામની સ્થાનિક સંસ્થાઓએ અને સમાજે આવા ઉમેદવારોને આર્થિક સહાય (માનદ્‌વેતન)ની વ્યવસ્થા કરવી.
- શિક્ષકો શિક્ષણના નવા પ્રવાહોથી અને નવી તરાહોથી વાકેફ રહે તે માટે સેવાકાલીન તાલીમનું આયોજન જિલ્લા સમિતિ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને જી.સી.ઈ.આર.ટી.ના સહયોગથી કરવું. આવી તાલીમ વેકેશનમાં ગોઠવવી જોઈએ.
- શાળામાં જરૂરી શૈક્ષણિક સાધનસામગ્રી માટે સ્થાનિક સુખી અને સમૃદ્ધ વાલીઓનો સહયોગ લઈ શાળામાં આવાં સાધનો વસાવવાં જોઈએ. ગામની સ્થાનિક સંસ્થાઓ પણ આ કાર્યમાં આર્થિક સહયોગ આપી શકે.
- ગામમાં વસતા નિવૃત્ત શિક્ષકોનો સહકાર અને માર્ગદર્શન મેળવી શકાય.
- દુનિયાના કેટલાક દેશમાં અમુક વર્ષ પછી શિક્ષકોએ તેઓ સારી રીતે શિક્ષણકાર્ય કરી શકે તેમ છે તેવી સક્ષમતા સાબિત કરવી પડે છે. આપણે ત્યાં પણ આ અંગે વિચારી શકાય.
- એક શિક્ષકવાળી શાળામાં શિક્ષક રજા પર જાય કે ગેરહાજર હોય તેવા સંજોગોમાં બીટમાં અવેજી શિક્ષકની વ્યવસ્થા હોવી જોઈએ. જેથી આવા શિક્ષક ત્યાં પહોંચી જાય. આમ, ન થઈ શકે ત્યાં પે સેન્ટર શાળાના આચાર્યએ વ્યવસ્થા કરવી.
- શાળાના શિક્ષકોએ શાળામાં યોજાતી વિવિધ પ્રવૃત્તિઓમાં સ્થાનિક સમાજને સહભાગી બનાવી તેમનો સહયોગ મેળવી શાળાની સમસ્યાઓ હલ કરવા પ્રયત્નો કરવા જોઈએ.

## ૫. શાળાનાં બાળકોની સમસ્યઓ-કારણો-ઉપાયોઃ

આઝાદી પછી દેશમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધ્યો છે. આજે ગામડે ગામડે આપણી પ્રાથમિક શાળા પહોંચી છે. સરકારે પણ પ્રાથમિક શિક્ષણના ફેલાવા માટે સારા કહી શકાય તેવા પ્રયત્નો કર્યા છે. આજે સમાજનાં તમામ વર્ગોનાં બાળકો શાળામાં અભ્યાસ અર્થે આવે છે. આ બાળકો તેમના કુટુંબના સારા સંસ્કારો, ખાસિયતો સાથે ક્યારેક કુટુંબની સમસ્યાઓને પણ શાળામાં લાવે છે. જેથી શાળામાં વિદ્યાર્થીઓની સમસ્યાઓ ઉદ્‌ભવે છે. પ્રાથમિક કક્ષાએ અભ્યાસ કરતાં બાળકોની કાચી વયકક્ષાને લઈને તેઓ સારા-નરસાનો ભેદ પારખી શકતાં નથી. ક્યારેક ખોટું અનુકરણ, દેખાદેખી ખરાબ સોબત, પ્રબળ સંગ્રહવૃત્તિ જેવાં કારણોને લઈને પણ વિદ્યાર્થીઓમાં વિવિધ પ્રકારની સમસ્યાઓ જોવા મળે છે. આવી સમસ્યાઓની ચોક્કસ યાદી બનાવવી મુશ્કેલ છે. આમ છતાં શાળા કક્ષાએ નીચે જેવી સમસ્યાઓ બાળકોમાં જોવા મળે છે:

**(૧) સમસ્યાઓ:**

- ❖ શાળામાં મોડા આવવું.
- ❖ શાળામાંથી ચાલુ વર્ગે ભાગી જવું.
- ❖ સ્વાધ્યાય કાર્ય ન કરવું.
- ❖ શાળામાં વારંવાર ગેરહાજર રહેવું.
- ❖ જૂઠું બોલવું.
- ❖ ચોરી કરવી.
- ❖ વર્ગમાં મારામારી કરવી.
- ❖ શાળામાં ગાળો બોલવી.
- ❖ વર્ગમાં ઉદાસીન બેસી રહેવું.
- ❖ શિક્ષણસામગ્રી ન લાવવી.
- ❖ શાળાની મિલકતને નુકશાન કરવું.
- ❖ બડાઈ હાંકવી.
- ❖ સ્લેટમાં લીટા દોરવા.
- ❖ વ્યસનના ભોગ બનવું.
- ❖ શિક્ષકની આજ્ઞા ન માનવી.
- ❖ શાળાની શિસ્તનો વારંવાર ભંગ કરવો.

**(૨) કારણો:**

સામન્ય રીતે શાળામાં અભ્યાસ કરતાં બાળકોમાં ઉપર મુજબની સમસ્યાઓ જોવા મળે છે. આવી સમસ્યાઓ સામાન્ય રીતે તેમની વર્તન સમસ્યાઓ છે. જે માટે નીચેના જેવાં કારણોને જવાબદાર ગણી શકાય.

- ❖ આપણા સમાજના મોટા ભાગના વાલીઓ નિરક્ષર, અજ્ઞાની અને અંધશ્રદ્ધામાં માનનારા છે. તેમને બાળ વિકાસ અને બાળમનોવિજ્ઞાનનું જ્ઞાન હોતું નથી. ક્યારેક તેમને બાળકના શિક્ષણની અગત્ય પણ ઓછી હોય છે.
- ❖ ક્યારેક ઘર કે કુટુંબમાં બાળકને અતિશય લાડ પ્યાર, અતિશય સ્વતંત્રતાને લીધે બાળકોમાં કેટલીક સમસ્યાઓ ઉદ્‌ભવે છે. આવી સમસ્યાઓમાં બાળકો ક્યારેક સ્વછંદી બની જાય છે.
- ❖ કેટલાંક ઘરના નિરાશાજનક, કજિયાળા કે ધૃણાજનક વાતાવરણને લીધે પણ બાળકો સમસ્યાનાં ભોગ બને છે.
- ❖ ઘર કે કુટુંબ બાળકોની આવશ્યક જરૂરિયાતો સંતોષાતી ન હોય ત્યાં બાળકો એક પ્રકારની માનસિક તાણ અનુભવે છે, જેમાંથી વિવિધ સમસ્યાઓ ઉદ્‌ભવે છે.
- ❖ શાળામાં કડક શિસ્તનો આગ્રહ, ધૃણાજનક અને ધાકધમકીભર્યા વાતાવરણથી પણ બાળકોમાં વિવિધ સમસ્યાઓ સર્જાય છે.
- ❖ બાળકમાં જો કોઈ શારીરિક ખોડ હોય તો તેનાથી તેનામાં લઘુતાગ્રંથિ ઉદ્‌ભવે છે. જેથી આવાં વિકલાંગ બાળકો ક્યારેક શાળામાં યોગ્ય અનુકૂલન સાધી શકતાં નથી અને સમસ્યાનાં ભોગ બની જાય છે.
- ❖ ક્યારેક ચિંતા, ખેદ, થાક, દુઃખ, અસલામતી, અન્યની જોહુકમી, વડીલોની ઓછી કાળજી, બાળકની ઓછી યોગ્યતા, ભારે અભ્યાસક્રમ, ઘરમાં ઓછી સુવિધાઓ વગેરે કારણોસર બાળક સમસ્યાઓનો ભોગ બની જાય છે.
- ❖ બાળકોની સ્વાતંત્રતા પર કાપ, ક્યારેક વડીલોનું હંમેશાં નકારાત્મક વલણ પણ સમસ્યાઓ માટે કારણરૂપ બને છે.
- ❖ ઘરમાં, સમાજમાં, શાળામાં બાળવિકાસને પોષક કાર્યક્રમોનો અભાવ.
- ❖ ખરાબ સોબત, બાળપણમાં ખરાબ ટેવો પ્રત્યે બેદરકારી, ઘરમાં પ્રેમભાવનો અભાવ, વગેરેના લીધે બાળક અન્ય જગ્યાએથી પ્રેમ શોધે છે અને તે ક્યારેક અસામાજિક તત્ત્વોનો શિકાર બની જાય છે.
- ❖ ઘરમાં માતા-પિતાના નકારાત્મક વર્તનની બાળકો પર અસર થાય છે. માતા-પિતા જૂઠું બોલતાં હોય, મારામારી કરતાં હોય ગાળો બોલતાં હોય, બડાઈ હાંકતા હોય આવા સંજોગોમાં બાળકો ખોટું અનુકરણ કરે તો સમસ્યાનો ભોગ બની જાય છે.
- ❖ ઘર અને શાળામાં બાળકોને પૂરતા પ્રમાણમાં પ્રેમ, હૂંફ, વાત્સલ્ય, સહકાર, સહાનુભૂતિ, પ્રેરણા, પ્રોત્સાહન, માર્ગદર્શન ન મળતાં હોય ત્યારે બાળકો મૂંઝાય છે. તેઓ ઘર અને શાળામાં અસલામતી અનુભવે છે અને તેમાંથી તેઓ સમસ્યાઓનો ભોગ બની જાય છે.
- ❖ ક્યારેક શાળામાં અપૂરતી સગવડો અને સુવિધાઓ પણ બાળકોની સમસ્યાનું કારણ બની શકે છે. શિક્ષકો વધુ ગૃહકાર્ય આપે તોપણ મુશ્કેલી ઊભી થઈ શકે.
- ❖ ઘર અને શાળામાં અતિશય કડક શિસ્તનો આગ્રહ હોય, બાળકને વાલીઓ અને શિક્ષકો શારીરિક શિક્ષા કરતા હોય.
- ❖ આત્મવિશ્વાસનો અભાવ હોય બાળક લઘુતાગ્રંથિનો ભોગ બને છે.
- ❖ પડોશીઓ અને કુટુંબના સભ્યોનું વર્તન યોગ્ય ન હોય, ઘરમાં બાળકોના 'સ્વ'ને બહાર આવવાની તક મળતી ન હોય.

**(૩) ઉપાયો:**

આપણે એ વાતથી સુપરિચિત છીએ કે દુનિયાના કોઈ પણ દેશની અને કોઈ પણ જગ્યાએ આવેલી શાળામાં બાળકો ડાહ્યાંડમરાં થઈને અભ્યાસ કરે તેવું બનતું નથી. વિશ્વની તમામ શાળાઓમાં શાળાની અને બાળકોની નાની મોટી સમસ્યાઓ હોય છે. નિષ્ઠાવાન, કાર્યદક્ષ અને મનોવિજ્ઞાનનો જાણકાર શિક્ષક સમાજનો સહયોગ પ્રાપ્ત કરી આવી સમસ્યાઓનો વિધેયાત્મક ઉકેલ શોધી શકે. વિદ્યાર્થીઓની મોટા ભાગની સમસ્યાઓ તેમની શાળામાં અને ઘરમાં આવશ્યક જરૂરિયાતો ન સંતોષવાનાં અસંતોષમાંથી ઉદ્‌ભવે છે. આ માટે શિક્ષકોએ વાલીઓનો સંપર્ક કરી તેમનો સહયોગ મેળવી, આવી સમસ્યાઓ હલ કરવા પ્રયત્નો કરવા જોઈએ. આ માટે નીચે જેવા પ્રયત્નો આવકાર્ય છે.

- ❖ શિક્ષકોએ અસરકારક વાલીસંપર્ક દ્વારા બાળકોની સમસ્યાઓ હલ કરવા પ્રયત્નો કરવા જોઈએ. આ માટે શાળાનાં સમસ્યારૂપ બાળકોની યાદી બનાવી, તેમના વાલીને શાળામાં બોલાવી શકાય. વાલી શાળામાં ન આવે એવા સંજોગોમાં શિક્ષકોએ બાળકના ઘરની મુલાકાત લઈ વાલીનો સંપર્ક કરી સહયોગ મેળવવો જોઈએ.

- વાલીઓએ કુટુંબમાં પોતાનાં બાળકોની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ કરવી જોઈએ, કારણકે બાળકોની મોટાભાગની સમસ્યાઓ બાળકોની મૂળભૂત જરૂરિયાતો ન સંતોષાવાના અસંતોષમાંથી ઉદ્‌ભવતી હોય છે.
- સમાજના સુખી અને સમૃદ્ધ વાલીઓ તેમજ સ્થાનિક સંસ્થાઓએ શાળાનાં ગરીબ અને આર્થિક પછાત બાળકોની આવશ્યક શૈક્ષણિક જરૂરિયાતો પૂર્ણ કરવા આર્થિક સહયોગ આપવો જોઈએ.
- સમાજના નાગરિકોએ અવારનવાર શાળાની મુલાકાત લઈ શિક્ષકોને મળી બાળકોની સમસ્યા હલ કરવામાં જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપવાં.
- શાળામાં ભૌતિક જરૂરિયાતો જો પૂરતા પ્રમાણમાં ન હોય તો તેના અસંતોષમાંથી બાળકોમાં કેટલીક સમસ્યાઓ ઉદ્‌ભવે છે. આ માટે સમાજે અને સ્થાનિક સંસ્થાઓએ શાળામાં બાળકો માટેની જરૂરી ભૌતિક સુવિધાઓ અને સગવડો પૂર્ણ કરવા પ્રયત્નો કરવા જોઈએ. ઉદા., યુવક મંડળ ગામમાંથી ફંડફાળો એકત્ર કરી શાળામાં બાળકોના પીવાના પાણી માટે ટાંકીની વ્યવસ્થા કરી શકે.
- જૂઠું બોલવું, ચોરી કરવી, મારામારી કરવી, ગાળો બોલવી, બડાઈ હાંકવી જેવી સમસ્યાઓ બાળકો સમાજના વડીલોના ખોટા અનુકરણમાંથી શીખતા હોય છે. ઉદા., ઘરમાં પપ્પા હાજર હોવા છતાં કોઈ બોલાવે તો બાળક સાથે પપ્પા ઘરમાં નથી, એવું કહેવડાવવામાં આવે છે. પોતાનાં બાળકોના સારા ભવિષ્ય માટે સમાજના લોકોએ આવી નકારાત્મક વૃત્તિનો ત્યાગ કરવો જોઈએ.
- શાળામાં યોજાતી વિવિધ જીવનલક્ષી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સમાજે સહભાગી બની બાળકોને પ્રોત્સાહન આપવું. વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સારું પ્રોત્સાહન આપવું. વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સારું કામ કરતા વિદ્યાર્થીઓને બિરદાવવા તેમને ઈનામો આપી પ્રોત્સાહન આપવું.
- વાલીઓએ શિક્ષકોને સમસ્યાઓ ઉકેલવામાં હકારાત્મક પ્રતિસાદ આપવો.
- બાળક સમસ્યાનો ભોગ કેમ બન્યું છે? આ માટે શિક્ષકોએ તેનો વ્યકિત અભ્યાસ કરી તેનાં કારણો જાણવાં અને વાલીનો સહયોગ મેળવી આ સમસ્યા હલ કરવા પ્રયત્નો કરવા.
- ક્યારેક પોતાનું બાળક આવી સમસ્યાનો ભોગ બન્યું હોય તો આ અંગે લઘુતાગ્રંથિ ન અનુભવતાં તેનો મનોવૈજ્ઞાનિક રીતે ઈલાજ અને ઉપચાર કરવો.
- ગામની પ્રાથમિક શાળાને સમાજે પોતીકી ગણી તેનું જતન અને જાળવણી કરવી. શાળામાં જ્યારે વાલીઓને બોલાવવામાં આવે ત્યારે વિના સંકોચે શિક્ષકોને મદદરૂપ બનવા પ્રયત્નો કરવા.

સામાન્ય રીતે શાળા કક્ષાએ બાળકોની કેટલીક સમસ્યાઓ તેનાં કારણો અને ઉકેલો અંગે ચર્ચા કરી છે. ઉદાહરણ સ્વરૂપે નીચે કેટલીક સમસ્યાઓ - કારણો અને ઉપાયો અંગે વિચારીએ:

## ૬. ઉદાહરણો

### ૧. શાળામાં વારંવાર ગેરહાજર રહેવું:

**(૧) કારણો:**

- આવાં બાળકના વાલીઓને શિક્ષણની અગત્ય ઓછી હોય છે.
- ઘરના વડીલો બાળકોને ઘરનાં અન્ય કામો સોંપતા હોય.
- ગામડાંના વાલીઓ બાળકોને ખેતીકામમાં મદદે લેતા હોવાથી તેઓ બાળકોને નિયમિત શાળામાં મોકલતા નથી.
- બાળકને શાળામાં શિક્ષકોનો ડર લાગતો હોય.
- શિક્ષકે સોંપેલ ગૃહકાર્ય પૂર્ણ કર્યું ન હોય.
- બાળકને શાળાની પ્રવૃત્તિઓમાં અને શિક્ષણમાં રસ પડતો ન હોય.
- પોતાના મિત્રો ગેરહાજર રહેવાના હોય.
- ફળિયામાં કોઈકનું લગ્ન હોય, ઘેર મહેમાન આવ્યા હોય, તેવા સંજોગોમાં વાલીઓ બાળકને નિયમિત શાળામાં જવાનો આગ્રહ રાખતા નથી.

**(૨) ઉપાયો:**

- શિક્ષકોએ બાળક ગેરહાજર કેમ રહે છે? તેનાં સાચાં કારણોની તપાસ કરવી.
- શાળામાં કોઈ પણ વિદ્યાર્થી રજા મેળવીને ગેરહાજર રહે તેવું વાતાવરણ ઊભું કરવું.
- વાલીઓ ઘરકામમાં બાળકને રોકતા હોય તો તેમનો રૂબરૂ સંપર્ક કરી તેમને સમજાવવા.
- શાળાના શિક્ષકોએ કડક શિસ્તનો આગ્રહ ન રાખતાં બાળકોને પ્રેમ અને હૂંફ આપી વાત્સલ્યથી વશ કરવાં.
- શાળામાં વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, ઉત્સવોની ઉજવણી, સ્પર્ધાઓ, રમતગમતની પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરી બાળકો નિયમિત શાળામાં આવવા આકર્ષાય એવા પ્રયત્નો કરવા.
- ગેરહાજર રહેતાં બાળકોને શારીરિક શિક્ષા ન કરવી. તેમને જાહેરમાં ઉતારી ન પાડતાં તેમને પ્રેમથી સમજાવવાં.
- શાળાનો સમય વિદ્યાર્થીઓને અનુકૂળ આવે તેવો રાખવો.

### ૨. ચોરી કરવી:

**(૧) કારણો:**

- બાળકની મૂળભૂત જરૂરિયાતો કુટુંબમાંથી સંતોષાતી ન હોય.
- સંગ્રહવૃત્તિ પ્રબળ હોય.
- ઘરમાં માતા-પિતા, ભાઈ, શાળામાં મિત્રો તરફથી ચોરી કરવાની પ્રેરણા મળી હોય.
- બાળકને ઘરમાં કે શાળામાં મનપસંદ વસ્તુઓ મળી શકતી ન હોય.
- ક્યારેક અસામાજિક તત્ત્વોના શિકાર બનેલાં બાળકો તેમના ભયના કારણે ચોરી કરતાં હોય છે.
- ક્યારેક બાળકો પોતાના મિત્રો પાસે સારી નોટબુક, પેન, પેન્સિલ, રબર, કંપાસપેટી જેવી વસ્તુઓ

જુએ અને પોતે તે ન મેળવી શકતા હોય તો આવી વસ્તુઓની ચોરી કરી સંતોષવાં પ્રયત્નો કરતાં હોય છે.

- કયારેક બાળકો સાહસવૃત્તિ કે પોતાની હોશિયારી બતાવવામાં આ સમસ્યાઓનો ભોગ બની જાય છે.

**(૨) ઉપાયોઃ**

- બાળકોની સંગ્રહવૃત્તિના ઊર્ધ્વીકરણ માટે ટપાલ ટિકિટો, સારાં ચિત્રો, સિક્કા, આમંત્રણ પત્રિકાઓ, દિવાળીકાર્ડ વગેરેના સંગ્રહની પ્રવૃત્તિ કરાવવી.
- ઘરમાં બાળકોની મૂળભૂત જરૂરિયાતો સંતોષાય તે માટે વાલીસંપર્ક દ્વારા વાલીઓને સમજાવવાં.
- બાળક ખરાબ સોબત કે અસામાજિક તત્ત્વોનો શિકાર બન્યું હોય તો આવા કુસંગમાંથી તેને છોડવવું.
- આ સમસ્યાનાં ભોગ બનેલાં બાળકોને જાહેરમાં ઉતારી ન પાડતાં તેમને વ્યકિતગત પ્રેમથી સમજાવવાં.
- શાળાના ગરીબ વિદ્યાર્થીઓને શાળામાંથી જરૂરી શૈક્ષણિક જરૂરિયાતો પૂર્ણ કરવી. આ માટે સુખી વાલીઓનો સહયોગ લઈ શકાય.
- શાળાનું વાતાવરણ મુકત બનાવવું.
- આ સમસ્યાનાં ભોગ બનેલાં બાળકોનો વ્યકિતઅભ્યાસ હાથ ધરી બાળક ચોરી કરવા કેમ પ્રેરાય છે, તેનાં સાચાં કારણો જાણી, ઉપાયો કરવા. તેમાં વાલીનો સહયોગ પણ મેળવવો.

**૩. શાળાની મિલકતને નુકસાન કરવુંઃ**

**(૧) કારણોઃ**

- બાળકને શાળા પોતીકી લાગતી ન હોય, શાળા પ્રત્યે પ્રેમ ન હોય.
- શાળામાં ભૌતિક સુવિધાઓના અભાવને અસંતોષ હોય.
- શિક્ષકો ચીલાચાલુ પદ્ધતિથી ભણાવતા હોય, જેથી બાળકોને કંટાળો આવતો હોય.
- શાળાશિસ્તના નિયમો કડક હોય. શિક્ષકો બાળકોને શારીરિક શિક્ષા કરતા હોય.
- શાળામાં ધાકધમકીવાળું વાતાવરણ હોય.
- બાળકો અસામાજિક તત્ત્વોના હાથા બન્યા હોય. આપણે ત્યાં હડતાલો, તોફાનો, બંધ વગેરેમાં અસામાજિક તત્ત્વો ભાંગફોડ કરે છે, પરંતુ નામ વિદ્યાર્થીઓનું આવે છે.

**(૨) ઉપાયોઃ**

- શાળાનું વાતાવરણ મુકત અને હૂંફાળું બનાવવું, જેથી વિદ્યાર્થીઓને શાળા પોતીકી લાગે.
- બાળકો પ્રત્યે શિક્ષકો અને સમાજે વધુ કાળજી રાખવી જોઈએ.
- શિક્ષકોએ શિક્ષણકાર્યમાં બાળકોને રસ પડે તે માટે વિવિધ સાધનસામગ્રીનો ઉપયોગ કરવો.
- જો વિદ્યાર્થી અસામાજિક તત્ત્વોમાં ફસાયો હોય તો તેને પ્રેમથી અને વાત્સલ્યભર્યા વ્યવહાર દ્વારા આવી નકારાત્મક વૃત્તિમાંથી ઉગારી લેવા પ્રયત્નો કરવા જોઈએ.
- કયારેક અણસમજમાં બાળકો આ સમસ્યાનો ભોગ બન્યાં હોય તો તેમને પ્રેમથી વારી લેવાં જોઈએ.
- બાળકોના અહમ્‌ને ઠેસ ન પહોંચે એ રીતે આવાં બાળકો સાથે આત્મીયતાભર્યો વ્યવહાર કરવો જોઈએ.
- શાળામાં વિવિધ પ્રવૃત્તિઓમાં આવાં બાળકોને સાંકળી તેમની શકિતનું ઊર્ધ્વીકરણ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

# ૬ કાર્ય-કૌશલ્ય અને પ્રતિબદ્ધતા

એક સામાન્ય માણસને તાલીમથી 'બ્લેક કેટ કમાન્ડો' બનાવી શકાય છે. તાલીમની આ તાકાત છે. પ્રશિક્ષણાર્થી તાલીમને અંતે સક્ષમ, કાર્યકુશળ અને પ્રતિબદ્ધ શિક્ષક બને તે માટે તાલીમ દરમિયાન વિવિધ અનુભવો આપવામાં આવે છે. તાલીમાર્થીને સક્ષમ બનાવવા દસ ક્ષમતા ક્ષેત્રોના સંદર્ભમાં વિકાસ આવકાર્ય છે. આ દરેક ક્ષમતા ક્ષેત્રો આંતરિક રીતે કાર્યકુશળ અને પ્રતિબદ્ધતા સાથે જોડાયેલાં છે. અહીં કાર્ય-કૌશલ્યો અને પ્રતિબદ્ધતાનો પરિચય આપવામાં આવ્યો છે.

## કાર્ય-કૌશલ્ય

**योगः कर्मसु कौशलम् ।** કુશળતાપૂર્વક કરેલ કાર્યને ગીતામાં યોગ કહ્યો છે. શિક્ષકના કાર્યમાં કુશળતા અનિવાર્ય છે. કુશળતાથી કરેલા કાર્યનું પરિણામ શ્રેષ્ઠ આવે છે. સમય અને શકિતનો બચાવ થાય છે.

કુશ નામના ઘાસનાં પર્ણો અત્યંત ધારદાર હોય છે. આ ઘાસ ઉખાડનારનાં આંગળાં વઢાઈ જાય. કેટલાક લોકોને આ ઘાસ ઉખાડવાની ફાવટ હોય છે. યજ્ઞ માટે પોતાને ઈજા ન થાય તે રીતે કુશ નામના ઘાસ લાવનારને 'કુશળ' કહેવામાં આવતો. સમય જતાં આ શબ્દ કોઈ પણ કાર્ય સારી રીતે કરનાર માટે વપરાતો થયો.

૧. વર્ગ કાર્ય-કૌશલ્ય
૨. શાળા કક્ષાનું કાર્ય-કૌશલ્ય
૩. શાળા શિક્ષણ સિવાયની પ્રવૃત્તિનું કાર્ય-કૌશલ્ય
૪. મા-બાપ અને વાલીઓ સાથેના સંબંધો સ્થાપવાનું કાર્ય-કૌશલ્ય
૫. સમાજ સાથેના સંબંધોનું કાર્ય-કૌશલ્ય

દરેક શિક્ષક આ પાંચ પ્રકારના કાર્ય-કૌશલ્યમાં નિષ્ણાત હોવો જોઈએ. હવે આપણે આ દરેક કાર્ય-કૌશલ્યનો પરિચય મેળવીએ.

### ૧. વર્ગ કાર્ય-કૌશલ્યઃ

વર્ગખંડમાં શિક્ષક રાજા છે. શિક્ષક ધારે તો વર્ગને સ્વર્ગ બનાવી શકે. આ માટે તેનામાં કેટલીક કુશળતાની અપેક્ષા રહે છે. શાળા કક્ષાનાં તમામ કાર્યોમાં વર્ગખંડનું કાર્ય સૌથી અગત્યનું છે. વિદ્યાર્થીઓને સંતોષ આપવો તે શિક્ષકની પવિત્ર ફરજ છે. વિદ્યાર્થીઓને વિવિધ ક્ષમતાઓ, કુશળતાઓ અને વલણોના ઘડતર માટે પ્રવૃત્તિઓ અને તેનું માપન કરવાનું કાર્ય-કૌશલ્ય શિક્ષકમાં હોવું જોઈએ. વર્ગવ્યવસ્થા જાળવવાં એ પણ એક કળા છે. પ્રશિક્ષણાર્થીઓમાં આવા અનેક વર્ગખંડનાં કાર્ય-કૌશલ્યના વિકાસ માટે તૈયાર કરવા જરૂરી છે.

પ્રશિક્ષણાર્થીઓમાં ઔપચારિક અને અનૌપચારિક મૂલ્યાંકન કરવું. બ્લ્યુ-પ્રિન્ટની રચના કરવી અને તેના આધારે પ્રશ્નપત્ર તૈયાર કરવું, સિદ્ધિ કસોટીઓ લેવી, નિદાન-ઉપચારનું કાર્ય કરવું, વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓના રાહબર થવું જેવા કાર્ય-કૌશલ્યો ખિલવવા માટે આ બધાં કાર્યો પ્રાયોગિક રીતે કરાવી સઘન અનુભવો પૂરા પાડવા જોઈએ.

**૨. શાળા કક્ષાનું કાર્ય-કૌશલ્યઃ**

શિક્ષકે કેટલાંક કાર્યો શાળા કક્ષાએ કરવાના થાય છે. શાળા કક્ષાએ યોજાતી વિવિધ સ્પર્ધાઓ, ઉત્સવો, પ્રસંગો, રમત-ગમત વગેરે પ્રવૃત્તિઓ શિક્ષણનો એક અગત્યનો ભાગ છે. કુશળ શિક્ષક બાળકોને આવી પ્રવૃત્તિમાં જોડે છે, રસ ઊભો કરે છે અને એ રીતે દરેક પ્રસંગને દીપાવે છે.

તાલીમાર્થીઓના પ્રશિક્ષણ દરમિયાન પણ આવી અનેકવિધ પ્રવૃત્તિઓ યોજવી જોઈએ અને તેનું સંપૂર્ણ આયોજન તેઓને સોંપવું જોઈએ જેથી તેઓમાં શાળા કક્ષાનાં કાર્યોમાં કુશળતા આવે.

**૩. શાળા શિક્ષણ સિવાયની પ્રવૃત્તિનું કાર્ય-કૌશલ્યઃ**

અભ્યાસક્રમ અને સહઅભ્યાસક્રમ પ્રવૃત્તિઓ, ક્ષેત્રીય કાર્ય, સમાજ સંપર્ક, સમાજના સ્રોતોનો ઉપયોગ જેવા અનેક પ્રસંગોએ શાળા બહાર જવું અનિવાર્ય બને છે અને સમાજનો સંપર્ક અને સહકાર મેળવવાનો થાય છે.

શિક્ષકની દુનિયા વર્ગખંડ અને શાળા પૂરતી મર્યાદિત ન બની જવી જોઈએ. પ્રશિક્ષણાર્થીઓને શાળા શિક્ષણ સિવાયની પ્રવૃત્તિ માટેની તકો પૂરી પાડવી જોઈએ જેથી તેઓમાં આ કૌશલ્ય આત્મસાત્ થાય છે.

**૪. મા-બાપ અને વાલીઓ સાથેના સંબંધો સ્થાપવાનું કાર્ય-કૌશલ્યઃ**

વિદ્યાર્થીઓની હાજરી ઉપસ્થિત પ્રશ્નોના નિરાકરણ અને ઉપચારાત્મક કાર્ય વગેરેમાં શિક્ષકનો વાલી સાથેનો સંબંધ ખૂબ ઉપયોગી પૂરવાર થાય છે. થોડો સમય પણ ગેરહાજર રહેતા વિદ્યાર્થીનો શિક્ષક વાલી સંપર્ક કરતા રહે તો 'અપવ્યયનો' પ્રશ્ન ઓછો થાય છે. શિક્ષકોના વાલીઓ સાથેના સંબંધથી પારિવારિક ભાવના ઊભી થાય છે.

પ્રશિક્ષણાર્થીઓને વાલી સંપર્કનો અનુભવ આપવો જોઈએ. આ માટે પ્રાયોગિક કાર્ય પણ કરી શકાય. શાળા કક્ષાએ યોજાતી VEC અને MTA ની મિટિંગ તથા તેનાં કાર્યોની તાલીમાર્થીઓને સમજ આપવી જોઈએ. વિવિધ કસોટીઓના પરિણામની વાલીઓ સાથે ચર્ચા કેવી રીતે કરાય તે પણ શીખવવું જોઈએ.

**૫. સમાજ સાથેના સંબંધોનું કાર્ય-કૌશલ્યઃ**

આવનાર સમયમાં સમાજને કેવા નાગરિકોની જરૂર છે તેને ધ્યાનમાં રાખીને શાળા બાળકોનું ઘડતર કરે છે. શિક્ષણ સમાજથી જેટલું દૂર જાય તેટલું અવાસ્તવિક બનતું જાય છે. શિક્ષણને સમાજનો આધાર મળવો જોઈએ. શિક્ષણના સાર્વત્રીકરણમાં ગ્રામ્ય શિક્ષણ સમિતિ (VEC) અગત્યનો ભાગ ભજવી શકે. આ સમિતિ સાથેના સંબંધોથી શિક્ષકો શાળાનો વિકાસ કરી શકે છે અને જરૂરી મદદનો સ્ત્રોત પણ મેળવી શકે છે.

સતત શિક્ષણ, ઈન્ટર્નશિપ, N.S.S. જેવી પ્રવૃત્તિ દરમિયાન તાલીમાર્થીઓને એવાં કાર્યો સોંપવા જોઈએ કે જેથી તેઓમાં સમાજ સાથેના સંપર્કનું કાર્ય-કૌશલ્ય વિકસે.

## પ્રતિબદ્ધતા

પ્રતિબદ્ધતાઓ એટલે આંતરિક જોડાણથી, સર્વસ્વના ભોગે કાર્ય કરવાની તમન્ના. પોર્ટર પ્રતિબદ્ધતાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે

'સંસ્થાનું સભ્યપદ જાળવી રાખવાની પ્રબળ ઈચ્છા અને સંસ્થાના ધ્યેય પ્રત્યે ક્રિયાશીલતા તથા સંસ્થાના ધ્યેય અને મૂલ્યોના સ્વીકારને કાર્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા માનવામાં આવે છે.'

પી.ટી.સી.નો તાલીમાર્થી તાલીમ દરમિયાન ૧૦ પ્રકારની શૈક્ષણિક ક્ષમતા અને આ ક્ષમતા માટેનાં પાંચ પ્રકારનાં કૌશલ્યો આત્મસાત્ કરે તે અપેક્ષિત છે. આટલું પ્રાપ્ત કર્યા પછી પણ જો તેનામાં પ્રતિબદ્ધતાનો વિકાસ નહિ થાય તો તેમની આવડતનો સમાજને ફાયદો નહિ થાય. આથી તેનામાં પી. ટી. સી. ના અભ્યાસક્રમમાં દર્શાવેલાં નીચે મુજબનાં પાંચ ક્ષેત્રોમાં પ્રતિબદ્ધતા વિકાસ પામવી આવશ્યક બનેઃ

(૧) વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રતિબદ્ધતા
(૨) સમાજ પ્રત્યે પ્રતિબદ્ધતા
(૩) વ્યવસાય પ્રત્યે પ્રતિબદ્ધતા
(૪) ઉત્કૃષ્ટતાની સંપ્રાપ્તિ પ્રત્યે પ્રતિબદ્ધતા
(૫) જીવનનાં મૂળભૂત મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા

**૧. પ્રતિબદ્ધતા ક્ષેત્રનું વિશ્લેષણઃ**

પ્રત્યેક પ્રતિબદ્ધતા ક્ષેત્રનું વિશ્લેષણ કરતા દરેકનાં પેટા ક્ષેત્રો આ પ્રમાણે નક્કી કરી શકાયઃ

**(૧) વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રતિબદ્ધતાઃ**

- વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ
- વિદ્યાર્થીઓની ભૂલો અને તેમની બાળસહજ તોફાન-મસ્તી પ્રત્યે સહિષ્ણુતા
- વિદ્યાર્થીઓની પ્રગતિ અને તેમના વિકાસ પ્રત્યે લગાવ
- વિદ્યાર્થીઓમાં સશક્તિકરણમાં રસ
- વિદ્યાર્થીઓના જીવનની ગુણવત્તા પ્રત્યે કાળજી

**(૨) સમાજ પ્રત્યે પ્રતિબદ્ધતાઃ**

- ધનિક અને ગરીબ, શિક્ષિત અને નિરક્ષર મા-બાપોનાં બાળકો પ્રત્યે સમતાનો ભાવ
- કુરિવાજ, વહેમ અને અંધશ્રદ્ધાથી પીડિત સમાજ પ્રત્યે સહાનુભૂતિ અને સમજાવટપૂર્વકનો વ્યવહાર
- સ્થાનિક સમાજ પ્રત્યે નિષ્ઠા

**(૩) વ્યવસાય પ્રત્યે પ્રતિબદ્ધતાઃ**

- પોતાના શિક્ષક તરીકેના વ્યવસાયનું ગૌરવ
- પોતાની વ્યવસાય સજ્જતા અને પ્રગતિની રચના

**(૪) ઉત્કૃષ્ટતાની સંપ્રાપ્તિ પ્રત્યે પ્રતિબદ્ધતાઃ**

- વિદ્યાર્થીઓનું પરિણામ ઉત્કૃષ્ટ આવે તે માટે જાગૃતિ
- અધ્યયન-અધ્યાપનમાં ઉત્કૃષ્ટ કક્ષાની સંપ્રાપ્તિ
- પોતાનું દરેક કાર્ય ઉત્કૃષ્ટતાની કક્ષાએ કરવાની લગની

**(૫)જીવનનાં મૂળભૂત મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા:**

- સત્ય, પ્રેમ, તટસ્થતા, પ્રામાણિકતા, સમયપાલન, સહકાર વગેરે મૂલ્યોનું આત્મસાતીકરણ

## ૨. પ્રતિબદ્ધતાનો પરિચય:

**(૧)વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રતિબદ્ધતાનો પરિચય:**

વિદ્યાર્થીને અધ્યયન કરતો અને વિકસતો કરવાની પોતાની શકિતની કસોટી પર શિક્ષકની સફળતાનો આધાર છે. અધ્યયન એ એક એવું લક્ષ્ય છે કે જે શાળા કક્ષાએ પાંગરવા માંડે છે અને આજીવન વિકસતું રહે છે. વિદ્યાર્થી બનવું તે આનંદદાયક અને ફળદાયક અનુભવ છે તેવું જયારે વિદ્યાર્થી અનુભવે ત્યારે જ આ શકય બને. તે માત્ર શીખનારને જ આનંદ આપે છે તેવું નથી, પણ શીખનારની કાળજી રાખનાર તેમજ તેને ચાહનાર શિક્ષકને પણ આનંદ આપે છે. શિક્ષકના સલામત હાથમાં રહેવું તે શીખનાર માટે આહ્લાદક અનુભવ છે. બાળકો માટેનું વાત્સલ્ય, તેમનાં બાળસહજ તોફાન-મસ્તી પ્રત્યે તેના શૈક્ષણિક અર્થઘટનના સંદર્ભમાં સહિષ્ણુતા, તેમની પ્રગતિ અને વિકાસ પ્રત્યેની નિષ્ઠા, બાળકોના ગુણવત્તાપૂર્ણ જીવન વિકાસ માટેની કાળજી અને તેમના માનવીય સશકિતકરણ અંગેની નિસ્બતને વિદ્યાર્થી પ્રત્યેની પ્રતિબદ્ધતા કહી શકાય. આવી પ્રતિબદ્ધતા પ્રત્યેક શિક્ષકના કાર્યની અસરકારકતા જરૂર વધારશે.

શૈક્ષણિક મનોવિજ્ઞાન શીખવતી વખતે બાળકો પ્રત્યેના સાચા પ્રેમ અને સહિષ્ણુતાને અનુબંધિત કરવા જોઈએ. શિક્ષકે પોતાના વર્તનનું વિશ્લેષણ કરવું જોઈએ અને આવેગાત્મક વ્યકિતગત અનુભવોને નોંધવા જોઈએ; જેથી તે અંગેના પ્રત્યાઘાતો સમજી શકાય અને તે પરથી પોતાનું વર્તન સુધારી શકાય. પ્રતિબદ્ધતાના ઘડતર માટે સ્વ-વિશ્લેષણ એ મહત્ત્વની પ્રક્રિયા છે. બાળકોની વૃદ્ધિ અને વિકાસ પર શિક્ષકની સહિષ્ણુતા તથા આક્રમકતાની જે અવળી અસર થાય છે, તે પણ તેમણે જાણવી જોઈએ. પોતાન માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે શિક્ષકોએ પ્રયાસો કરવા જોઈએ. અધ્યયનને અસરકારક બનાવવા આ પ્રતિબદ્ધતા શિક્ષકો માટે અત્યંત તાકીદની છે. તેથી પ્રશિક્ષણાર્થીમાં શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ દરમિયાન તે વિકસાવવી જોઈએ.

**(૨)સમાજ પ્રત્યે પ્રતિબદ્ધતાનો પરિચય:**

શિક્ષકોએ એ યાદ રાખવું ઘટે કે તેઓ વ્યકિતગત રીતે તેમજ સામૂહિક રીતે, સ્થાનિક સમાજ માટે જવાબદાર છે. તેઓએ તેની વફાદારીપૂર્વક સેવા કરવી જોઈએ. આ સેવા વિવિધ પ્રકારની હોઈ શકે. ઉદાહરણ તરીકે, ભૂતકાળમાં શિક્ષણનો હક જેમને પ્રાપ્ત થયો નથી તેવા સમાજના વર્ગો પ્રત્યે ખાસ ધ્યાન અને નિષ્ઠા જરૂરી છે. તેવી જ રીતે સમાજના નબળા અને વંચિત વર્ગના વાલીઓનાં બાળકો પણ વિશિષ્ટ કાળજી અને સ્નેહ ઝંખે છે. તેમના ઉત્કૃષ્ટ જ્ઞાન, કૌશલ્યો અને વલણો સમગ્ર સમાજજીવનની ગુણવત્તા સુધારવા માટે વધુ લાભદાયી બનશે.

શિક્ષકની સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા એટલે:

- ગરીબ તથા નિરક્ષર મા-બાપનાં બાળકો માટે સમાનતાની ભાવના વિકસાવવી.
- બાળકોનાં સમૃદ્ધિકરણ માટે મા-બાપને માર્ગદર્શન આપવું.
- શાળા-વિકાસ માટે સમાજને કાર્યાન્વિત કરવા સ્વેચ્છાએ પહેલ કરવી.
- નામાંકન ઝુંબેશમાં સ્વેચ્છાએ સક્રિય ભાગીદારી નોંધાવવી.

સમાજ પ્રત્યે પ્રતિબદ્ધ શિક્ષક સમાજના સભ્યો સાથે ઝડપથી તાદાત્મ્ય સાધશે. એકવાર આટલું સિદ્ધ થાય તો ભૌતિક સગવડોની દષ્ટિએ શાળા માટે સ્રોતો ઊભા કરવા, બાળકોના અધ્યયનને પ્રોત્સાહિત કરવા, માર્ગદર્શન આપવા અને મહત્તમ સ્તરે પહોંચાડવા માટે સમાજને કાર્યાન્વિત કરવામાં કોઈ સમસ્યા રહેશે નહિ. શિક્ષકો જે સમાજની સેવા કરે છે તે સમાજના તેઓ સાચા મિત્રો, તત્ત્વજ્ઞાનીઓ અને માર્ગદર્શકો છે એવી પ્રતીતિ કરશાવશે તો તેમને માન મળશે. સમગ્ર સમાજ માટે શિક્ષકનું વર્તન હકારાત્મક અને સાનુકૂળ હશે તો સમાજ તેની કદર કરશે. સ્થાનિક સમાજ પ્રત્યેની શિક્ષકોની પ્રતિબદ્ધતા ધીમે ધીમે સમગ્ર સમાજ પ્રત્યે વિસ્તરવી જોઈએ. જયારે શિક્ષકો દેશના ઘડવૈયાઓ ગણાય છે, ત્યારે સમાજના સર્વાંગી વિકાસ માટે સર્જનાત્મક અને અર્થપૂર્ણ રીતે તેઓ ફાળો આપી શકે તે હેતુથી પ્રશિક્ષણાર્થીઓમાં આ પ્રતિબદ્ધતાનો વિકાસ થાય તેનું વિશેષ મહત્ત્વ છે.

ટૂંકમાં, પ્રશિક્ષણાર્થીઓએ સ્થાનિક સમાજને સમજવા શાળા અને સમાજ સંબંધી વિવિધ પ્રવૃત્તિઓમાં સ્વેચ્છાએ સહભાગી બનવું પડશે. વિદ્યાર્થી, કુટુંબ, સ્થાનિક સમાજ અને વિશાળ સમાજની પ્રગતિ માટે અને સમૃદ્ધ માનવીય સ્ત્રોત વિકસાવવા માટે પ્રશિક્ષણાર્થીઓએ તેના રોજબરોજના કાર્યોનાં મૂલ્યો આત્મસાત્ કરવા પડશે.

**(૩)વ્યવસાય પ્રત્યે પ્રતિબદ્ધતાનો પરિચય:**

આંતરિક અદમ્ય પ્રેરણા કે વ્યવસાય માટેના પ્રેમને લીધે નહિ; પરંતુ પરિસ્થિતિની વિવશતાને કારણે ઘણા લોકો આ વ્યવસાયમાં જોડાય છે. ખરું જોતાં તેઓ આ વ્યવસાયમાં જોડાયા જ છે ત્યારે તેમણે સ્પષ્ટ સમજી લેવું જોઈએ કે જયાં સુધી તેઓ આ વ્યવસાયમાં છે ત્યાં સુધી તેઓના દ્વારા આ વ્યવસાયનું ગૌરવ અનુભવાવું જોઈએ.

તેમણે એ પણ જાણી લેવું જોઈએ કે આ ખૂબ મોટી જવાબદારીયુકત ઉમદા વ્યવસાય છે. કારણ કે સમાજ પોતાનાં બાળકોને તેમના શિક્ષણ, વિકાસ અને યોગ્ય સામાજીકરણ માટે તેમના હાથમાં સોંપે છે. અધ્યયન પ્રક્રિયાનાં મૂળતત્ત્વો સમજવા – એ શિક્ષક પાસે રાખવામાં આવતી ઘણી અપેક્ષાઓ પૈકીની એક છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનું સશકિતકરણ થાય છે. આ પ્રક્રિયામાં શિક્ષકોની સંપૂર્ણ સામેલગીરી હોવી જરૂરી છે.

શાળા સમય દરમિયાન અને તે પછી પણ નિષ્ઠાવાન શિક્ષકનું મન વિદ્યાર્થીઓના વ્યકિતગત અને સામૂહિક વિકાસ અને તેમના કાર્ય-કૌશલ્યોની સુધારણા અંગે જ રોકાયેલું રહે છે. તેમને સોંપવામાં આવેલા વિદ્યાર્થીઓના માત્ર સર્વાંગી વિકાસ માટે જ તેઓ વિચારે છે તેવું નથી, પણ પોતાના વ્યવાસાયિક વિકાસ અંગે પણ નિષ્ઠાવાન શિક્ષકો ખૂબજ જહેમત ઉઠાવે છે. વ્યવસાયની શ્રેષ્ઠતાને અનુરૂપ વ્યાવસાયિક નીતિ તેઓ અપનાવે છે.

આ સૂચવે છે કે :

- ❖ એકવાર શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમનો સ્વીકાર કર્યા પછી પ્રશિક્ષણાર્થીએ તે કાર્યક્રમની સાથે સંપૂર્ણ તાદાત્મ્ય સાધવું જોઈએ અને શિક્ષક થવાનું ગૌરવ લેવું જોઈએ.
- ❖ પ્રશિક્ષણાર્થીઓએ આ વ્યવસાયની શ્રેષ્ઠતા પરત્વે પ્રતિબદ્ધતા વિકસાવવી કે જે વ્યવસાય ભારતમાં પ્રાચીન કાળમાં શ્રેષ્ઠ હતો અને જેને લીધે આજે પણ ઘણા શિક્ષકોએ પોતાના કાર્ય-કૌશલ્ય અને વર્તનના આધારે ઉચ્ચસ્થાન પ્રાપ્ત કર્યું છે.
- ❖ જયારે જયારે પ્રસંગ ઊભો થાય ત્યારે પ્રશિક્ષણાર્થીઓએ સાથી શિક્ષકો તેમજ અન્ય કેળવણીકારો સાથે સામૂહિક કાર્યમાં તેમના પ્રત્યે યોગ્ય માન સાથે સહપંથીપણું દાખવવું જોઈએ.

આમ, વ્યવસાય પ્રત્યે પ્રતિબદ્ધતા એ શિક્ષક-પ્રશિક્ષણનો અંતર્ગત ભાગ છે. કારણ કે આવી પ્રતિબદ્ધતા કેળવ્યા વિના પ્રશિક્ષણાર્થી સ્વયં શિક્ષકના વ્યવસાયની શ્રેષ્ઠતા અથવા તેની સાચી કાર્ય ભૂમિકા સમજી શકે નહિ.

### (૪) ઉત્કૃષ્ટતાની સંપ્રાપ્તિ પ્રત્યે પ્રતિબદ્ધતાનો પરિચયઃ

વ્યવસાયનિષ્ઠ શિક્ષક માટે સૌથી અગ્રસ્થાને ઉત્કૃષ્ટતાની સંપ્રાપ્તિ છે. પોતાનું દરેક કાર્ય શ્રેષ્ઠ હોવું જોઈએ તેની તેને સતત ખેવના હોય છે. તેમનાં વાણી, વર્તન, જ્ઞાન અને અનુભવ દ્વારા ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટે તેઓ હંમેશાં તૈયાર હોય છે. વધુ સારા શિક્ષક થવા માટેના સતત પ્રયત્નો દ્વારા, સ્વવિકાસ કરવા માટેનાં પ્રયત્નો કરવાં જોઈએ.

### (૫)જીવનનાં મૂળભૂત મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતાનો પરિચયઃ

સાંપ્રત સમયમાં મૂલ્યોના હ્રાસના સંદર્ભમાં શિક્ષકની મૂલ્યનિષ્ઠા મહત્ત્વની છે. મૂલ્યપ્રણાલી હંમેશા રડારની જેમ કાર્ય કરે છે અને તે વ્યકિતએ વ્યકિતએ તેમજ સમાજે ભિન્ન હોવા છતાં, માનવીને અનુસરવા માટેનો માર્ગ દર્શાવે છે. બંધારણમાં દર્શાવેલાં મૂલ્યો ઉપરાંત કેટલાંક જીવન મૂલ્યો છે, જે શિક્ષકના વર્તનમાં તેમજ તેનાં મન, કર્મ અને વાણીમાં પ્રતિબિંબિત થવાં જોઈએ. તેમાં પ્રામાણિકતા, સહકાર, સ્નેહ, સત્ય, અનાત્મલક્ષીપણું, નિયમિતતા, ચોકસાઈ વગેરે પણ સમાવેશ થાય છે.

શિક્ષકનું આદર્શરૂપ આચરણ વિદ્યાર્થીઓના ગ્રહણશીલ મન પર ધારી અસર ઉપજાવી શકે, જેથી વિદ્યાર્થીઓ જાણ્યે-અજાણ્યે ધીમે ધીમે, પોતાના વ્યકિતત્વના અંતર્ગત ભાગ તરીકે આ મૂલ્યોને અપનાવે છે. શિક્ષક-પ્રશિક્ષણ પ્રણાલીએ આવાં 'મૂલ્યો' પરત્વે સજાગ રહીને મૂલ્ય ઘડતરની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પ્રશિક્ષણાર્થીઓમાં આવા મૂલ્યો ખીલવવાં જોઈએ.

# ૭ અધ્યયન-અધ્યાપન પ્રયુકિતઓ

કેળવણીની સમગ્ર પ્રક્રિયામાં ત્રણ પાયાના પ્રશ્નો છેઃ (૧) શા માટે શીખવવું (૨) શું શીખવવું અને (૩) કેવી રીતે શીખવવું. આ પૈકી 'કઈ રીતે શીખવવું' એ વિશે ચર્ચા હાથ ધરીએ એટલે અધ્યાપનની પદ્ધતિઓ (Methods), પ્રવિધિઓ (Techniques), પ્રયુકિતઓ (Devices) અને પ્રવૃત્તિઓ (Activities) વગેરે બાબતે સ્પષ્ટ સમજ મેળવવી પડે. અધ્યાપનના સંદર્ભમાં આપણે તેનો કેવી રીતે અને શો ઉપયોગ કરીએ છીએ તેના આધાર પર પદ્ધતિ, પ્રવિધિ અને પ્રયુકિત વચ્ચેનો ભેદ દર્શાવી શકાય છે.

### ૧. અધ્યાપન પદ્ધતિઓઃ

શિક્ષક વર્ગખંડમાં જઈ જ્ઞાનનું પોટલું ખોલી દે તેનાથી યોગ્ય અધ્યાપન થતું નથી. કારણ, શિક્ષણ એ હેતુલક્ષી પ્રક્રિયા છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવવાનું હોય છે. આવું અપેક્ષા પ્રમાણેનું પરિવર્તન લાવવા જે કંઈ શીખવવાનું છે તે વિષયવસ્તુને વિદ્યાર્થીઓ સમક્ષ મૂકવાની સુગ્રંથિત, વ્યવસ્થિત, વિશાળ ફલક ઉપરની એક અધ્યાપન અનુભવો પૂરા પાડવાની જે મુખ્ય કાર્યયોજના વિચારાય છે તેને અધ્યાપન પદ્ધતિ કહેવામાં આવે છે.

પ્રવચન પદ્ધતિ, જૂથચર્ચા પદ્ધતિ, નિદર્શન પદ્ધતિ, નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ, પ્રોજેકટ પદ્ધતિ, સમસ્યા-ઉકેલ પદ્ધતિ વગેરે અધ્યાપન પદ્ધતિઓનાં ઉદાહરણ છે. અધ્યાપન કાર્યમાં 'પદ્ધતિ' એ મુખ્ય છે. પદ્ધતિને સમર્થન કરવા અને અસરકારક બનાવવા પ્રવિધિઓ અને પ્રયુકિતઓની મદદ લેવાય છે.

### ૨. અધ્યાપન પ્રવિધિઓઃ

અધ્યાપન દરમિયાન કલાત્મક રીતે શિક્ષણકાર્ય થાય અને અપેક્ષિત પરિણામ લાવવા માટે જે-તે પદ્ધતિના ઉપયોગની ક્ષમતા વિકસે તે માટે જે-તે પદ્ધતિના સમર્થનમાં શિક્ષક જે વિવિધ વિધિઓ કે રીતો પ્રયોજે છે તેને અધ્યાપન પ્રવિધિઓ કહેવામાં આવે છે.

પ્રવિધિ માટે અંગ્રેજીમાં Technique શબ્દ પ્રયોજાય છે. જેનો અર્થઃ Particular method of doing somthing especially in arts of sciences. એટલે કે ખાસ કરીને કલા અને વિજ્ઞાનમાં કંઈક કાર્ય કરવાની ચોક્કસ પદ્ધતિ. પ્રવિધિ એટલે કલાત્મક વસ્તુનિર્માણ કરવાની રીત, કલા-કૌશલ્ય, પ્રક્રિયા, તંત્ર, શિક્ષણની તમામ તાંત્રિક બાબતોનો સમાવેશ અધ્યાપન પ્રવિધિમાં જ થાય છે. આ પ્રવિધિઓ અધ્યાપન કાર્યને વધુ સરળ, વધુ અર્થપૂર્ણ અને વધુ ઉપયોગી બનાવવાની દિશામાં અસરકારક ભૂમિકા ભજવે છે. પ્રવિધિ અને નિશ્ચિત, શ્રેણીબદ્ધ સોપાનો સાથે વિકાસ કરે છે. તાસ દરમિયાન કોઈ ચોકકસ મુદ્દાના અધ્યાપન વખતે અધ્યાપન પદ્ધતિના સંદર્ભમાં અથવા તેના ભાગરૂપે થોડા સમય માટે પ્રવિધિ પ્રયોજાતી હોય છે.

કથન, વર્ણન, પશ્નોત્તર, પ્રદર્શન, મુલાકાત વગેરે અધ્યાપન પ્રવિધિનાં ઉદાહરણ છે. કોઈ મુદ્દાના ખાસ સ્પષ્ટીકરણ માટે એજયુકેશનલ ટેક્નોલોજી કે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ એ પણ અધ્યાપન પ્રવિધિ જ છે.

### ૩. અધ્યાપન પ્રયુકિતઓઃ

પ્રયુકિત માટે અંગ્રેજી શબ્દ Device છે જેનો અર્થ : scheme, trick, a skillful contrivance એટલે કે યુકિત, હિકમત, કળા, વ્યૂહ, દાવપેચ વગેરે.

શિક્ષણની યુકિત-પ્રયુકિતઓ એ શિક્ષણ પદ્ધતિઓનો જ એક અંતર્ગત ભાગ છે. યુકિત-પ્રયુકિતઓનું અધ્યયન - અધ્યાપનની પ્રક્રિયામાં ઘણું મહત્ત્વ છે. તે બાળકોને ક્રિયાશીલ રાખે છે અને અધ્યાપનમાં સામેલ કરે છે. પ્રયુકિતઓના ઉપયોગથી શિક્ષણપ્રક્રિયા રસમય, ફળદાયી અને જીવંત બને છે.

શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા માટે, કોઈ સંકલ્પના કે વિચારની સ્પષ્ટતા માટે અથવા અધ્યાપન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સક્રિયતા વધારવા માટે કોઈ ખાસ વ્યૂહ અપનાવવામાં આવે તેને અધ્યાપન પ્રયુકિત કહે છે. પ્રયુકિતઓનો ઉપયોગ થોડા સમય પૂરતો હોય છે, નાનકડા ને નિશ્ચિત ધ્યેય પૂરતો હોય છે અને સામાન્યત: પદ્ધતિ કે પ્રવિધિની સફળતાના ભાગરૂપે હોય છે.

વાર્તાકથન, ગાન, નાટ્યીકરણ, પાત્રઅભિનય, શૈક્ષણિક રમત, પપેટ્રી (કઠપૂતળી વિદ્યા) વગેરે અધ્યાપન પ્રયુકિતઓનાં ઉદાહરણ છે.

## ૪. અધ્યાપન પ્રવૃત્તિઓ:

'પ્રવૃત્તિ' એ ખૂબ જાણીતો શબ્દ છે. પ્રવૃત્તિ એટલે સર્જનાત્મક અભિગમ; પ્રવૃત્તિ એટલે જાત-અનુભવ. વ્યકિતના શરીર અને મન બંને સક્રિય હોય અને તે દ્વારા કોઈ પરિણામપ્રાપ્ત કાર્ય થતું હોય એટલે કે શૈક્ષણિક નીપજ થતી હોય તો તેને અધ્યાપન પ્રવૃત્તિ કહે છે. પ્રવૃત્તિ એ જ્ઞાનગ્રહણનું ઉત્તમ માધ્યમ છે, ઉત્તમ સાધન છે. પ્રવૃત્તિ એ બાળકની જન્મજાત મૂડી છે. અધ્યાપન કાર્ય વખતે બાળકોને ક્રિયાશીલ રાખી ઈન્દ્રિયગમ્ય અધ્યયન અનુભવો પૂરા પાડવા વિવિધ પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જાતજાતના નમૂના બનાવવા, અંક બનાવવા, માટીકામ, ચિત્રકામ, રંગપૂરણી, ચીટકકામ, છાપકામ, ગુણ-લક્ષણ ઓળખ કરાવવાં, અખતરા અનુભવજન્ય પ્રવૃત્તિઓ તરાહની પ્રવૃત્તિઓ વગેરે દ્વારા વિદ્યાર્થીઓ આનંદ મેળવે છે અને કોઈ પણ પ્રકારના ભાર વિના અનેક ગુણો અને શકિતઓ પ્રાપ્ત કરે છે.

પ્રસ્તુત પ્રકરણમાં અધ્યાપનની પદ્ધતિઓ, પ્રવિધિઓ અને પ્રયુકિતઓનું વર્ગીકરણ એક રીતે કરી બતાવ્યું છે. અન્ય રીતે પણ આ વર્ગકરણ કરી શકાય. અધ્યાપન દરમિયાન તેના ઉપયોગના આધારે જે-તે બાબતનું વિભાજન પ્રવૃત્તિ, પ્રવિધિ કે પ્રયુકિતમાં થતું હોય છે. આટલી ભૂમિકા પછી મૂળ વાત ઉપર આવીશું અને હવે આપણે કેટલીક અધ્યાપન પ્રયુકિતઓનાં લક્ષણો અને ઉપયોગિતાની માહિતી મેળવીશું.

### (૧) નાટ્યીકરણ-પાત્રાભિનય પ્રયુકિત:

ભાષા, પર્યાવરણ અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં પાઠવસ્તુના કેટલાક એકમ નાટ્યસ્વરૂપે રજૂ થઈ શકે તેવા હોય છે. તેમના અધ્યાપન દરમિયાન એકમનું નાટ્ય રૂપાંતર કરી, એનાં પાત્રો વર્ગના વિદ્યાર્થીઓને સોંપી એ નાટક સ્વરૂપે ભજવવામાં આવે તો શિક્ષણકાર્ય રસપ્રદ બને છે. ક્યારેક સમગ્ર વિષયવસ્તુને નાટક સ્વરૂપે રજૂ કરાય તેમ ન હોય પણ ચોક્કસ પરિસ્થિતિ હોય કે કોઈ પાત્રનો પરિચય કરાવવાનો હોય ત્યારે પાત્રાભિનય પ્રયુકિતનો ઉપયોગ થાય છે. જોકે બધા જ એકમોમાં નાટ્યીકરણ પ્રયુકિતનો ઉપયોગ શક્ય નથી. વળી, અભિનય માટે વર્ગના બધા જ વિદ્યાર્થીઓને તક મળતી નથી. એકમનું નાટ્ય રૂપાંતર કરવું અને તેની યોગ્ય ભજવણી કરાવવી તે કૌશલ્ય અને પૂર્વતૈયારી માટે સમય ફાળવણી અને આયોજન હોય તો જ આ પ્રયુકિત ફળદાયી બને છે. છતાં આ પ્રયુકિતના યોગ્ય પ્રયોજનથી

- શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા વધે છે, પરસ્પર સહયોગ વધે છે.
- અમૂર્ત ખ્યાલો સ્પષ્ટ બને છે.
- વિષયવસ્તુ સરળતાથી સમજાય છે. જ્ઞાન ચિરંજીવી બને છે.
- આ પ્રયુકિત 'વિષયાભિમુખ' માટે પણ ઉપયોગી છે.
- આ પ્રયુકિત વિદ્યાર્થીકેન્દ્રી પ્રયુકિત છે.

### (૨) વાર્તાકથન:

વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા માટે વાર્તાકથન કરવામાં આવે છે. તો ક્યારેક કેટલાક એકમોને વાર્તાસ્વરૂપે રજૂ કરવામાં આવે છે. કથનમાં વાર્તાનું તત્ત્વ ભળતાં તે રસપ્રદ અને અસરકારક બની જાય છે. ગુજરાતી, પર્યાવરણ, ઈતિહાસ વગેરે જેવા વિષયોમાં કેટલાક એકમ વાર્તાકથનથી રજૂ કરતાં રજૂઆત રસપ્રદ થઈ જાય છે. આ પ્રયુકિત વાપરતાં એટલું યાદ રાખવું કે વિષયવસ્તુ ગૌણ બની જાય અને વાર્તા મહત્ત્વની બની જાય તેવું ન થવું જોઈએ. વાર્તાકથનમાં પ્રવીણતા કેળવી લેવી. શૈલી, હાવભાવ, આરોહ-અવરોહ વગેરેનું પૂરું ધ્યાન રાખવું. વાર્તા રસદાયક અને સ્વાભાવિક લાગવી જોઈએ.

વાર્તાકથન પ્રયુકિતનો યોગ્ય રીતે ઉપયોગ થાય તો

- બાળકોની કલ્પના શકિત વિકસે છે.
- ગમ્મત સાથે જ્ઞાન મળે છે.
- ચારિત્ર્ય ઘડતરલક્ષી મૂલ્યો વિકસે છે.
- જે-તે એકમનું જ્ઞાન ચિરસ્થાયી બને છે.

### (૩) કથન-ચર્ચા:

શિક્ષણના રોજબરોજના વ્યવહારમાં કથન-ચર્ચાનો ઉપયોગ સ્વાભાવિક રીતે થતો જોવા મળે છે. આ પ્રયુકિત વિચારોના આદાન-પ્રદાનની પ્રક્રિયા છે. કોઈ નવી બાબત શીખવવા શિક્ષક કથન કરે છે. કથન સાથે પ્રશ્નોત્તરી દ્વારા ચર્ચા યોજે છે. બાળકો મુકતપણે પોતાના વિચારો આપે છે. શિક્ષકની કથનક્ષમતા જેટલી યોગ્ય તેના પ્રમાણમાં શિક્ષણકાર્ય રસપ્રદ અને આનંદપૂર્ણ બની શકે છે અને વિદ્યાર્થીઓ ચર્ચામાં સહભાગી બની શકે છે.

આ પ્રયુકિત નાનાં બાળકો માટે ખાસ ઉપયોગી નથી પણ વિદ્યાર્થીઓની વયકક્ષા જોઈ તેનો ઉપયોગ કરવાથી

- વિદ્યાર્થીઓમાં કલ્પનાશકિત, તર્કશકિત, નિર્ણયશકિત કેળવાય છે.
- વિદ્યાર્થીઓમાં પ્રશ્ન પૂછવાની, જવાબ આપવાની, વિચારો કે અભિપ્રાયો આપવાની ક્ષમતા કેળવાય છે.
- શિક્ષક-વિદ્યાર્થી અને વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે ચર્ચા થાય છે.
- લાંબો અભ્યાસક્રમ પણ સમયમર્યાદામાં પૂર્ણ કરી શકાય છે.

### (૪) ગાન પ્રયુકિત:

અધ્યાપન પ્રક્રિયા દરમિયાન કાવ્ય, ગીત, ભજન, પદ, જોડકણાં વગેરેનું ગાન કરી સંભળાવવામાં આવે તેને ગાન પ્રયુકિત કહે છે. સ્વર અને લય સાથે તાલબદ્ધ ગાન થાય

તો જે-તે એકમની વિગત રસમય બને છે. વળી તેમાં અભિનય ભળે તો વિદ્યાર્થીઓને ખૂબ મજા પડે છે.

- ◈ સમૂહશિક્ષણ માટે અતિ ઉપયોગી પ્રયુકિત છે.
- ◈ શિક્ષણ રસપ્રદ બનાવી શકાય છે.
- ◈ વિષયવસ્તુની સમજ સ્પષ્ટ બને છે.
- ◈ કાવ્યશિક્ષણમાં વિશેષ ઉપયોગી છે.
- ◈ સ્મૃતિશકિત વિકસે છે, જ્ઞાન ચિરંજીવ બને છે.

**(૫) નિદર્શન પ્રયુકિતઃ**

વર્ગકરણ દરમિયાન વિદ્યાર્થીઓ માત્ર સાંભળે તેના કરતાં તેઓ જુએ તો તેમને વધારે સમય સુધી યાદ રહે છે. નિદર્શન એટલે દર્શાવવું-બતાવવું. શિક્ષક વિદ્યાર્થીઓને પ્રયોગો, નકશા, ચાર્ટ વગેરે બતાવે. આ પ્રયુકિતને નિદર્શન પ્રયુકિત કહે છે.

અહી વિદ્યાર્થીઓ અવલોકન કરે છે અને તારણો નોંધે છે. નિદર્શન માટે સાધન-સામગ્રીની જરૂર રહે છે. પૂરતાં સાધનો વગર નિદર્શન શકય લાગતું નથી. જો યોગ્ય રીતે આ પ્રયુકિતનો ઉપયોગ થાય તો -

- ◈ વિષયવસ્તુની સંકલ્પનાઓ સ્પષ્ટ બને છે.
- ◈ પ્રત્યક્ષ જોયેલી બાબત લાંબા સમય સુધી યાદ રહે છે.
- ◈ પ્રયોગલક્ષી અને પ્રવૃત્તિલક્ષી પ્રયુકિત છે.
- ◈ શિક્ષણપ્રક્રિયા અસરકારક, ઝડપી અને ગુણવત્તાયુકત બને છે.
- ◈ બાળકોની કલ્પના શકિત, જિજ્ઞાસા, સર્જનશકિત વગેરે ખીલવી શકાય છે.

**(૬) કઠપૂતળી વિદ્યાઃ**

કઠપૂતળીનો અર્થ કાષ્ઠમાંથી બનાવેલી પૂતળી. કઠપૂતળી એ મનોરંજન આપતી લોકકલા છે. જેમાં અદશ્ય રીતે દોરી સંચાર કરીને નાચતી પૂતળી દ્વારા ખેલ બતાવવામાં આવે છે. આ કળાનો શિક્ષણમાં ઉપયોગ કરવામાં આવે છે. જે દશ્ય-શ્રાવ્ય અનુભવો પૂરી પાડતી પ્રયુકિત બને છે. વિષયવસ્તુના કેટલાક એકમોને કઠપૂતળીના માધ્યમથી અભિનય અને સંગીત સાથે રજૂ કરવાથી શિક્ષણ જીવંત અને રસપ્રદ બને છે. આ માટે શિક્ષક પાસે કઠપૂતળી સંચાલનની આવડત હોવી જોઈએ. કયારેક શિક્ષણ કરતાં મનોરંજન તરફ ઢળી જવાય છે. જો આવું ન થાય અને પૂરતી કાળજી લેવામાં આવ તો -

- ◈ વિદ્યાર્થીઓનાં મન પર વિષયવસ્તુની અસરકારકતા સહિત કાયમી છાપ ઊભી થાય છે.
- ◈ વાસ્તવિક પરિસ્થિતિને પ્રતિબિંબિત કરી શકાય છે.
- ◈ સમૂહનું શિક્ષણ થાય છે.

**(૭) રમત દ્વારા શિક્ષણઃ**

એવી કેટલીક રમતો છે જે શિક્ષણના કેટલાક મુદ્દાઓ સાથે સાંકળી શકાય છે. આવી શૈક્ષણિક રમતો વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપવાનું કામ કરે છે. આ પ્રયુકિતથી વિષયશિક્ષણ ઉપરાંત બુદ્ધિ, તર્ક, કલ્પના, વિચારની ચતુરાઈ જેવાં કૌશલ્યો વિકસે છે.

- ◈ વિદ્યાર્થીઓ રમત કે ક્રિયા દ્વારા આનંદ મેળવે છે.
- ◈ સ્વાનુભાવ મેળવી વિવિધ જાણકારી મેળવે છે.
- ◈ જે કાંઈ શીખે તે આનંદ સાથે શીખે છે.
- ◈ શિક્ષણનું વિષયવસ્તુ સહજતાથી યાદ રહે છે.
- ◈ કેટલાંક જીવનલક્ષી મૂલ્યોનું ઘડતર થાય છે.

## ૫. અધ્યયન પ્રયુકિતઓઃ

ઉપરની ચર્ચામાં આપણે અધ્યયનની કેટલીક પ્રયુકિતઓની સમજ મેળવી. આ સિવાય અધ્યાપનની બીજી પણ પ્રયુકિતઓ છે. અધ્યાપન કાર્ય કરનાર પોતાની આગવી રીતે પણ પ્રયુકિતઓ પ્રયોજીને રસપ્રદ, અસકારક શિક્ષણકાર્ય કરી શકે છે.

જેવી રીતે અધ્યાપનની પ્રયુકિતઓ છે તે રીતે અધ્યયનની પણ પ્રયુકિત છે. અધ્યેતા સારી રીતે અધ્યયન કરવા વિવિધ પ્રયુકિતઓની મદદ લે છે. અહી આપણે અધ્યયનની પ્રયુકિત તરીકે ગૃહકાર્ય અને પૂરક વાચનની ચર્ચા કરીશું.

**(૧) ગૃહકાર્યઃ**

અધ્યયનની પ્રયુકિત તરીકે ગૃહકાર્ય મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વિદ્યાર્થી પોતાના ફુરસદના અંગત સમયમાં ગૃહકાર્ય કરે છે. ગૃહકાર્યમાં વિદ્યાર્થી સ્વ-અધ્યયન કરે છે અને મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરે છે. ગૃહકાર્ય આપતી વખતે શિક્ષકોએ કેટલીક કાળજી રાખવી જોઈએ.

- ◈ ગૃહકાર્ય પ્રમાણસર હોવું જોઈએ, કક્ષાનુસાર હોવું જોઈએ.
- ◈ ગૃહકાર્યનો સંબંધ શૈક્ષણિક હેતુઓની પૂર્તિ સાથે હોવો જોઈએ.
- ◈ બાળકો જાતે કરી શકે તેવી કાળજી રખાવી જોઈએ.
- ◈ ગૃહકાર્ય કરવા વિદ્યાર્થીઓને તત્પર કરવા જોઈએ.
- ◈ ગૃહકાર્યમાં વિવિધતા હોવી જોઈએ.
- ◈ શિક્ષાના રૂપમાં ગૃહકાર્ય ન આપવું જોઈએ.
- ◈ ગૃહકાર્ય નિયમિત તપાસવું જોઈએ.
- ◈ ગૃહકાર્ય તપાસ્યા પછી જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવાં જોઈએ.

આ રીતે કાળજી લેવામાં આવે તો તે અભ્યાસ માટે પ્રેરણારૂપ બની જાય છે. જાતે શીખવાની ટેવ પડે તો અધ્યયન તલસ્પર્શ બને છે.

**(૨) પૂરક વાચનઃ**

વિદ્યાર્થીઓ પાઠયપુસ્તક ઉપરાંત પૂરકવાચન કરવા પ્રેરાય તે અત્યંત જરૂરી છે. વિદ્યાર્થીઓમાં વાચન અભિરુચિ કેળવાય તો તેના માટે જ્ઞાનનાં દ્વાર ખૂલી જાય છે. એ રીતે પૂરક વાચન એ અધ્યયનની ઉત્તમ પ્રયુકિત છે. શિક્ષકે વિદ્યાર્થીઓને પૂરક વાચન માટે પ્રેરણા પૂરી પાડવી જોઈએ.

- ◈ શાળાઓમાં વર્ગપુસ્તકાલયો છે તેનો યોગ્ય ઉપયોગ કરવો.
- ◈ પ્રાર્થનાસભામાં પુસ્તક પરિચય કરાવવો.
- ◈ પુસ્તકોની સમીક્ષા કરાવડાવી તેનું વર્ગસમક્ષ વાચન કરાવવું.
- ◈ 'આ તો વાંચવું જ રહ્યું' એવું બુલેટિન બોર્ડ ઉપર મૂકીને તેમાં વાંચવા જેવાં પુસ્તકોની યાદી આપવી.
- ◈ પ્રસંગોચિત પુસ્તક પ્રદર્શન ભરવું.
- ◈ પુસ્તકોનું વાચન કેવું થાય છે તેની માહિતી રાખી સારા વાચકને બિરદાવવા.

આપણે યાદ કે મહાપુરુષોનાં જીવન ઘડતરમાં વાચનનો ઘણો મોટો ફાળો પણ છે. વિદ્યાર્થીઓને શિક્ષણકાળ દરમિયાન જ વિવિધ પ્રકારનાં વાચન તરફ પ્રેરવા જોઈએ, કેમ કે આ તબક્કે જ તેમનામાં વાચન ટેવ ઘડાય છે. શરૂ શરૂમાં પાઠયપુસ્તકને સહાયક એવાં અન્ય પુસ્તકો વાંચવા કહેવું.

એકવાર વાચન પ્રત્યે અભિમુખ થશે તો નાગરિક જીવન દરમિયાન પણ વાચનનો શોખ સચવાઈ રહેશે. જાતે જ્ઞાન મેળવવાની આ ઉત્તમ પ્રયુકિત છે. કહેવાયું છે કે : 'સુવાચનની ટેવ અમૂલ્ય સિદ્ધિ છે. સુવાચન માનવજીવનને ઊર્ધ્વગામી બનાવે છે. જ્ઞાનના સીમાડાને વિસ્તૃત કરે છે. સંસ્કારલક્ષી બનાવે છે. જીવન જીવવાનું ભાથું આપે છે.'

જે પ્રવૃત્તિમાં વિદ્યાર્થી જાતે જોડાય અને એ પ્રવૃત્તિ લાંબો સમય ચાલુ રાખે તો એ પ્રવૃત્તિ એ વિદ્યાર્થીનો રસ કે અભિરુચિ છે. રસની પ્રવૃત્તિ ગમતી પ્રવૃત્તિ છે. જે પ્રવૃત્તિ કરવી ન ગમે, ભારરૂપ લાગે, કંટાળો ઉત્પન્ન કરે તે પ્રવૃતિમાં વ્યકિતને રસ નથી. રસ એ એક મનોવલણ છે. રસ મહદંશે વાતાવરણ જન્ય છે. જો વ્યકિતને રસ પડે તો તે કાર્ય તેના માટે આનંદજનક બને છે. રસના વિવિધ ક્ષેત્રો છે સાહિત્યક્ષેત્ર, સંગીતક્ષેત્ર, વિજ્ઞાનક્ષેત્ર, સમાજ સેવા ક્ષેત્ર, કળાક્ષેત્ર વગેરે. રસ સ્વાભાવિક અને કેળવાયેલો એમ બે પ્રકારના છે. રસ માપવા મનોવૈજ્ઞાનિકોએ રસ શોધીની (Interest Inventory) ની રચના કરી છે. સ્ટ્રોંગની અભિરુચિ સંશોધનિકા, કુડરના પ્રેફરનસ રેકોર્ડ જાણીતી રસ સંકોધનિકાઓ છે. ગુજરાતી ભાષામાં ડો. હરકાન્ત બદામી, ડો.જે.સી. પરીખની રસ સંશોધનિકાઓ જાણીતા છે.

રસ એ ધ્યાનની જનની છે. ધ્યાન ઐચ્છિક અને અનૈચ્છિક એમ બે પ્રકારના છે. ધ્યાન ઉદ્દીપક ઉપર આધારિત છે. રસ, તાલીમ, જરૂરિયાત, મનોવલણ, શારીરિક-માનસિક સ્થિતિ વગેરે ધ્યાન પર અસર કરતાં પરિબળો છે.

ધ્યાનમાં વિક્ષેપ થતા બેધ્યાનપણું આવે છે. શિક્ષકે વર્ગમાં ધ્યાનમાં વિક્ષેપ કરતાં પરિબળો શોધી દૂર કરવા જોઈએ. રસ અને ધ્યાન સંગીન શિક્ષણની પાયાની બાબતો છે.

## ૬. અધ્યયન અને તાલીમ:

અધ્યન એટલે તાલિમ દ્વારા વ્યકિતના વર્તનમાં આવતા ફેરફાર. અધ્યયન એક જટિલ પ્રક્રિયા છે. અધ્યયન સતત ચાલતી પ્રક્રિયા છે. અધ્યયન કઈ રીતે થાય ? આ અંગે મનો વૈજ્ઞાનિકોએ પ્રયોગ કરી કેટલાક સિદ્ધાંતો તારવ્યા છે. આવા સિદ્ધાંતોમાં અભિસંધાન દ્વારા અધયયન, પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયન, આંતરસૂઝ દ્વારા અધયયન, મહત્ત્વના છે.

અભિસંધાન દ્વારા અધયયનમાં પાવલોવનું શાસ્ત્રીય અભિસંધાન જાણીતું છે. રશિયન શરીરશાસ્ત્રી પાવલોવે કૂતરા ઉપર પ્રયોગ કર્યા હતા. કૃત્રિમ ઉદ્દીપક દ્વારા પ્રતિચાર મેળવવાની બાબતને પાવલોવે શાસ્ત્રીય અભિસંધાન ગણી છે. પાવલોવે (1) પ્રબલન (2) સમાન્યીકરણ (3) ભેદબોધન અને (4) વિલોપન છે. પાવલોવના પ્રયોગમાં ખોરાક પ્રબલન હતો. સમાન ઉદ્દીપક પ્રત્યે સમાન પ્રતિચાર એ સામાન્યીકરણ, અલગ-અલગ ઉદ્દીપક પ્રત્યે અલગ અલગ પ્રતિચાર એ વિભેદન, પ્રબલનનાઅભાવે શીખવું મંદ કે શિથિલ બને તે વિલોપન છે.

સ્કીનરે કારક અભિસંધાનનો સિદ્ધાંત આપ્યો છે તેણે તેના પ્રયોગો કબૂતરો ઉપર કર્યા. સ્કીનરના મતાનુસાર પ્રતિચાર માટે ઉદ્દીપક અનિવાર્ય નથી. ઉદ્દીપક ન હોય તો પણ પ્રતિચાર ઉદભવે છે. જો બદલો મળે તો તે વર્તન ફરી થાય.

ઈ.એલ. થોર્નડાઈક પ્રયત્ન અને ભૂલ દ્વારા થતા અધ્યયનના પ્રણેતા હતા. તેણે તેના પ્રયોગો બિલાડી ઉપર કર્યા હતા. જો પ્રયત્નોની સંખ્યા વધે તો ભૂલોની સંખ્યા ઘટે. તે પછી ભૂલ વિના એક જ પ્રયત્ને સફળ પ્રતિચાર મળે. થોર્નડાઈકે અધ્યયનના ત્રણ મુખ્ય નિયમો આપ્યા હતા.

(1) જો વ્યકિત તત્પર હોય તો જ અધ્યયન થાય. બિલાડીને ભૂલ રાખી તેથી તે ખોરાક મેળવવા તત્પર બની.

(2) અસરનો નિમય સુખદ અનુભવો કે સંતોષકારક અનુભવો. S-R નું જોડાણ મજબૂત બનાવે છે. અધ્યયન સારું થાય છે.

(3) પુનરાવર્તનનો નિયમ પુનરાવર્તનના પરિણામે અધ્યયનની પ્રબળતા વધે છે.

આંતરસૂઝ દ્વારા અધ્યયનના પ્રણેતા કોહલર, કાફકા અને વર્ધીમર નામના મનોવૈજ્ઞાનિકો હતા. આંતરસૂઝના પ્રયોગો ચિમ્પાન્ઝી ઉપર કરવામાં આવ્યા હતા. આંતરસૂઝ દ્વારા અધ્યયનમાં પૂર્વાનુભવો, ચોક્કસ કક્ષાનું બૌદ્ધિક સ્તર જરૂરી છે. આંતરસૂઝ દ્વારા અધ્યયન પૂર્વાનુભવોને મહત્ત્વ આપે છે.

## ૭. પ્રત્યાયન:

અધ્યયન ઉપર પ્રેરણા અને પરિપકવન એ બે પરિબળો અસર કરે છે આ ઉપરાંત તત્પરતા, પૂર્વાનુભવો, સહેતુકતા, સક્રિયતા, રસ અને ધ્યાન અને તાજેતરના પણ અસર કરે છે.

પ્રત્યાયન એ વાણી, લખાણ કે સંકેતો દ્વારા થતું આદાન-પ્રદાન છે. પ્રત્યાયનમાં પ્રેષક એટલે સંદેશો મોકલનાર, સંદેશો પ્રાપ્ત કરનાર અને માધ્યમ એ ત્રણ મુખ્ય ઘટકો છે. આ ઉપરાંત સંકેલીકરણ, સંદેશો અને અસંકેલીકરણને પણ તે ઘટકો ઘણી શકાય. વર્ગમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે યોગ્ય પ્રત્યાયન થાય તો અધ્યયન થઈ શકે. શૈક્ષણિક સાધનોનો ઉપયોગ પ્રત્યયાનને અસરકારક બનાવે. સમૂહ માધ્યમો દ્વારા પણ પ્રત્યાયન થાય છે. એક માર્ગી પ્રત્યાયન દ્વિમાર્ગી પ્રત્યાયન, જૂથ પ્રત્યાયન વગેરે પ્રત્યાયનના પ્રકાર છે પ્રત્યાયન પરોક્ષ અને પ્રત્યક્ષ બે રીતે થાય.

## ૮. વ્યકિતત્વ:

વ્યકિત માટે અંગેજીમાં Personality શબ્દ છે જે લેટિન ભાષાના શબ્દ Personaમાંથી બન્યો છે. Persona એટલે મહોરું વ્યકિતત્વ એ જટિલ છે તેથી તેની વ્યાખ્યા આપવી અઘરી છે. ઓલપોર્ટ વ્યકિત્વને વ્યકિતના શારીરિક અને માનસિક લક્ષણોનું અદ્વિતિય સંગઠન છે. એટલે જ એક વ્યકિતના વ્યકિતત્વથી અન્ય વ્યકિતત્વનું વ્યકિતત્વ ભિન્ન છે.

ઓલપોર્ટ દ્વારા અપાયેલ વ્યકિતત્વની વ્યાખ્યા આ મુજબ છે. વ્યકિત એટલે વ્યકિતના મનોશારીરિક તંત્રનું એવું ગતિશીલ સંગઠન છે. કે જે વ્યકિતના પોતાના પર્યાવરણ સાથેનું વિશિષ્ટ અને આગવું સમાયોજન નિર્ણિત કરે છે. શિક્ષણનું કાર્ય વ્યકિતના સુચારું વ્યકિતત્વ ઘડતરનું છે.

સ્વખ્યાલ એટલે વ્યકિતને પોતાના દ્વારા થતી પોતાની ઓળખ. વ્યકિત પોતાની શકિતઓ અને મર્યાદાઓ ઓળખે અને સમજે તો તેની સ્વસંકલ્પના યોગ્ય છે.

વ્યકિતત્વ માપન માટે પ્રશ્નાવલીનો ઉપયોગ થાય છે. કેટલની 16 PF કસોટી (16 Personality Factor) કસોટી જાણીતી છે. આ ઉપરાંત શબ્દ સાહચર્ય, વાકયપૂર્તિ, ધારો કે તે કોણ છે તે વ્યકિતત્વ માપનની પ્રયુકિતઓ છે. વ્યકિતત્વ માપન માટે પ્રક્ષેપણ પ્રયુકિત (Projective Technic) વપરાય છે. TAT એટલે કે (થિમેટિક એપરશ્યશન) ટેસ્ટ જાણીતી છે. બાળકો માટે CAT (ચિલ્ડ્રન એપરશ્યશન ટેસ્ટ) વપરાય છે. રોરશર્ક કે રોશાની શાહીના ડાઘાની કસોટી જાણીતી વ્યકિતત્વ માપન કસોટી છે.

# INSTITUTE OF LANGUAGE TEACHING

## B.Ed. (English) College, RAJKOT

**LOCATION**
Saurashtra Highschool Campus, Near Kotecha Chowk, Kalawad Road, RAJKOT 360001

| TYPE | TIMINGS | FEES |
|---|---|---|
| Grant-in-Aid | Noon | Rs. 3250 |


www.iltrajkot.org

iltrajkot@gmail.com

+91 98985 30007

ILT B.Ed. College, RAJKOT

ILT_RAJKOT

# INSTITUTE OF LANGUAGE TEACHING B.Ed. (English) College, RAJKOT

## METHOD: ENGLISH (Single Method College)

Managed by 120 years old Saurashtra Highschool Trust Institute of Language Teaching is the *Grant-in-Aid* Teacher Education College affiliated to Indian Institute of Teacher Education (IITE). The trust is led by the veteran educationalist Dr. Bhadrayu Vachhrajani Sir.

## :: Vision ::

To empower Language Teachers through quality training on strong foundation of ethical, moral, cultural values and enable them to take head on the dynamic challenges in field of education and pedagogy.

## :: About ILT ::

Institute of Language Teaching B.Ed. (English) College is the only teacher education college of Saurashtra Region preparing English Language Teachers exclusively. The college is ever engaged with dedicated goal towards improving the standard of English language of the students through preparing teachers who would be a composite of...

Language Teaching Expertise, Creative Thinking, Pro-active Attitude, Adaptive Approach, Techno-savvy Skillsets, Compassionate Nature

The one of its own kind Teacher Education College which incorporates various teaching learning methods and approaches hinging upon psychological and philosophical foundation. To name a few...

Flipped Classroom, Blended Learning, Programmed Learning, Learning by Doing, Case Study Method, Debate Discussions etc.

The institute houses arresting amenities like..

Language Lab, Conference Room, Auditorium, Multi-purpose Hall, Library

ILT takes pride in assisting innumerable trainees to secure jobs in GOVERNMENT SCHOOLS

Intake: 50 Trainees Duration: 2 Years (4 Semesters)


## INSTITUTE OF LANGUAGE TEACHING B.Ed. (ENGLISH) COLLEGE

Saurashtra Highschool Campus, Near Kotecha Chowk, Kalawad Road, RAJKOT 360001

www.iltrajkot.org Contact: 9898530007 Principal_148@iite.ac.in

For further Query Call: 97271 80001